# કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

એપ્રિલ ૧૯૬૯ · સળંગ અંક ૫૪૪

તંત્રી · બ. રાવત




'સંગીત'

(શિલ્પ : શંખો ચૌધરી)

એક છેડા ઉપર તોળાઇને સમ ભારથી ઊભેલી આ અ-વાસ્તવિક શિલ્પકૃતિના માત્ર વળાંકોઓમાંથી સંગીતના વાદ્યની ને સંગીતકારના હાથની અદા પ્રકટી ઊઠીને અશ્રાવ્ય શ્રવણ કરાવે છે.

# સાંકળિયું


એપ્રિલ ૧૯૬૯ • અંક ૫૪૪

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક


**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**




**વિભાગો**




**કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ જીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.**


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.



**મોઢેરાનું શિલ્પસૌન્દર્ય** [ફોટોકલાકાર: આર. આર. ભારદ્વાજ]

ગુજરાતનાં સ્થાપત્યોમાં દેલવાડાનું શિલ્પ તો જગવિખ્યાત છે, પરંતુ પ્રશિષ્ટ શૈલીનું સપ્રમાણ શારીરિક સૌન્દર્ય તો મોઢેરાના સૂર્યમંદિરના શિલ્પમાં જ જોવા મળે છે. જાહોજલાલ બારમી સદીના આ ભગ્ન સૂર્યમંદિરનો એકેએક ભાગ ખીચોખીચ શિલ્પથી મંડિત છે. એના સ્તંભોનું આ ફોટોચિત્ર એ શિલ્પના સૌન્દર્ય રજૂ કરવા સાથે ફોટોકલાકારના કસબની સિદ્ધિ પણ વ્યક્ત કરે છે.



હિમાલયની તળેટીમાં આવેલા પહાડી પ્રદેશમાં પાંગરેલી ચિત્રશૈલી પહાડી કલમને નામે ઓળખાય છે ત્યાં બશૌલી, જમ્મુ, ચંબા, કાંગડા ગુલેર નૂરપુર, સુકેત, મંડી, ગઢવાલ, કુલુ આદિ નાનાં નાનાં રાજ્યો-ઠકરાતોમાં ત્યાંના રાજપૂત રાજાઓના આશ્રયે જે નાના વિધ શૈલીઓ ખીલી તે, જે-તે સ્થળના નામથી પ્રસિદ્ધિ પામી. એવાં પ્રથમ કેન્દ્ર તે જમ્મુની પાસે આવેલું બશૌલી. અન્ય સર્વ પહાડી શૈલીઓની જેમ મુઘલ અને રાજસ્થાની શૈલીના સુમેળથી સર્જાએલી એ શૈલીની વિશિષ્ટતામાં મોટી બદામ જેવી આંખો, ઊંચાં કપાળ અને પાછળ ઓળેલા વાળવાળાં દીર્ઘકાય માનવપાત્રો અને પ્રારંભિક રાજસ્થાની શૈલી જેવો લહેજો મુખ્ય છે. તે પછી આવે, અઢારમી સદીમાં યુદ્ધગ્રસ્ત પ્રદેશોમાંથી જમ્મુ અને ગુલેરનાં રાજ્યોમાં આવી વસેલા નિર્વાસિતોમાંના કલાકારોની જમ્મુ ને ગુલેરની શૈલી તેમાં મોટા ભાગે દરબારદશ્યો જ આલેખાયાં છે.

પરંતુ સર્વ શૈલીઓમાં સુંદરતમ ને શ્રેષ્ઠ તે તો કાંગડાના રાજા સંસારચંદના આશ્રયે ખીલેલી કાંગડા શૈલી. લાવણ્ય નીતરતી રેખાઓમાં, મધુર રંગાવલિથી, લલિત નિસર્ગદશ્યોની પશ્ચાદ્ભૂ સાથે આલેખાએલાં એનાં ચિત્રો ભારતીય કલાનાં મોંઘાં રત્નો ગણાય છે. નાજુક નમણી સ્ત્રીઓ (જુઓ બાજુએ) ને સોહામણાં પુરુષપાત્રોવાળાં એનાં ચિત્રોના વિષયોમાં પુરાણ-કથાપ્રસંગો, ગીતગોવિંદ જેવાં પ્રણય કાવ્યો, રાગ-રાગિણીઓ, નાયિકાઓ તેમજ આવાં સંસારજીવનનાં સંખ્યાબંધ સુખમધુર પ્રસંગો પણ આલેખાયા છે.

**નવોઢા**

કાંગડા-ગુલેર શૈલીનું ઈ. ૧૮૦૦નું એક રસચિત્ર

રી પેશવાજ (ચોળી ચણિયો એકસાથે સીવેલાં હોય એવું સમસ્ત અંગ ઢાંકતું લાંબું ઘેરદાર વસ્ત્ર)
: સોનેરી ઓઢણીમાં પતિના ખંડ પ્રતિ દોરાતી નવોઢાના આ ચિત્રમાં, બારણામાં ઊભેલી દાસીએ
રાખેલી મશાલના પ્રકાશથી ચિત્ર-નાયિકાની પાછળ પડતો પડછાયો આલેખીને ચિત્રકારે વાતા-
ગુને સ્પષ્ટ કરવા સાથે એ છાયાની રેખાને જે ઢાળ આપ્યો છે તે દૃષ્ટિને ચિત્રવિષયના કેન્દ્રસ્થળે
વામાં સહાયભૂત થાય છે; એ જ રીતે નતમસ્તક નાયિકાને સખીની ગોદમાં લપાતી આલેખીને
એણે એની લજ્જામાં વધુ મુગ્ધતા ઉમેરી છે.

(શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી · તેમના સૌજન્યથી)



સ્કેચ
પ્રતાપસિંહ જાડેજા

ત્યાં એમના જ એક હિતૈષી નીકળ્યા છે!

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'વાવનું કપિલેશ્વર શિવાલય'એ સુંદર લેખ રસપૂર્વક વાંચ્યો. મેં વાવ પાસેનું એ શિવાલય જોયું છે. ત્યાંના ગ્રામ લોકો તેને 'કપાસીઆના મહાદેવ' કહે છે. 'કપાસીઓ' શબ્દ ગામઠી લાગવાથી કોઇએ કપિલેશ્વર નામ બનાવી લીધું છે. ઘણી વખતે ગામડિયા શબ્દમાં સાચું નામ તથા ભૂતકાળ છુપાઈ ગયો હોય છે. ઉદાહરણ તરીકે સૌરાષ્ટ્રમાં થાનગઢ પાસે તરણેતરનો મેળો ભરાય છે. ગામઠી શબ્દ એ તરણેતર છે, તેનું કોઈએ સંસ્કૃતમાં ત્રિનેત્રેશ્વર બનાવી લીધું છે. પણ ખરી રીતે થાનગઢ પાસે જૂના સમયમાં તરુણાદિત્ય સૂર્યનું મંદિર હતું. આ તરુણાદિત્ય ઉપરથી ગામડિયો શબ્દ તરણેતર આવ્યો છે અને તે સાચો છે; ત્રિનેત્રેશ્વર ખોટો છે. આવું તો 'કપાસીઆ'ના બદલે કપિલેશ્વરમાં બન્યું નથી ને? વિદ્વાનો પ્રકાશ પાડશે તો આનંદ થશે.

(વીરમગામ) —નાથાલાલ માધવજી મંડલી

માર્ચ અંકમાં 'વાવનું કપિલેશ્વર શિવાલય'વાળા લેખમાં ૧૦૯મે પાને ૨૩મી લીટીમાં મેં.ઢેરાના સૂર્યમંદિરની સાલ ઈ.સ. ૨૨૭ છપાએલી છે તેને બદલે ઈ.સ. ૧૨૨૭ જોઇએ.

(રાજકોટ) —દિનકર પી. મહેતા

[* એ મુદ્રણદોષ માટે અમને ખેદ છે.]

શ્રી ચંદ્રવદને આ ઉંમરે (સિત્તેર વર્ષે) પણ નવોઢાની જેમ રિસામણાં-મનામણાંની રમત આદરી? કોઈએ મેણું માર્યું એટલે અંતરમીતનો દરિયો ડોળવા બેઠા; વળી કોઈ એ ચાડી ખાધી એટલે ઊંહું કરતા બિછાનાની કોર ચાવવા માંડયા! થોડીક માયા બાંધી ત્યાં તો લાડી રાણીની જેમ, 'અમે નહિ લખીએ!' (જોકે 'ના'માં 'હા' જ સમાઈ છે, એમ જાણનાર અનુભવી તંત્રીએ છેડે 'ચાલુ' એમ લખી બે ઘડીની રમતનો અણસાર આપ્યો છે જ.) ચંદ્રવદને 'તમે અને હું'ની બાજી વર્ષોથી આદરી છે. ધીરેધીરે હા-ના કરતાં નજીક લાવતા ગયા. હવે અંતરની ગઠરીમાં 'તમે'ને પૂરી, ફરી બેઠા–'અમે નહિ લખીએ!' લખીને કદાચ મોક્ષ નહિ મળે પણ નહિ લખીને મોક્ષ (છુટકારો) તો નથી જ મળવાનો!...

શ્રી યોધ ફિલ્મી ગીતોનું ટાંચણ આપે છે એ ઉપયોગી છે. ઉપરાંત મહિના દરમિયાન નવાં રજૂ થતાં ગીતોમાંથી થોડાંક સારાં નારાગો દર્શાવે તો? પ્રસ્તુત નોંધમાં ગાયકના નામ ઉપરાંત સ્વર બાંધનારનું નામ પણ ઉમેરશો.

(મુલુંદ) —રમેશ શાહ

માર્ચ 'કુમાર'માં ચંદ્રવદનના જવાબ રૂપી લેખ માટે ધન્યવાદ. આપણો ભદ્ર સમાજ આ બાબતમાં ક્યારે સમજશે? આ પ્રકારના લેખો માટે શ્રી ગુલાબદાસ બ્રોકર ઉપર પણ પ્રહારો અને આક્ષેપો થયા હતા. તેમ છતાં તે ચાલુ રાખવા માટે 'કુમાર'ના તંત્રીને અને શ્રી બ્રોકરને ધન્યવાદ.

દરેક દેશનાં શહેરોનાં નામ તે દેશની ભાષામા બોલાય છે તે રીતે લખવાનો 'કુમાર'નો રિવાજ છે, તો જર્મની માટે ડૉઈશલેન્ડ અને જાપાન માટે નીપોન શા માટે નહિ?

(કાંદીવલી) —દિનકર જે. વ્યાસ

[* આપે આપેલાં દૃષ્ટાંતો 'નામફેર'નાં છે. અમે 'પ્રચલિત શબ્દ'ના મૂળ ઉચ્ચારણ માટે આગ્રહી છીએ.]

ફેબ્રુ. અંકમાં 'ઉમર ખય્યામ'ની રૂબાઈયાતો અને શૂન્યભાઈના અનુવાદો માટે 'કુમારે' જે આંગળી ચીંધ્યાનું પુણ્ય મેળવ્યું છે તે જોઈ ધન્યવાદના બે શબ્દ લખવા પ્રેરાયો છું. 'કુમાર'ની આ પ્રણાલિકા જ તેના વાચક વર્ગને આજન્મ બાંધી રહેતી હશે? એ અંકમાં ભાઈશ્રી જલનભાઈનો પત્ર છે તેમાં (હું પણ 'ખય્યામ' પ્રકાશન સમિતિ'નો એક સભ્ય હોઈ) થોડો ખુલાસો કરવાની રજા લઉં. આ રૂબાઈઆતો અમે 'ગીતગઝલ' માસિકમાં પાંચ ભાષામાં આપવાનું શરૂ કરેલું. ત્યારથી જ આ અનુવાદની ૨૫૦ રૂબાઈઆતોનું, સુંદર કાગળો અને સામેના પૃષ્ઠ ઉપર એક સુંદર ચિત્ર સાથે આકર્ષક પુસ્તક પ્રગટ કરવા વિચાર્યું હતું. પણ એ બધું આપવા જઈએ તો છ-આઠ વર્ષ લાગે અને હજારો રૂપિયાનું આંધણ થઈ જાય તેથી એ વિચાર પડતો મૂક્યો અને દશથી બાર ચિત્રો સાથેનો, સારા કાગળ પર છપાએલો અને આંખને આકર્ષક લાગે તેવો સંગ્રહ પ્રગટ કરવાનું છેવટે નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના માટે અમે રૂ. ૧૦૦/– આપનારને પેટ્રન તરીકે મેળવીને ખર્ચની રકમ એકઠી કરવાનો વિચાર કર્યો છે. આમ જોતાં પ્રગટ થયે પુસ્તકની કિંમતે સ્હેજે રૂ. ૯-૧૦ આસપાસની થશે, અને તેથી જ આગોતરા ગ્રાહકોને રૂ. ૫/–ની કિંમતે આપવાનું વિચાર્યું છે. આગોતરા ગ્રાહકો શુભેચ્છાપૂર્વક શ્રી શૂન્યભાઈને યા શ્રી જલનભાઈને, અથવા મને (ઘીવટો પાટણ ઉ. ગુ. એ સરનામે) જણાવે જેથી અમને પૂરતી હૂંફ ને હૈયાધારણ મળી રહે.

(પાટણ) —અનંતરાય ર. વ્યાસ

જાન્યુઆરીના 'કુમાર'માં જ્ઞાનપીઠ-પારિતોષિક સમારોહ નિર્ણાયક સમિતિનાં ચિત્રોમાં બીજે નંબરે બેઠેલા શ્રી લક્ષ્મીચંદ્ર જૈન મને ન્યાયાધીશ શ્રી હિદાયતુલ્લારૂપે દેખાય છે.

(ભાડપર) —નર્મદ વ્યાસ

ફેબ્રુઆરી અંક સાથેની પૂર્તિમાં વિવિધ ઝેરનાં લક્ષણોમાં અફીણનાં લક્ષણમાં કીકી મોટી થવી લખ્યું છે એ ખોટું છે. કીકી ઊલટાની તદ્દન નાની થઈ જાય છે—એટલી નાની કે એને Pin Point Pupils પણ કહે છે. જે મોટી થાય છે તે કોકેન અને ધંતુરામાં.

(સૂરત) —ડૉ. પ્રફુલ્લ વૈદ્ય

માર્ચ '૬૯ના અંકમાં 'સાત સમંદર પાર' લેખના પહેલા ફકરાની છઠ્ઠી લાઈનમાં ૧૮૫૭ ન જોઈએ?


(આખજ) —પોપટલાલ બારોટ


[* આપની વાત સાચી છે.]

માર્ચ અંકમાં 'માધુકરી'માં આપેલા કાવ્ય નીચે તેના રચયિતાનું નામ આપ્યું નથી. એના રચયિતા સ્વામી વિવેકાનંદ તથા અનુવાદક ગીતા પરીખ છે.

(અમદાવાદ) —ગીતા પરીખ

[* મૂળમાંથી લખી લેતી વખતે કર્તૃત્વની નોંધ લેવાની રહી ગઈ એ નકલ કરનારની ગફલત માટે દિલગીર છીએ.]




# જ્ઞાનતંતુઓ-૨ (કાયાની કરામત-૨૧)

જ્ઞાનતંતુ કોષના મુખ્ય તંતુના રેષા એટલા તો સૂક્ષ્મ છે કે નરી આંખે તો એ ન જ દેખાય એક મિલિમીટરના યે ૧ થી ૨૫ હજારમા ભાગ જેટલા એ પાતળા છે. એના રક્ષણ માટે એના પર (ઉપરની સાદી કરી બતાવેલી આકૃતિ પ્રમાણે) **માયેલિન** નામનું એક મેદમય આવરણ હોય છે. એને લીધે જ્ઞાનતંતુ શ્વેત રંગના લાગે છે. આના ઉપર ન્યૂરિસ્લેમા ને એની યે ઉપર એક બાહ્યઆવરણ હોય છે. છેક અંદરનો મુખ્ય તંતુ જ સક્રિય છે જેમાં થઈને જ્ઞાનનો 'તંતુપ્રવાહ' વહે છે. તેના પરનાં આવરણો આ પ્રવાહને વેડફાઈ જતો અટકાવે છે.


**જ્ઞાનતંત્ર** એટલે મગજ (મોટું અને નાનું) તથા કરોડરજ્જુ. મગજમાંથી ૧૨ અને કરોડરજ્જુમાંથી ૩૧, એમ મુખ્ય જ્ઞાનતંતુઓની કુલ ૪૩ જોડી નીકળીને શાખા-પ્રશાખાઓમાં ફેલાતી સમગ્ર શરીરમાં પ્રસરી રહે છે. શરીરનાં બાહ્ય અને આંતરિક બધાં જ કાર્યો આ જ્ઞાનતંત્રના કાબૂ તળે ચાલે છે. આ ઉપરાંત, રહસ્યમય અને અજબ એવી વિચારશક્તિ, અને વિવિધ લાગણીઓનો સમાવેશ પણ આ કેન્દ્રમાં જ થાય છે.

જ્ઞાનતંતુ કોષોના અનેક મુખ્ય તંતુઓનો જથ્થો તે જ્ઞાનતંતુ. એનો આડછેદ જોઈએ તો આ નીચેની આકૃતિ પ્રમાણે એની રચના દેખાય. એમાં સમાએલા મુખ્ય તંતુઓના ઓછાવત્તા મેદમય આવરણને કારણે તથા એની સંખ્યાના પ્રમાણમાં જ્ઞાનતંતુની જાડાઈ ઓછીવધતી રહે છે. વળી એની, લંબાઈ પણ વધારે-ઓછી હોય છે.



કોઈ પણ જ્ઞાન વિદ્યુતનાં મોજાંની માફક 'પ્રવાહ' રૂપે વહે છે. આવો એક પ્રવાહ પસાર થઈ ગયા પછી જ્ઞાનતંતુનું ઉષ્મામાન વધે છે, એટલે આ ક્રિયામાં કોઈ રાસાયણિક પ્રક્રિયા પણ સંકળાએલી મનાય છે. જ્ઞાનતંતુમાંથી એક સેકંડમાં ૨૦૦૦ જેટલા તંતુપ્રવાહનું વહન થઈ શકે છે. પરંતુ એની આવી કાર્યશક્તિ થોડી વારે મંદ પડે છે. શરીરના ઉષ્મામાનની વધઘટ અને થાકથી પણ આવી મંદતા આવે છે. તંતુઓનાં કદ અને આવરણ પ્રમાણે એક કલાકના ૨૦૦–૨૫૦ માઈલથી માંડી ઓછામાં ઓછા ૬૦ માઈલની ઝડપે આ પ્રવાહ વહી શકે છે. આ રીતે, પાંચ છ ફૂટ ઊંચા માનવશરીરમાં એક સંદેશ એક સેકંડના ૨૦ થી ૨૫મા ભાગમાં નિયતસ્થાને પહોંચી જાય છે જ્ઞાનતંતુ-કોષનો જ્ઞાનવાહક મુખ્યતંતુ ત્રણ-ચાર ફૂટ લાંબો પણ હોય છે.



## અજંટાની ગુફામાં / જશવંત દેસાઈ

• શિખરિણી •

નિહાળી રહોં મૂર્તિ દહિન પડખે સુપ્ત પ્રભુની,
ઉષઃકાલે જેવી અરુણદ્યુતિ આભે પ્રગટતી;
અહો! સંધ્યાકાલે પણ જીવનના એ જ કિરણ
તણી જાણે આભા! વદન પરિનિર્વાણની સુદા
છવાઈ છે; ને જે જીવનભર આકંઠ પ્રભુની
રહ્યા ઝીલી વર્ષા—પરમ ઋત સંજીવની સુધા—
નીચે બેઠા ઢાળી ગમગીન મુખો, ઊર્ધ્વ ગગને
વધાવે ગંધર્વો અતિથિ પ્રભુના આગમનને!
અહો! આ તે કેવું પલટતું બધું! તેજકિરણ
જતું વીંધી અંતઃસ્તલ મુજ રીઢું. જન્મ થકી કૈં
વસાએલા ખંડે ઊઘડી જતી કો બારી, ક્ષણમાં
ઊંડાં અંધારાં સૌ ઝળહળ થતાં તેજરૂપમાં!
નથી સામે મૂર્તિ દહિન પડખે સુપ્ત પ્રભુની.
સૂતો છું હું, શાંતિ લહી પરમ નિર્વાણસુદની.

## પરોઢ / હસિત બૂચ

• ગાન •

કો'ક કિરણ-અણસાર દૂરથી
સરે-ઝરે હલહલે,
અંધકારનું પદ્મ સુકોમલ હલે.
અરધખૂલી પાંખડીએ ફૂટ્યો
રંગ ઊડતો તરે;
માંહ્ય હર્યો પરિમલ આછેરો
મૃદુ મધુપગલે ફરે.
પૂનમરાતે રહ્યું સ્વપ્ન, એ
આજ કલેવર ધરે;
શબ્દ રચ્યો જે મૌન શિખર, તે
ગૂઢ હવે અવતરે.
જળ સૂતાં પળ જોઈ શકુનની
મલક-મલક સળવળે;
પદ્મનું અંતરતમ ઝળહળે.

## સમયની કૂંપળ / માધવ રામાનુજ

• કટાવ •

સમયની કૂંપળ ખરતી રહી પળેપળ.
તમે એક દિ' સાંજ હતાં ને આથમતી વેળાનો હું સૂરજ.
બેપોની ખરલ ઘૂંટતી થાક.
અચાનક હણહણતા ઘોડાની ઢળતી કેશવાળીએ
વળગેલાં આંસુની છૂટી ગાંઠ.
આપણે અંધકારના દરિયે તરણું રહ્યાં શોધતાં.
અજવાળાને વળી ન કેમે કળ!
સમયની કૂંપળ ખરતી રહી પળેપળ.

તમે એક દિ' વનરાવનમાં
હળવીફૂલ હવામાં વહેતાં વાંસળીએ પુરાઈ ગયાં'તાં;
રવરવતો રવ બની રઝળતો સાદ પાડતો
તમને શોધી રહ્યો હતો હું.
કદંબની ડાળીનો ઊનો એક પડ્યો નિઃશ્વાસ.
ખળળતાં જમનાજળમાં
વસ્ત્રવિહોણી છાયાનું વલવલવા લાગ્યું અંગ.
કિનારો ધીરેધીરે પીવા લાગ્યો જળ!
સમયની કૂંપળ ખરતી રહી પળેપળ.

તમે એક દિ' મંગળ ગાતી ચૉરીમાં
છેડાછેડીની ગાંઠ બાંધતી સહિયરની
ભીની આંખે દેખાય એટલું ઝાંખુંઝાંખું રૂપ હતાં;
હું અગ્નિની સાખે લંબાવી મીંઢળબંધો હાથ
અડોઅડ ઢાળેલા બાજોઠે બેસી
પાંપણને ખોબે ખોબે તમને પીતો'તો.
ભીતર છલકછલકતો કેફ.

અચાનક રોમરોમ સળવળતા કંપે
આંખ ઊઘડી,
દીવાના બુઝાઈ જતા તેજે શંચ્યાનો હસી રહ્યો અવકાશ!
આંખમાં ઊગેલું પડતર ખેતર
ખોતરવા લાગ્યાં હળ!
સમયની કૂંપળ ખરતી રહી પળેપળ.

જીવનદર્શન • ૨૨

## વિરાટ દર્શન

ફાધર વાલેસ

અનેકમાં એક જોવું એ દ્રષ્ટાનું લક્ષણ છે. વિવિધતામાં એકતા સાધવી એ જીવનની કલા છે. જુદાંજુદાં નામરૂપની અંદર એક જ તત્ત્વ પારખવું એ જ્ઞાનની સિદ્ધિ છે.

વિવિધતામાં અંધેર છે, અરાજકતા છે. એકતામાં શાંતિ છે, પૂર્ણતા છે, સાર્થકતા છે.

આકાશમાં તારા ને ગ્રહોની જુદીજુદી ગતિઓ જોઈને માણસ વિસ્મય ને મૂંઝવણ અનુભવે છે; પણ એ બધી ગતિઓની પાછળ એક જ નિયમ છે, એક જ સિદ્ધાંત છે, એ જ્યારે ખગોળવેત્તા એને સમજાવે ત્યારે કેટલો આનંદ થાય છે! સૃષ્ટિમાં અસંખ્ય પદાર્થો જોઈને માણસ અકળાય છે, પણ રસાયણશાસ્ત્રી આવીને એને બતાવે કે એ બધા પદાર્થો થોડાં જ મૂળ તત્ત્વોના મિશ્રણથી પેદા થાય છે ત્યારે કેટલો સંતોષ થાય છે! ગણિતની જુદીજુદી શાખાઓની સંકુલતા જોઈને ગણિતાર્થી હતાશ થાય છે, પણ એ બધી શાખાઓની પાછળ એક જ માળખાની રૂપરેખાઓ એને દેખાય ત્યારે કેટલી સરળતા થાય છે!

અને જીવનમાં પણ જુદીજુદી શાખાઓ, ને પદાર્થો, ને ગતિઓ જોઈને માણસ મૂંઝાય છે; સુખ ને દુઃખ, જન્મ ને મરણ, પ્રેમ ને તિરસ્કાર જોઇને એ અકળાય છે, હેબતાય છે; પણ એ વિવિધતા ને સંઘર્ષણના મેળામાં પણ જ્યારે એને ઊંડેઊંડે એક જ માળખું દેખાય, એક જ નિયમ દેખાય, એક જ તત્ત્વ દેખાય ત્યારે એ પરમ ધન્યતા અનુભવે.

પણ એકતાની એ સાધના સહેલી નથી.

વિદ્યાર્થીનું તપ જોઈએ, પંડિતનું જ્ઞાન જોઈએ, ખગોળશાસ્ત્રીની દૃષ્ટિ જોઇએ અને ભક્તનું હૃદય જોઈએ. ભગવાનનો સ્પર્શ બધે જ છે, પણ ફક્ત ભક્તની સંવાહિતા જ એ ઝીલે છે. મુરલીધરના સ્વર તો આખા વૃંદાવનમાં ફેલાય છે, પણ ફક્ત રાધિકા જ એ પારખે છે.

જડ સૃષ્ટિ જડ નથી, કેમ કે એમાં પ્રભુનો વાસ છે. તેની આજ્ઞાથી એ અસ્તિત્વમાં આવી છે, તેના બળથી એ ટકી રહે છે, તેના ઈશારાથી એ શૂન્યમાં ઓગળી જશે. અને એ સૃષ્ટિ તેના માલિકનો પરિચય પણ આપે છે. ગિરિરાજ એનું સામર્થ્ય બતાવે છે, ફૂલ એની કોમળતા દર્શાવે છે, ઝરણું એનો આનંદ લલકારે છે, મહાસાગર એની ગહનતા વર્ણવે છે. આવી સૃષ્ટિનું વાહન લઈને ઈશ્વર મનુષ્યના સામીપ્યમાં આવી જાય છે. તડકો એનો સ્પર્શ છે, વરસાદ એનો આશીર્વાદ છે, રજની એનું આલિંગન છે. એ પાસે છે, નજીક છે, રોમેરોમમાં છે. સુખમાં એનો પ્રેમ, દુઃખમાં એનો કોપ; જન્મમાં એનું સ્મિત, મરણમાં એનું રુદન; લહરીમાં એનું આમંત્રણ, આંધીમાં એનું આહ્‌વાન. બધે જ એનો સંદેશ, એનું સાન્નિધ્ય, એનાં સહસ્ર સ્વરૂપ: સૌમ્ય કે રુદ્ર, સર્જનનાં કે સંહારનાં, આશ્વાસનનાં કે પડકારનાં. બધે એ જ. સૌમાં એક. સો નદીઓમાં એક જળ. સો ફૂલોમાં એક સુગંધ. સો તારકોમાં એક તેજ. એ સુગન્ધ, એ જળ...તે એ જ છે.

ને હવે મનમાં બીજો ચમત્કાર થાય છે. તે બધે છે એટલે મારામાં પણ છે. તે સૃષ્ટિમાં છે એટલે મારા અંતરમાં પણ છે. આંખ ખૂલે છે, પડદો ઊઘડે છે, ઓળખાણ પડે છે. તે એ જ પ્રકાશ, એ જ સુગન્ધ, એ જ બળ. બ્રહ્માંડમાં એને જોયો હતો; હવે મારી અંદર જ એનો ભેટો થાય છે. બહાર એનાં પગલાં સાંભળ્યાં હતાં; હવે મારા હૃદયમંદિરમાં એનાં દર્શન થાય છે. સૃષ્ટિના વનમાં એના સૂર પારખ્યા હતા; હવે મનના ગર્ભદ્વારમાં એનો સાક્ષાત્કાર થાય છે. તે એ જ છે; અંદર અને બહાર, નજીક ને દૂર, ભીડમાં ને એકાંતમાં. હવે મારામાં પણ હિમાલયનું સામર્થ્ય છે ને ફૂલની કોમળતા છે, ઝરણનો આનંદ છે ને સાગરની ગહનતા છે, કારણ કે મારામાં એ જ છે. સૌ હરિરૂપ છે, હું પણ. અને એ સૌથી કપરી શોધ છે. બીજાઓમાં હરિને દેખવો એ સુસાધ્ય છે; મારામાં હરિને દેખવો—અને દેખાડવો—એ આકરી સાધના છે.

મારી શક્તિ એની છે તો હવે મારે એનો કેવો ઉપયોગ કરવો? મારું મન એનું છે તો એમાં કેવા વિચારો શોભે? મારું હૃદય એનું છે તો એમાં કોને સ્થાન આપવું? મારા હાથપગ એના જ છે તો રોજ એનો ખયાલ રાખી રાખીને મારે કેવું વર્તન રાખવું? એ દિવ્ય જવાબદારીનું ભાન થતાં કવિવર ટાગોરે એક અદ્‌ભુત કાવ્ય રચ્યું હતું:

'હે જીવનના જીવન! હું મારું શરીર પવિત્ર રાખવા યત્ન કરીશ, કારણ કે હું જાણું છું કે એના રોમરોમમાં તારો સ્પર્શ છે.

મારા મનમાંથી ને વિચારમાંથી હરેક અસત્યને હું દૂર રાખીશ, કારણ કે હું જાણું છું કે મારા મનના બુદ્ધિદીપને પ્રકાશ તું આપી રહેલ છે. મારા અંતઃકરણમાંથી હું દરેક પ્રકારના અસતને બહાર કાઢવા યત્ન કરતો રહીશ, કારણ કે અંતઃકરણના ગુપ્તતમ મંદિરમાં તું બેઠો છે, એ હું જાણું છું.

અને મારાં કાર્યોમાં પણ હું તને જ પ્રગટ કરતો રહીશ, કારણ કે હું જાણું છું કે મારામાં જે કાંઈ શક્તિ છે, તે તારી છે.'

ભારે જવાબદારી છે; પણ ભારે પ્રેરણા છે. સત્યને વળગી રહેવાનું છે; પણ સત્યનો અવતાર પાસે બેઠો છે. બુદ્ધિનો દીપ જલાવવો છે; પણ હાથમાં સૂર્યનો તણખો આવ્યો છે. દેહ પવિત્ર રાખવાનો છે; પણ પવિત્રતાનો સ્રોત અંદરથી સ્ફુરે છે. અંગેઅંગમાં એ શીતળ સ્પર્શનો અનુભવ છે, પછી વાસનાને સ્થાન કેમ હોય? અણુએ અણુમાં એ તેજનાં કિરણો પ્રસરે છે, પછી અંધકારને અવકાશ કેમ મળે? રગેરગમાં એ દિવ્ય ચેતનાનો સંચાર થાય, પછી જડતાનો ભાર કેમ રહે? જે શક્તિએ સૃષ્ટિનું સર્જન કર્યું છે તે મારામાં છે. બહાર જોઈ હતી તે હવે અંદર અનુભવું છું. દૂરથી નિહાળી હતી તે હવે ઉરમાં સ્પર્શું છું એકતાનો ચમત્કાર છે. અદ્વૈતનો પ્રભાવ છે.

એ દૃષ્ટિમાં મંગલ છે, જ્ઞાન છે, બ્રહ્માનંદ છે. એમાંથી સમભાવ, સંતોષ, શાંતિ ઉદ્‌ભવે. એક જ તાંતણે આખી સૃષ્ટિ બંધાય. એક જ સૂત્રે આખું વિશ્વ ઉકેલાય. માણસને આખરે પોતાનું સ્થાન જડયું છે, પોતાનું કુલ મળ્યું છે. એને માટે હવે દુનિયા એ ભાડાનું મકાન નહિ, વારસાનું ઘર છે; બ્રહ્માંડ એ પારકો દેશ નહિ, વતન છે; કુદરત એ સાવકી મા નહિ, જનેતા છે. બધે જ એ નાગરિક છે, કુટુંબી છે, પ્રિયજન છે.

એકતામાં આનંદ છે. પરમ એકતામાં પરમ આનંદ છે. સૌમાં એક અને એકમાં સૌ જોવામાં બ્રહ્માનંદ છે.

બીજાના હોઠ પર સ્મિત જોઉં ત્યારે મારા હોઠ પર તે આપોઆપ આવે છે. મારા હોઠ ઉપર સ્મિત આવે છે ત્યારે મારી આસપાસ ઊભેલા બધાના હોઠ પર પણ સ્મિત ખીલતાં જોઉં છું. અને ખયાલ આવે છે સૌનાં દિલમાં એક ભાવ હતો. એટલે સ્મિત સ્મિતને ખિલાવે. આનંદ આનંદને મળે. ભાઈ ભાઈને ઓળખે. એકતા જામે. ને આખી દુનિયા હસે.

પ્રેમનો અર્થ પણ એ જ છે. પ્રથમ ક્ષોભ, સંકોચ, મર્યાદા. પછી નજીક આવતાં દિલ ડોકિયું કરે, આત્માને મળે, બેમાં એક જ જીવ છે એની પ્રતીતિ થાય. અદ્વૈત જામે અને દુનિયા ઉત્સવ ઊજવે.

એક એકને મળે, દિલ દિલને સ્પર્શે, જીવ જીવને ઓળખે. 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'. સૌમાં બ્રહ્મ છે; પણ ગુપ્ત છે, છૂપે વેશે છે, જૂજવે રૂપે છે. માટે માણસને સૃષ્ટિને મળતાં (અને એમાંય સામા માણસને મળતાં) ક્ષોભ લાગે, સંકોચ લાગે. પણ ધીરે ધીરે એ અસલ તત્ત્વ ડોકિયું કરે છે. પોતાનામાં પણ અને બીજાઓમાં પણ. ને લટકાં શરૂ થાય છે. પ્રેમનાં લટકાં. માણસ ને માણસ વચ્ચે. બ્રહ્મનાં બ્રહ્મની પાસે. માયાનો ખેલ છે. માયા એ મમતા છે, લીલાની ક્રીડા છે. પણ લીલા એ સર્જક શક્તિ છે ને મમતા એ સર્જનનો સંયોગ ને પ્રેમ છે. પ્રેમનાં લટકાં. ભક્તિનો ઊભરો. જે મારામાં છે તે એનામાં પણ છે. મારામાં એ પ્રેમનું સ્પંદન જગાવે છે, ને એનામાં એ ઝીલે છે. મારી પાસે એ સેવા કરાવે છે, તેની પાસે એ સ્વીકારાવે છે. મારા હાથ એની તરફ લંબાવે છે, તેનો હાથ મારી તરફ લંબાવે છે, ને બે હાથ મળે છે. નમસ્કારમાં મળે છે, અંજલિમાં મળે છે, મારામાં ને એનામાં રહેલા પરમ તત્ત્વની પૂજામાં મળે છે. ને એકતાના સાક્ષાત્કારમાં જીવન ધન્ય થાય.

સાધનાનો આ સાર છે. વિરાટ દર્શન છે. પણ એ દર્શન દુઃસાધ્ય છે. અર્જુન જેટલી એકનિષ્ઠ ભક્તિ હોય તો જ એનું વરદાન મળે. તો યે એનો થોડો અંશ, થોડી ઝાંખી પણ આખું જીવન પાવન બનાવવા સમર્થ છે. સૃષ્ટિમાં ઇશ્વરને જોઉં એટલે પ્રેરણા પામું. સંસારમાં જોઉં એટલે હિંમત મેળવું. માનવબંધુઓમાં જોઉં એટલે બધા ઉપર પ્રેમ કરતો થાઉં, અને મારામાં ઈશ્વરને જોઉં, મારા દેહમાં ને મારા મનમાં ને મારા હૃદયમાં એને સતત જોઉં એટલે મારા વિચારો ને મારી કલ્પનાઓ, મારા સંકલ્પો ને મારી વૃત્તિઓ, મારી વાણી ને મારું વર્તન એ દિવ્ય પરોણાને છાજે એવાં આપોઆપ થઈ જાય, થતાં જશે...

બધું એકમાં લાવવાથી બધાનો ઉદ્ધાર થશે. એકતામાં આનંદ છે, સાધના છે, પૂર્ણતા છે. વિરાટ દર્શન એ સાચું જીવનદર્શન છે.

**ફાધર વાલેસની આ લેખમાળા અહીં પૂરી થાય છે. આવતે મહિને એમની જ કલમથી નવી લેખમાળા શરૂ થશે.**

# ઉર્દૂ કવિતાને અદ્‌ભુત રંગ આપનાર અગ્રિમ કવિ · શરાબી સંત

# ગાલિબ

લેખક · જલન માતરી

યે મસાઇલે તસવ્વુફ, યે તેરા બયાન 'ગાલિબ';
તુઝે હમ વલી સમઝતે, જો ન બાદાખાર હોતા!

[તારી આધ્યાત્મિક વાતો અને એ વાતોની રજૂઆત જોઈને, હે ગાલિબ; જો તું શરાબી ન હોત તો તને અમે એક સંત જ માન્યો હોત.]

મિર્ઝા કુકાનબેગખાન જો પોતાના પિતાથી નારાજ થઈને ઈરાનની ધરતીને છેલ્લા સલામ કરીને શાહઆલમના શાસનકાળ દરમ્યાન હિન્દુસ્તાન ન આવ્યા હોત તો આજે ઉર્દૂ સાહિત્ય અને હિન્દુસ્તાનની ધરતી એના નામ ઉપર જે ગર્વ લે છે એના બદલે ઈરાનની ધરતી બમણો ગર્વ લેતી હોત. એ વ્યક્તિ તે મિર્ઝા અસદુલ્લાહખાન ગાલિબ; અને મિર્ઝા કુકાનબેગખાન તે ગાલિબના દાદાસાહેબ.


ઉર્દૂના પ્રખર કવિ સ્વ. મીર તકી 'મીર' એક અગિયાર વર્ષના છોકરાની ગઝલ વાંચીને ભવિષ્યવાણી ભાખેલી કે જો આ છોકરાને યોગ્ય ગુરુ મળી જશે, અને એ ગુરુની જો એને સાચી દોરવણી મળશે તો આગળ જઈને એ ઉર્દૂ ભાષાનો મહાન શાયર બનશે. આજે આપણે જોઈએ છીએ કે 'મીર'ની ભવિષ્યવાણી સાચી પડી છે.

મિર્ઝાએ શરૂમાં તો પોતાનું ઉપનામ 'અસદ' રાખ્યું હતું, પણ એક પ્રસંગ બની જવાથી એ બદલીને 'ગાલિબ' રાખી લીધું. મિત્રોની એક મહેફિલમાં કોઈએ 'ગાલિબ' સામે એક મક્તાનો શેર વાંચી તેની ખૂબ પ્રશંસા કરી. પણ એ સાંભળી 'ગાલિબ' છેડાઈ ગયા. એ આ પ્રમાણે હતો:

'અસદ' ઈસ જફા પર બુતોં સે વફા કી
મેરે શે'ર શાબાસ રહેમત ખુદા કી



અવસાન પહેલાં થોડા જ સમય પર પાડેલો (ગાલિબના જીવનનો પહેલો ને છેલ્લો) ફોટો




જમણી બાજુ ગાલિબના હસ્તાક્ષર



ગાલિબનું જન્મસ્થાન: આગ્રાનું એમનું પેઢીગત મકાન 'કાલા મહાલ'

આ અર્થહીન લવારો સાંભળીને ગાલિબે ખૂબ રોષથી કહ્યું કે 'સાહેબ! આ શે'ર જો મારો હોય તો મારા ઉપર ખુદાનો ધિક્કાર હજો! અને બીજા કોઈ શાયરનો હોય તો ખુદાની મહેરબાની ઊતરજો.' મતલબ કે ત્યારે એ જ 'અસદ' ઉપનામથી બીજો કોઈ બેભાગુ શાયર પણ લખતો હતો. આ પ્રસંગ પછી એમણે 'ગાલિબ' ઉપનામ રાખ્યું, જે એમને એટલી હદ સુધી ફળ્યું કે આજે એમના અવસાનને ૧૦૦ વર્ષ પૂરાં થયા છતાં એમનું નામ હજુ સુધી ભૂંસાયું નથી, અને ઉર્દૂ શાયરી જ્યાં સુધી હયાત રહેશે ત્યાં સુધી એ હયાત રહેવાનું છે.


ગાલિબની ઓળખાણ એમના જ શબ્દોમાં જોઈએ:

હોગા કોઈ અયસા ભી કે ગાલિબ કો ન જાને?
શાયર તો વો અચ્છા હય યે બદનામ બહોત હય!

કલમની તાકાત એટલી કે હજુ સુધી એની પકડ એવી ને એવી

પાત્રોમાં કાર્યરત રહેતાં આ કુલકલ્યાણીની શાંત છતાં સહાયક હાજરીને કારણે જ તેમનો ગુરુકુળસમો આશ્રમ સરખી રીતે ચાલતો.

વર્ષો પહેલાં એમની છત્રછાયામાં ગાળેલું એક અઠવાડિયું સ્મૃતિપટ પર યાદની ચિરંજીવ ઓકળી પાડી ગયું છે. સાબરમતીના એ દિવસો, જ્યારે ગાંધી હજી હિંદના 'રાષ્ટ્રપિતા' નહોતા બન્યા અને પ્રાર્થનાનો, ફરવાનો તથા મહેમાનો માટેનો સમય બાદ કરતાં બાકીનો ફાજલ સમય તેઓ કાંતણ અને લખાપટ્ટીમાં જ વિતાવતા હતા આશ્રમવાસીઓમાં આમ જુઓ તો મહાત્મા, કસ્તૂરબા, દેવદાસ, ગાંધીના મંત્રી અને થોડા અંતેવાસીઓ જ હતાં. ત્યારે અમ અતિથિઓનાં સુખસગવડની કાળજી યજમાન-પત્નીની અંગત દેખરેખનો વિષય રહેતો અને એથી જ કદાચ ત્યાંનો સાદો ખોરાક પણ અમૃત સમો બની જતો. આશ્રમવાસીઓ પ્રાતઃપ્રાર્થના માટે ઊઠે તે પહેલાં તો કાર્યમગ્ન થઈ જતાં કસ્તૂરબા એવી તો શાંતિથી, સ્વસ્થતાથી અને ઝડપથી કામ કરતાં કે અમને તો એમ જ લાગતું કે જાણે સહાયકોની મોટી સેના એમની તહેનાતમાં ખડી રહીને એમને આ સ્થળની અનેકવિધ પ્રવૃત્તિઓની દેખરેખ રાખતાં 'શેઠાણી'ની ત્રેવડો પૂરી પાડતી હશે! એમને કદી કામકાજ પતાવવા દોડાદોડી કરતાં, ગભરાઈ જતાં કે ગુસ્સે થઈ જતાં જોયાં નહોતાં. જૂના જમાનાની પરોણાચાકરીનું જીવતુંજાગતું છતાં શાંત, સૌમ્ય ને સુમધુર પ્રતીક તેઓ હતાં.






ઉપર: જેલમાં ગાંધીજીએ લખાવેલી કસ્તૂરબાની કૉપીબુકનું પાનું, જેમાં મથાળાની લીટી ગાંધીજીના અક્ષરમાં છે, અને પછીની લીટીઓ કસ્તૂરબાની કલમની. જમણી બાજુ: કસ્તૂરબાના શબ પાસે શોકનિમગ્ન ગાંધીજી.

પોતાની પ્રિય પત્નીના ચેતનવિહીન દેહ પાસે બેઠેલા બાપુએ જાણીજાણીને ઝેરના ઘૂંટડા પીધા હશે. એમના વિશ્વાસુ સાથી અને માયાળુ મિત્ર મહાદેવ દેસાઈનું આગાખાન મહેલમાં થએલું મૃત્યુ ગાંધીજીના જીવનનો ધરતીકંપ હતો. ત્યાર બાદના આ પત્નીના મૃત્યુએ તેમના જીવનની કરુણતાને તીવ્રતમ બનાવી દીધી. પહાડ જેવા એ પુરુષોત્તમ માટે પણ આ વિષાદ અસહ્ય હતો.

દુઃખ અને ગ્લાનિથી તેમનું સારું યે જીવન કેવું સંક્ષુબ્ધ થઈ ગયું હશે! અને ઈતિહાસે કદી ન નીરખી હોય એવી હિંસાની હોળી, લોભ અને લફંગાઈથી કુંઠિત થએલી માનવજાત, કારાવાસના નિર્જીવ સળિયા પાછળ સબડતા તેમના સાથીઓ અને સંગાથીઓ, શસ્ય શ્યામલ માતૃભૂમિને ઓહિયાં કરી જતો દુષ્કાળનો દાવાનળ, અને મૃત્યુની સફેદ ચાદર નીચે પોઢી ગએલાં પત્ની કસ્તૂરબા અને મિત્ર મહાદેવ! મહાત્માના લોખંડી આત્મા અને પથ્થર જેવા પ્રાણ પણ પીગળી જાય એવા કરુણતમ પ્રસંગોનો કેવો એ અગનપ્રપાત! ગાંધી સિવાય બીજું કોણ બે હજાર વર્ષ પહેલાંના ક્રાઈસ્ટના આ શબ્દો બોલી શકત:

'પિતા, શાને છોડચો વિજન પથ યે એકલ મને?'

(જી. વ્યંકટ અચલમ્‌ના મૂળ ઉપરથી) —મેઘનાદ ભટ્ટ

## રક્તદાન

મોટા સભાખંડમાં વીસ-ત્રીસ ખાટલા ઢાળ્યા હતા. હું પણ વચ્ચે એક ખાટલા પર પડચો હતો. ડાબા હાથના સાંધામાંથી એક પાતળી નળી નીચે એક શીશી સુધી જતી હતી ને એમાં લોહીની સેર પડતી હતી. લાલ લોહી! રક્તદાન! ડૉકટર મને સમજાવતા હતા: 'ઇસ્પિતાલમાં આ લોહીનો પહેલો ઉપયોગ અકસ્માતોના કિસ્સાઓ માટે કરીએ છીએ. પગ કપાયો, લોહી વહ્યું. તત્કાળ જો નવું લોહી આપવામાં ન આવે તો જીવ જાય. બીજો ઉપયોગ પ્રસૂતિમાં: કુદરતે જન્મની વ્યવસ્થા તો અદ્‌ભુત રીતે કરી છે, પરંતુ કોઈ વાર એ કટોકટીના હુમલા સાથે લોહીનો સ્રાવ થાય છે, ને તરત જો વિપુલ પ્રમાણમાં લોહી આપવામાં ન આવે તો એક યુવાન માતા મરી જાય—પોતાના કુમળા બાળકને જિંદગીના પહેલે દિવસે મા વિહોણું બનાવીને. ત્રીજો ઉપયોગ સર્જરીમાં; કૅન્સર જેવી ભારે શસ્ત્રક્રિયામાં ઘણું લોહી જાય. અને જેટલું જાય તેટલું પાછું આપવું પડે. અને છેલ્લે: દેશની સરહદો પર તોફાન થાય ને બહાદુર જવાનોનું લોહી રેડાય તો એમાં પણ આ લોહીની ખાસ જરૂર પડે. મારી નજર એ શીશી તરફ ગઈ એ લાલલાલ થઈ જતી હતી: મારું લોહી! મારો પ્રાણ!

આ લોહી કોની પાસે જશે?

મને ખબર નથી કે એ કોને આપવામાં આવશે; અને જેને એ મળશે એને પણ ખબર નથી કે આ લોહી કોણે આપ્યું છે. માટે મને આપવાનો ગર્વ ન થાય, તેને લેવાથી ઓશિયાળાપણું ન લાગે. દાન થાય, પણ દેવું ન ચડે. મદદ કરાય ને લાગણી ન દુભાય. દેહ ઊગરે ને સ્વમાન ન ઘવાય. હું આપું પણ કોઈની પાસે આભારની ઉઘરાણી ન કરું; એ લે પણ કોઈની પાસે ઉપકારથી દબાએલ ન રહે.

બાજુના ખાટલામાં એક હરિજન વિદ્યાર્થી રક્તદાન કરતો હતો. ત્રીજામાં એક બ્રાહ્મણનો દીકરો લોહી આપતો હતો. ખાટલા ઉપર ફેર પરખાય, પણ લોહી શીશીમાં ગયું એટલે વર્ણના ભેદ મટી ગયા. મનમાં થયું: આ રીતે જો જુદાજુદા વર્ણ ને ધર્મ ને પ્રાંતવાળા લોકોની વચ્ચે લોહીની આપ-લે થાય, જો દેશની પ્રજામાં આવું થોડું 'રુધિરાભિસરણ' થાય તો ભારત માતાનાં બધાં સંતાનોમાં એક જ દેશના નાગરિકો (એક જ દેહના અંગો) હોવાની ભાવના જાગે ને?

બીજો વિચાર આવ્યો. આ લોહીનો શો બદલો? એની કિંમત અંકાય? એના પૈસા લેવાય? ન જ લેવાય. એ લોહી મારો પ્રાણ છે. આપું તો દાનમાં જ આપું, વેપારમાં ન આપું. મારું લોહી બજારમાં ન મુકાય. મારા પ્રાણના ભાવ ન બોલાય. બલિદાન છે, વેપાર નહિ. વરદાન છે, સોદો નહિ. —ફાધર વાલેસ (ગુજરાત સમાચાર)

## મણિપુરી લિપિ



ચીન-તિબેટમાંથી તિબેટી, બ્રહ્મી અને એમાંથી મણિપુરી ભાષાનો સંચાર થયો. આજનાં મણિપુરી વ્યાકરણ ને શબ્દસમૃદ્ધિ સંસ્કૃત પર આધારિત છે, છતાં મણિપુરી ભાષાના ઉચ્ચારો એટલા બદલાઈ ગયા છે કે શબ્દોની વ્યુત્પત્તિ શોધવી મુશ્કેલ બને છે. દા. ત. : જ્ઞાન=ખાગ, રાજેન્દ્ર=લાયરન.

મણિપુરે દેવનાગરી લિપિ ઘણા જૂના કાળથી અપનાવેલી. આશરે અઢીસો વર્ષ પહેલાં બંગાળથી આવેલા વૈષ્ણવ સંપ્રદાયનો તેણે અંગીકાર કર્યો તે પછી ત્યાં બંગાળી લિપિ પ્રચલિત બની. છતાં પ્રાચીન લિપિમાં હજી ઘણી પોથીઓ મોજૂદ છે જેનો ઈમ્ફાલમાં એક સંગ્રહ કરવામાં આવ્યો છે. હવે રાજ્યભાષા તરીકે બંગાળીને બદલે મણિપુરી સ્વીકારાઈ છે. શાળાઓમાં તે ચાલે છે. સંકીર્તનો તેમાં ગવાય છે. ઈમ્ફાલની નાટકશાળાઓમાં ઉત્તમ કોટિનાં નાટકો મણિપુરીમાં જ ભજવાય છે. અખબારો પણ તેમાં જ પ્રકટ થાય છે. (શ્રેયસ્)

## ઇકોતેર પેઢી કઈ?

ગાંધીજીએ પ્રસિદ્ધ બનાવી દીધેલા નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' પદમાં 'કુળ ઇકોતેર તાર્યાં રે' પંક્તિ આવે છે. આ 'ઇકોતેર' એટલે શું? સિત્તેર અને એકનો આંકડો ના. 'ઈકોતેર' એ સાવ અવળે રસ્તે દોરનાર શબ્દ બની ગયો છે. મૂળ શબ્દ 'એકોતેર' છે, જેનો અર્થ થાય છે ૧૦૧ (એકસો એક). સંસ્કૃત શબ્દ 'એકોત્તર શત'નો એ અપભ્રંશ છે.

કવિશ્રી દલપતરામે તેમના પ્રસિદ્ધ કાવ્ય 'વેનચરિત્ર'માં એકોતેર શબ્દ વાપર્યો છે, ઈકોતેર નહિ: 'નહિ તો તેનાં કુળ એકોતેર નરકે જાતાં નાખ્યાં જી.' એ જ રીતે કવિ દયારામે તો આપણાં એકસો એક કુળ ક્યાં તે પણ રીતસર ગણી બતાવ્યાં છે :

> પિતા પચ્ચ ચોઈસ, વીસ પુતિ જાંતો,
> ત્રિયા સોલ પરમાન, પુત્રિક બાર બખાંનો,
> એકાદશ કુલ ભગિન કે, દસ કુલ લેખો જનની,
> સ્વસા કુલ અષ્ટ શ્રુતિ સંમત
> દેખો ગિન પ્રમાન ઇકશત એકો.

(પિતાનાં ૨૪ + માતાનાં ૨૦ + પત્નીનાં ૧૬ + પુત્રીનાં ૧૨ + બહેનનાં ૧૧ + ફોઈનાં(?) ૧૦ + માસીનાં ૮=૧૦૧ કુલ.) આમ પિતા, માતા, પત્ની, પુત્રી, બહેન ફોઈ અને માસી એમ સાતે ય ગોત્રોની મળીને એકસો એક સંખ્યા થાય છે. આવી એકસો એક પેઢી વૈષ્ણવજન તારે છે.

(વત્સલ) —શિવમ્ સુંદરમ્


## દાંડીકૂચ કેમ યોજાઈ

મૂળ યોજના તો ખેડા જિલ્લાના બદલપુર ગામે મહી નદીનું ભરતીનું ખારું પાણી ઉકાળીને મીઠું બનાવી નિમકના કાયદાનો ભંગ કરવાની હતી. તેથી ખેડા જિલ્લાના દરબાર સાહેબ વગેરે ખૂબ આનંદમાં હતા; કારણ કે, ઈ. ૧૯૨૧-૨૨માં ભારતની યજ્ઞવેદી બનવાની આણંદ અને બારડોલી વચ્ચે હરીફાઈ હતી. બારડોલીને એક વાર પસંદગી મળી ગઈ હતી, તેથી આ વખતે બોરસદ તાલુકાના ગામની પસંદગી થઈ તેનો તેમને ઉમંગ હતો. પરંતુ મને લાગ્યું કે બદલપુર તો બાપુ ચાર-પાંચ દિવસમાં પહોંચી જશે અને પકડાઈ પણ જશે. તેને બદલે આ કૂચ ગુજરાતની છેક દક્ષિણમાં આવેલા સુરત જિલ્લાના સમુદ્રકાંઠા સુધી લંબાય અને જ્યાં કુદરતી મીઠું પાકે છે ત્યાં એનો ભંગ થાય તો આખું ગુજરાત ચીરીને ત્યાં જતાં ચારેક અઠવાડિયાં સહેજે લાગે. એટલે બાપુની કૂચના પ્રચારની અસર ગુજરાત અને ભારતભરમાં જ નહિ પણ દુનિયાભરમાં પણ ભારે થાય. આથી હું અમદાવાદ ગયો અને સરદારને મળ્યો. તેમને સુરત જિલ્લા સુધી કૂચ લંબાવવાની વાત ગળે ઊતરી ગઈ, એટલે તેઓ મને સીધા બાપુ પાસે આશ્રમમાં લઈ ગયા. બાપુએ સત્યાગ્રહ ક્યાં કરવો એ વિષે પૂછ્યું. એ તો હજી મેં નક્કી કર્યું ન હતું. ઓલપાડ તાલુકાનું દિયણ ગામ (મહાદેવભાઈનું વતન), જલાલપોર તાલુકાનું કરાડી–મટવાડ જ્યાં પાંચાકાકા જેવા ભડ સત્યાગ્રહી વસતા હતા, પારસીઓનું પવિત્ર ધર્મસ્થાન ઉદવાડા, વલસાડ તાલુકાનું ધરાસણા જ્યાં સરકારના મીઠાના અગરો આવેલા વગેરે અનેક સ્થળો હતાં. છેવટે એમ ઠર્યું કે એક નાની સમિતિ સ્થળની પસંદગી કરે ને તેનો રિપોર્ટ બાપુ પાસે રજૂ થાય. આ વાત બાપુજીને હૈયે વસી ગઇ, અને બધું નક્કી થઈ ચૂકેલું હોવા છતાં તથા કાર્યક્રમ બદલાય તો ખેડાના ભડવીરોને મનદુઃખ થાય એમ હતું તે છતાં, વસ્તુના ગુણદોષ ધ્યાનમાં લઈને બાપુએ કૂચ લંબાવવા સંમતિ આપી, અને છેવટે દાંડી નક્કી થયું. આવા મોટા સર સેનાપતિને નાનામાં નાના સૈનિકની વાતનો સ્વીકાર કરવામાં પ્રતિષ્ઠા કે બીજું કાંઈ આડે આવ્યું નહિ એવી એમની સાચી વાત પ્રતિની નિષ્ઠા હતી.


(આકાશવાણી) —કલ્યાણજી વિ. મહેતા

## મધુપ્રમેહની નવી દવા

મધુપ્રમેહના દર્દીઓને હાલ ઈન્સ્યુલિનની ગોળીઓ કે ઇન્જેક્શનોથી સારવાર અપાય છે, પણ જર્મનીની બે ફાર્મસીએ એ 'એચ.બી. ૪૧૯' ની સંજ્ઞાથી ઓળખાતી એક દવાની ૫૦૦ જેટલા દર્દીઓ પર સફળ અજમાએશ કર્યા પછી ૨૭ દેશોના ૨૦૦ જેટલા નિષ્ણાત દાક્તરો સમક્ષ એનાં જે પરિણામો રજૂ કર્યાં એ ઘણાં આશાજનક સાબિત થયાં છે અને 'ગ્લાયબેન ક્લેમિડ' નામે ટીકડીના રૂપમાં આ દવા જાહેરમાં મુકાશે. અત્યાર સુધી અપ્રસિદ્ધ સલ્ફોનિલ અને કાર્બામાઈડ્ઝનું વિકસિત રૂપ તે એચ. બી. ૪૧૯. આ બંનેમાં લોહીની સાકર ઘટાડવાની શક્તિ છે ને તેની દર્દી પર બીજી કોઈ માઠી અસર થતી નથી. પણ આ નવી દવા પ્રૌઢ રોગીઓને જ કામની છે. યુવાન રોગીઓનું પૅન્ક્રીઆસ તો ઈન્સ્યુલિન બનાવી જ શકતું નથી એટલે એમને તો ઈન્સ્યુલિનની જ સારવાર લેવાની રહે છે. (યુ.પી.એસ. ડાક)



ઑસ્ટ્રેલિયાના સપાટ રણવિસ્તારમાં આકરા તાપમાં તપતો આ એકલો અટૂલો 'આયર્સ રૉક' ૧૧૪૦ ફૂટ ઊંચો અને ત્રણ માઈલ લાંબો હોઈ રેતિયા પથ્થરનો દુનિયાનો મોટામાં મોટો ખડક ગણાય છે।

(ઉપર ડાબી બાજુ) ગાલિબના શિષ્ય અને પોષક, રામપુરના નાઝિમ નવાબ યુસુફઅલીખાં. (વચ્ચે) ગાલિબના સમકાલીન કવિ હકીમ મોમીનખાન મોમીન અને (જમણી બાજુ) અલ્તાફ હુસેન હાલી. ગાલિબના શિષ્ય અને એનું સૌપ્રથમ જીવનચરિત્ર લખનાર.

નથી. એમનો જ એક શે'ર છે:

લાઝિમ નહીં કે ખિઝ્રકી હમ પૈરવી કરે,
જાના કે એક બુઝુર્ગ હમેં હમસફર મિલે.

(એ જરૂરી નથી કે ખિઝ્ર—માર્ગદર્શક)નું અમે અનુકરણ કરીએ. એટલું જ સમજીએ છીએ કે એક વડીલ અમારી સફરમાં સાથીદાર છે; એટલું જ. વિશેષ નહિ) એ ખિઝ્ર પોતે પણ મંઝિલની શોધમાં નહિ હોય એ કોણ કહી શકે? ખિઝ્રની પણ દોરવણીમાં શંકા જાય છે. આ શે'ર એનો પુરાવો છે:

અપની હસ્તી હી સે હો, જો કુછ હો;
આગહી ગર નહિ, ગફલત હી સહી.

મતલબ કે ગાલિબને કોઈના સહારે ચાલવાનું પસંદ ન હતું ભૂલ ખાઈ જવાય તો ભલે, પણ જે હોય તે પોતાના અસ્તિત્વ ઉપર જ.

ગાલિબના સમયમાં શાયરીની જે ચીલાચાલુ રસમ હતી તે તોડી-ફોડીને ગાલિબે ઉર્દૂ ગઝલને નવો પોશાક પહેરાવ્યો છે. ઉર્દૂ ગઝલમાં જિંદગીની વાત કરીને એમણે ગઝલને શણગારી છે, એને જવાની બક્ષી છે; નવી કેડીનું સર્જન કર્યું છે, નવા શબ્દો અને પ્રયોગો કરીને રજૂઆતનાં નવાં બીબાંમાં ઢાળીને ગઝલને ઉન્નતિની ટોચ ઉપર મૂકી છે. ઉર્દૂ ગઝલ સાહિત્યમાં ગાલિબ જ પહેલા કવિ છે જેણે ગઝલમાં ખુદાને પણ પડકાર્યો છે. ખુદાને સલાહ આપતા શે'ર ઘૂંટ્યા છે:

ક્યું ન જન્નત કો ભી દોઝખ સે મિલા લે યા રબ'!
સૈર કે વાસ્તે થોડી સી ફિઝાં ઔર સહી.

(હે ઈશ્વર નર્કની સાથે સ્વર્ગને પણ ભેળવી દઈએ તો કેવું?—જેથી લટાર મારવા માટે થોડું સુંદર વાતાવરણ તો મળી રહે!) તો વળી—

પકડે જાતે હય ફરિશ્તોં કે લિખે પર નાહક,
આદમી કોઈ હમારા દમે તહરીર ભી થા?!

(ઈસ્લામની માન્યતા મુજબ ખુદાએ માનવીનાં પાપ અને પુણ્યના હિસાબ લખવા માટે ફરિશ્તાઓ નિયુક્ત કર્યા છે. પળેપળનો હિસાબ એમના ચોપડામાં લખવામાં આવે છે. અને એ લખાણો અનુસાર ખુદા માનવીને સજા કરે છે. ગાલિબ કહે છે કે આ ફરિશ્તાઓનાં લખાણને સાચાં માનીને અમોને નાહક સજા કરવામાં આવે છે. એમણે જે લખ્યું છે એ બધું સત્ય કઈ રીતે હોઈ શકે? અને સત્ય હોય તો અમો માની શી રીતે લઈએ કે આ બધું સત્ય છે? એ સત્ય છે એના સાક્ષી માટે અમારા તરફથી કોઈ માણસને હાજર રાખ્યો હતો ખરો?

પોતે જિંદગીની પગદંડી ઉપર ચાલવા માટે જે જે રસ્તા અપનાવ્યા હતા એ વિષે ગાલિબને ઘણો ગર્વ હતો. સાથેસાથે જે કપરા અનુભવ થતા એનો ઈન્કાર પણ એ નહોતા કરતા. જિંદગીના કાફલાને એ જ્યારે થોભતો નિહાળે છે, જ્યારે એમાં થાકનાં ચિહ્નો જણાય છે ત્યારે એનો એકરાર કરતા આ શે'ર લખવા એ મજબૂર બની જાય છે:

હઝારોં ખ્વાહિશે અયસી કે હર ખ્વાહિશપે દમ નિકલે,
બહોત નિકલે મેરે અરમાન લેકિન ફિર ભી કમ નિકલે.

આ નજમુદ્દવલા, દબીરુલ મુલ્ક નિઝામે જંગનું મકાન કેવું હતું એ હવે જરા જોઈ લઈએ. એક મિત્રને કાગળમાં લખે છે: 'વર્ષાઋતુ આવી છે. હાલ ન પૂછો. ખુદાનો ગજબ છે. વર્ષા નથી વરસતી, પણ ખુદાનો ખોફ વરસી રહ્યો છે. અતિવૃષ્ટિના કારણે ગઈ કાલે ઘરનો (મસ્જિદે જવાના રસ્તા તરફનો) દરવાજો પડી ગયો. આલમખાનના ઝરૂખા તરફનો પણ દરવાજો પડી ગયો. બેઠકનો ઓરડો પણ ધીમે ધીમે ઝૂકી રહ્યો છે. પગથિયાં તૂટવાની અણી ઉપર છે. પુસ્તકો, કલમ-ખડિયો બધું જ રસોડામાં આમતેમ જમીન ઉપર મૂકી દીધું છે. રસોડામાં પણ ચૂવા નીચે ક્યાંક વાસણો મૂક્યાં છે, તો ક્યાંક થૂંકદાની મૂકી છે. કાગળ ક્યાં બેસીને લખું? છાપરું ચારણી બની ગયું છે. વરસાદ એક ઘડી માટે વરસે છે તો છાપરું એક કલાક સુધી વરસ્યા કરે છે! શું કરું?

આવી પરિસ્થિતિમાં એક વધુ પથ્થર ઉપર લકીર શે'ર ઘૂંટાય છે:

કહતે હય કી ઉમ્મીદ પે જીતે હૈં લોક,
હમ કો જીને કી ભી ઉમ્મીદ નહીં

ઉર્દૂ ભાષાની મહાન કલમ નયાઝ ફતેહપુરી નોંધે છે કે ઇતિહાસનાં પાનાં ઉથલાવીએ તો ખબર પડે કે ઈરાનની ધરતીએ એક હજાર વર્ષ દરમ્યાન માત્ર પંદર શાયરો જન્માવ્યા, જ્યારે હિંદુસ્તાનની ધરતીએ માત્ર ચારપાંચ સદીઓમાં ચારપાંચ શાયરો જન્માવ્યા. ઈરાનના મુકાબલે આ કાંઈ નાનીસૂની વાત નથી. આ જાણીને નવાઈ ન પામતા કે હિંદુસ્તાનના આ ચાર-પાંચ શાયરોમાં (અનુસંધાન પૃષ્ઠ ૧૫૯)

# ગુડબાય

લેખક
ઈવા ડેવ

ઘણા દિવસ પછી આજે અજય ડ્રૉઇંગરૂમમાં જ્યાં સુમિત્રા વાંચવાનો ડૉળ કરતી બેઠી હતી ત્યાં આવીને ચૂપકીથી બેઠો. માત્ર થોડા દિવસ પહેલાં— એના મનને મક્કમ બનાવીને એણે છેવટનો નિર્ણય લઈ લીધો તે પહેલાં—જો એ આમ ઘડીક વાર પણ આવીને બેઠો હોત તો સુમિત્રાએ તેના પગમાં આળોટીને ચુંબનોનો વરસાદ વરસાવી દીધો હોત. પરંતુ આજે એ તદ્દન જુદા જ મિજાજમાં હતી. એની ખોટી ઊર્મિશીલતા અનુભવવાના દિવસો સદાયને માટે ચાલ્યા ગયા હતા. એને મનમાં પાકી ખાતરી હતી કે અજય કોઈ હેતુસર જ ત્યાં આવીને બેઠો હતો.

અને ત્યાં તો અજય ધીરે સાદે બોલ્યો: 'સુમી!' અધવચ્ચે જ એને અટકાવીને એ બોલી: 'એ તુંકારો તમારે મોઢે જરાય શોભતો નથી. એકાએક એ 'સુમી' સંબોધન ક્યાંથી સ્મરણમાં આવી ગયું? કેમ, હજુ શું બાકી રહ્યું છે આ નિર્ધન ને નિરાધાર સ્ત્રી પાસેથી લૂંટવાનું?'

અજય એકદમ ચમકી ગયો— સુમિત્રાના નવા સ્વરૂપને જોઈ, નવા અવાજને સાંભળીને! એ ફરી બોલ્યો: 'એમ ના કહે. મારી વાત તો સાંભળ. ને તું મને "તમે", "તમારે" એમ કેમ કલા કરે છે?'

'ભલી તમે એની નોંધ હમણાં લીધી! યાદ આવે છે પહેલાંનું કશું યે અજયકુમાર? તમને તુંકારવા માટે મારી સાથે કેટલી મથામણ કરી હતી તમે એ સાંજે? મધુરજનીની એ સંધ્યાઓ! એ બધું કેમ નહિ ભુલાતું હોય મારાથી? તમારાથી તો એક ચપટીમાં બધું વિસરાઈ ગયું! એથી તમને તુંકારવાની તમારી અરજ અત્યારે કેવી ખોખલી લાગે છે! સુમિત્રા કહો, ના ના તમારી પેલી વાંદરીનું અનુકરણ કરી સુમિટ્રા કહો તો મારા કાનને વધુ ઉચિત લાગશે. મને ખાતરી થશે કે તમે દૂર છો, દૂર જ રહેવાના છો; દૂર...દૂર...'આ છેલ્લા શબ્દોમાં ઉભરાએલી લાગણી અજયના કાનને પણ છાની રહી નહિ. પણ સુમિત્રાને લાગ્યું કે પોતાનું હૃદય થોડું ઢીલું થવા માંડ્યું છે. એટલે ફરી એક ઝાટકા સાથે એ લાગણીને ખંખેરી નાખી તે મક્કમ બની ગઇ.

'વન રિક્વેસ્ટ ઓન્લી!'

એ 'ફ્ક' કરીને હસી પડી. અજય ખસિયાણો પડી ગયો.

'વાહ, તમારે વિનતિ કરવાનો સમય આવ્યો એ મારે માટે સુભગ દિન છે. વિનતિ જેવો શબ્દ તમારા જેવા અભિમાનીના મુખ પર! નવાઈની વાત છે! મારી કાકલૂદીઓને લાતો લગાવી લગાવીને થાકી ગયા. અને જ્યારે મેં બધું અભરાઇ પર ચડાવી દીધું ત્યારે હવે ખોટી અરજ કરવા આવ્યા છો? તમને એવું બોલતાં જ કેમ કરીને આવડ્યું?'

'આમ કેમ કરે છે? સાંભળ તો ખરી, મારે શું કહેવાનું છે?'

'ઊફ! બી રીઝનેબલ! મારી રતુંબડી આંખોની રતાશ, મારી ચામડીની કાળાશ, મારા દયાપાત્ર અવાજની કંપારી, મારા દેહની કૃશતા— આ બધાંની અવહેલના તમે કરી શક્યા હતા તો મારાથી શું તમારી એકમાત્ર અરજ ન ઠુકરાવાય? ઓહ! આઈ વિશ આઈ કુડ કિક એવરીથિંગ હીઅર ઍન્ડ વૉક આઉટ ઈન સ્પેઈટ! પણ હું અબળા છું; એથી ય વધારે હું હિંદુ સ્ત્રી છું. ખબર છે? તમને બહુવચનથી કેમ બોલાવવામાં આવે છે? તમે એટલે તમે બંને! ઓહ! હાઉ મચ આઈ હેઈટ હર!'

'ઓહ! તું કેટલી બધી બિટર થઈ ગઈ છે!'

'સાચું કહું તમને? મારે હજુ વધારે કડવાશ લાવવી છે. જેટલી તમને એ વાંદરી માટે મધુરતા છે એટલી જ—જો એથી વધારે નહિ તો—કડવાશ મારે તમારા બેઉ માટે ભરવી છે મારા આ નાનકડા દિલમાં. ઝેરનું એક બિંદુ યે બસ થઈ પડશે, ખરુંને!'

તે એની સામે વિચિત્ર રીતે જોઈ રહી. એ તો હબકીને સ્તબ્ધ બની ગયો હતો. એના મોં પરથી નૂર ઊડી જઈ એ સાવ ફિક્કું બની ગયું હતું. એનો સોહામણો ચહેરો ચીમળાઈ ગયો હતો. સુમિત્રામાં અચાનક થએલા આ ફેરફારને સ્વીકારવા એ બિલકુલ તૈયાર નહોતો. એ અત્યંત મુંઝાઈ ગયો હતો—થોડો ડરી પણ ગયો હતો. બીજી બાજુ સુમિત્રાને સાચેસાચ ખૂબ આનંદ થઈ રહ્યો હતો. જોકે સાથે થોડી અનુકંપા પણ એને થઈ આવતી હતી; પણ ફિલિસનો વિચાર આવતાં અગ્નિમાં ઘી બળીને ધુમાડો થઇ જાય એમ એ પણ ગાયબ થઈ જતી હતી. એ કઠણ કાળજાની બની ગઈ ગઈ હતી.

'શી વિનતિ છે તમારી? છેલ્લી વાર સાંભળી તો લઉં!'

'છેલ્લી વાર...?!' એ ચમકીને સોફામાં બેઠો થઈ ગયો. એની અસ્વસ્થતાનો પાર નહોતો.

'ગભરાશો નહિ, આત્મહત્યા કરે એવી હવે સુમિત્રા નથી રહી. છતાં યે છેલ્લી વાર, અલબત્ત છેલ્લી વાર, સાંભળવું હોય તો બરાબર સાંભળી લો. અને–તમારી વાંદરીને પણ કહેજો. હું ખસી જાઉં છું. માર્ગ ખુલ્લો કરી જાઉં છું. સારું થયું કે આજે તમારે અરજ કરવા આવવું પડ્યું; નહિ તો મારે આવવું પડત આ છેલ્લી વાત કરવા. અને મારું સ્વમાન ઘણું ઘવાત, દુ:ખ પણ થાત એથી, પણ ભગવાનની મહેર થઈ'.

'કેમ? શી વાત છે'.

'ઉતાવળા ના થાઓ; કહીશ. અહીં રાહ જોઈ ને જ બેઠી હતી. જાઓ બેડરૂમમાં, ને જુઓ. પણ તમારી વાત પહેલી કરો. બાઇ ધ વે— ક્યારે પરણી જાઓ છો? હવે બીજા કોઈ સ્ટેઈટમાં જઇને લગ્ન કરવાની જરૂર તમને નહિ પડે. પરંતુ, જો ડાઇવોર્સની છેલ્લી અરજ કરવા આવ્યા હોય તો ફરગેટ ઇટ માઈ 'મૅન'—ઍઝ ધે સે હીઅર ઈન અમેરિકા' હસવું ને રડવું બેઉ ચડી આવ્યાં એકસાથે એના હૃદયમાં.

એ બળેબળે ત્રુટક શબ્દોએ બોલ્યો: 'મેં...એને મનાવી છે. મહામુશ્કેલીએ મનાવી લીધી છે. એ કબૂલ...'

'કોણે મનાવવાનું કહ્યું હતું તમને? છેલ્લા બે માસથી તો ભયંકર અબોલા છે આપણી બેઉની વચ્ચે.' એ ધૂરકી ઊઠી.

'સુમી!'

'સુમીબુમી કાંઈ નહિ! આવું મોટું મારું અપમાન કરવાનો તમને કોઈ હક નથી. હમણાં મેં તમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું જે કે મને સુમી કહીને ન બોલાવશો! મારું રોમરોમ અકળામણ અનુભવે છે. મને નફરત થાય તે પહેલાં એ બોલવાનું બંધ કરો. ખોખલા શબ્દો! ખેર! તમે મને છેલ્લી વાર...!' હવે અજય જબરો અકળાઇ ઊઠ્યો. બરાડો પાડીને એ બોલ્યો: 'છેલ્લી વાર...છેલ્લી વાર...શું છે?'

એ જોરજોરથી હસી પડી. જીવનમાં પહેલી વાર એણે અજયના અભિમાનને ચૂરા થતું જોયું; એના જેવા મજબૂત ને સ્વાભિમાનીને પોચો થઈ ગએલો જોયો. એને વિચાર આવ્યો કે પોતે એની આ નબળાઈને પહેલાં કેમ પકડી શકી નહિ ને એનો ફાયદો કેમ ઉઠાવ્યો નહિ.

'હા, દોસ્ત, છેલ્લી જ વાર! કેમ ભડકી ગયા?'

હતું તે લોહી પણ અજયના ચહેરા પરથી ઊડી ગયું. એ જોવાનો આનંદ સુમિત્રાને એની ઇચ્છાની વિરુદ્ધ પણ થયો. એને વિચાર આવ્યો કે એના પગમાં પડી કરગરવાને બદલે પોતે જિગર કરીને શરૂમાં ઝગડો કર્યો હોત તો આજે આવો ખરાબ સમો ન જ આવ્યો હોત.

'શું તું કોઈની સાથે—?'

'પરણી જવાની છું.' પહેલી વાર જિંદગીમાં આટલા મુક્તપણે મોટેથી 'હો ! હો !' કરી એ હસી હશે. એને તરત વિચાર આવ્યો કે આ તંતુ—આ તક સરસ છે. એ બોલી : 'કેમ નહિ, અજયકુમાર? શું માત્ર અમેરિકન છોકરીઓ જ હિંદી છોકરાઓના પ્રેમમાં પડી જતી હશે? ખબર ના હોય તો એક વાત કહું તમને. હું સુંદર છું, આકર્ષક છું, એનું અભિમાન દસ વર્ષના તમારી સાથેના જીવનમાં કોઈકોઈ વખત જ થયું હતું; પરંતુ હમણાં જ્યાં વેઇટ્રેસ તરીકે કામ કરું છું ત્યાં એ વાતનું ભાન અમેરિકન પુરુષો મને પળેપળે કરાવે છે. વ્હિસલો તો ઘણી સાંભળી ચૂકી છું. પરંતુ હવે તો સાડીના છેડા ખેંચવા સુધીનાં અડપલાં કેટલાક જુવાનો કરતા થઈ ગયા છે. છ માસ પહેલાં રડી પડી હોત, કે લપડાક મારવા સુધી પહોંચી ગઈ હોત. જ્યારે આજે છાતી ગર્વથી ભરાઈ જાય છે, દેહ વિભોર બની જાય છે.' આટલું બોલતાં અજબ આનંદ એ અનુભવી રહી. અજયના દેહમાંથી જાણે જીવ ઊડી ગયો. એ સોફામાં ફસડાઈ પડયો.

'પણ ભૂલી જાઓ આ વાત. ચાલો, હવે તમારી શી વાત છે?'

એ ચૂપચાપ બેસી રહ્યો. માત્ર એના મોંમાંથી નીકળતા નિઃશ્વાસ જ સંભળાતા હતા. ચારપાંચ વાર સુમિત્રાએ એને પ્રશ્નો પૂછ્યા, પણ એ તો શૂન્યમાં નજર ફેરવતો ગુમસુમ બેસી જ રહ્યો.

'હવે કદાચ તમને મારા શિયળ સંબંધે વિચારો આવવા માંડયા હશે;—હિંદુ નારીની લજ્જા, પાતિવ્રત્ય, આજ્ઞાંકિતતા, ને એવું ઘણું બધું. પણ તમારી વાત શું નહિ કરો હવે? તો પછી હું—'

બોલેબોલે, ખૂબ પ્રયત્નપૂર્વક એણે બોલવા માંડયું: 'ફિલિસ... હું એમ કહેતો હતો કે ફિલિસ માની ગઈ છે. આપણે ત્રણે ય સાથે—'

ગજબનો ગુસ્સો કરી એ રાતીચોળ થઈ બરાડી : 'ઓહો ! એણે મોટી દયા કરી છે ! એની દયા પર—' 'પણ સુમિત્રા !'

'ખૂબ સરસ! હવે સુમિત્રા બોલતાં પણ આવડી જશે. પણ બિચારી હિંદુ નારી પર ઉપકાર કરવાની જરૂર નથી. એ દયા મારે નથી જોઈતી.'

'પણ, તેં...તેં જ તારી જાતે તો એ પ્રોપોઝલ મૂકી હતી !'

'ને તમારી એ વાંદરીએ એને હડસેલો મારીને હજાર ગાઉ દૂર ધકેલી મૂકેલી! ઓહ ! મારું કેવું ભયંકર અપમાન તમે બેઉએ કર્યું હતું! આઈ વિશ આઈ કૅન પે યૂ ઈન ધ સેઈમ કૉઈન !'

'તો આ તું શું કરે છે? કહે તો, ખરેખર તું કોઈની સાથે ડેઈટ—'

'ઓહો ! કેવું દુઃખ થાય છે, અજયકુમાર ! અને હું કોઈની સાથે ડેઇટ પર જતી હોઉં તો યે તમારે શું? તમને એ પૂછવાનો અધિકાર ય છે શું? તમે ને એ...ના, ના, મારે હવે એ કશું નથી વિચારવું. એ બધાંનો સહાયને માટે અંત આવી ગયો.' આમ કહી તેણે એની સામે જોયું. એના આવા પડી ગએલા વીલા મુખને એ કદી ય જોઈ શકી નહોતી. એના હૃદયમાં ઊંડો પ્રેમ તો હતો જ. એનું હૃદય થોડું પોચું બની ગયું. એને અચાનક નાયાગરાના ધોધ પર થએલી એક વાત યાદ આવી રહી. એના મુખમાંથી સહજ જ શબ્દો સરવા માંડયા :

'તમને હવે કશું ય યાદ રહ્યું છે?—એક પણ બોલ, વચન, ભાવ, કંઈ પણ? હવે વિદાય લઉં છું ત્યારે એક વખત એ બધું યાદ કરી લેવાનું મન થાય છે. અહીં આવ્યા એના થોડા દિવસોમાં આપણે નાયાગરા ગયાં હતાં. ત્યાં તમે મને એક મોટો કોલ આપ્યો હતો. મને અક્ષરશઃ યાદ છે. તમે પૂછ્યું હતું : "સુમી, તારા મુખ પર આ પહેલાં કદી ય જોઈ નથી એવી ગુલાબી સુરખી કેમ આવી છે? આ આભા તને અત્યંત સુંદર બનાવે છે." મેં શરમાઈ ને કહ્યું હતું : "મારા જીવનમાં એકાએક પલટો આવી ગયો છે અહીં આવ્યા બાદ. હિંદમાં હું બહુ ઓશિયાળું ઓશિયાળું જીવન જીવી. મારું વંધ્યત્વ મને કોરીકોરીને ખાઈ જતું હતું. મારે ઘેર, તારે ઘેર, પાડોશમાં, સમાજમાં બધે—જ્યાં ગયાં ત્યાં મને પુત્રવિહોણીને સહુએ ધુત્કારી સૌ એવી કરપીણ નજરોએ મને જોતું કે હું લગભગ ગાંડી બની ગઈ. દોષિત ! દોષિત ! હું ચક્કીમાં પીસાઈ અહીં આવતાંની સાથે એકાએક બધું જ બદલાઈ ગયું. અહીંના મુક્ત વાતાવરણમાં-ખાસ તો લોકોના અવકારે મારામાં નવું ચેતન પ્રેર્યું, પ્રેરણા આપી; એથી જ આ ગુલાબી સુરખી ઉભરાવા માંડી છે, ને છતાં ય આજે વર્ષોથી પૂછવા ધાર્યો છે એ પ્રશ્ન પૂછી લેવા દે. હું એક ડરથી સતત પીડાયા કરું છું મને ખરાબ સ્વપ્ન આવ્યા કરે છે. દુનિયા આખીનો તિરસ્કાર ખમવાની મારામાં શક્તિ છે, પણ તારો એક નાનોસરખો બોલ પણ મારા હૃદયને નંદવી નાખે છે. કહે તો અજય, તું મને પુત્રવિહોણીને ક્યારે ય ત્યજી તો નહિ દે ને? કોઈ પણ સંજોગોમાં?"... મારે વધુ નથી કહેવું. ત્યારે તેં આપેલા એ વચનની આજે જતાં પહેલાં મારે તને યાદ દેવડાવવી હતી જો તે સમયે તેં મને એક સહજ સરખો અણસારો યે આપ્યો હોત તો નાયાગરાનાં ધૂઘવતાં પૂરમાં પડતું મૂકતાં મને લગારે આંચકો ના લાગ્યો હોત... લાગણીઓમાં તમને તુંકાર થઈ ગયો છે તો માફ કરજો.'

'ચાલ સુમી, આનો કંઈ નીવેડો લાવીએ.'

'—કે જેથી હું કોઈ અમેરિકન સાથે પરણી ના બેસું!-ને જિંદગીભર તમારી ગુલામ બની રહું ! પક્કા છો તમે ! સ્વાર્થી પણ. તમને બધાં જ નાટક ભજવતાં આવડે છે. હજુ ત્રણ ચાર માસ પર-જ્યારે એ યુરોપ ગઈ હતી ને એની ચાલચલગત માટે વહેમ પડવા માંડયો હતો ત્યારે-મીઠા બોલોથી જે ભોળવી હતી તે હું કાંઈ ભૂલી ગઈ નથી, હોં. તમારું આવું મોટું પાપ માફ કરવાની શક્તિ મારામાં છે, પણ મારી ડેઇટની વાતને જીરવવાની શક્તિ રજમાત્ર તમારામાં નથી.'

એ ઝટપટ બેડરૂમમાં ધસી ગઈ ને પોતાની નાની સૂટકેસ ઉપાડી બહાર આવી. એનામાં લાગણીઓનો આવેગ આવી રહ્યો હતો. એને ભીતિ લાગી રહી હતી કે કદાચ પોતાના નિર્ણયમાંથી ડગી જવાશે. એ ઊર્મિઓ સંભાળતી બોલી: 'હું જાઉં છું.' એ ઊભો થઈ ગયો. એના વિસ્મયનો પાર નહોતો : 'ક્યાં? પણ ..ક્યાં?'

'મારે ઘેર!' 'તારે ઘેર? હિંદ? પણ ..'

'ના મારે પોતાને ઘેર.' 'કોઈ અમેરિકન સાથે?'

'ના લગારે ગભરાશો નહિ. નિશ્ચિંત રહેજો. એ તો બનાવી કાઢેલી વાત હતી. તમે ધર્મ ચૂકયા છો, પણ હું નથી ચૂકી. ચૂકી શકું એમ છું, તકો ઘણી છે, પણ હું આર્ય નારી છું મારું એક નાનુંસરખું એપાર્ટમેન્ટ છે, સરસ મઝાનું—બે જણ મા ય એવું નાનું મારું ઘર બનાવવું છે મારે. એ બનવાની તૈયારીમાં છે. એને સજાવવા જાઉં છું.'

એ હજુ બાઘાની જેમ અનિમેષ એની સામે તાકી રહ્યો સુમિત્રાએ તે પછી ધીરે રહીને જે ઘટસ્ફોટ કર્યો એથી એના મસ્તક પર જાણે બૉંબનો ભડાકો થયો અને એના વજ્રાઘાતથી એ હતબુદ્ધિ બની ગયો.

'અજય ! ન માન્યામાં આવે એવી વાત છે, ને છતાં યે એ હકીકત છે. હા, મારું નાનું, સુંદર, મઝાનું ઘર. મારા ઉદરમાં એક નાનું સરખું ફૂલ છેલ્લા ત્રણ માસથી ફરકયા કરે છે. મારા આનંદનો પાર નથી. એને માટે એક નાનું ઘર વસાવી રહું છું. આજે માત્ર દુઃખ એક જ વાતનું છે; લવકુશની જેમ આ બાળકને પણ એના પિતાના સુખથી વંચિત રહેવું પડશે. ખેર! બીજો કોઈ ઉપાય નથી. આવજો ! ગુડ બાય ! ગુડ લક !'

એ સડસડાટ ઘરની બહાર નીકળી ગઈ. પાછળ ફરીને એક વખત અજયને જોવાની ઇચ્છાને એણે મન મારીને ક્રૂરતાથી દબાવી દીધી.

# જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ



સ્કેચ ૧૯૪૫
સ્કેચ ધાળિકર
સ્માડતા ઉકતા.

મને યાદ છે તે પ્રમાણે આ રજામાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન માટે નાનાભાઈના આગ્રહથી શ્રી દક્ષિણામૂર્તિ (શંકરનું એક સ્વરૂપ)ની મોટી છબિ કરી. તેમાં 'ગુરુર્યુવા' જેવા સ્વરૂપની તેજોમયી આકૃતિ કરી શક્યો તેથી ઘણા ભાવિક અનુયાયીઓ ખૂબ પ્રસન્ન થએલા. એ છબિ પરથી કરેલી પ્રતીકછાપ તેમના વ્યવહારપત્રો પર ચાલે છે. એ અને મેં કરેલી નાની છબિ, બંને આજે 'લોકભારતી'માં છે.

### ૪૧૭ શાળાને છેલ્લા રામરામ

મુંબાઈ પહોંચ્યા પછી જાણ્યું કે પ્રિન્સિપલ બર્ન્સસાહેબને છેવટની વિદાય આપવા ધારેલો રંજન-કાર્યક્રમ રદ થયો હતો પણ ઈનામનો મેળાવડો તો થવાનો જ હતો. તેમાં પ્રમુખ તરીકે ગવર્નર પોતે અને કાઉન્સિલ-સભ્યો હાજરી આપવાના હતા. અને તે પછી તમામ વિદ્યાર્થીઓ ને શિક્ષકોનું સમૂહભોજન થવાનું હતું. તે માટે વિદ્યાર્થીઓમાં ફાળો થએલો, તેમાં મેં મારો હિસ્સો તો ભરી દીધો, પણ હવે શિલ્પવર્ગમાં હાજરી આપવાનું છોડી દીધું મારે પરીક્ષા તો આપવી નહોતી એટલે કોઈ શિક્ષકને પણ મળ્યો નહિ, માત્ર મેળાવડાના દિવસે હું હાજર થયો. તે વખતે ધુરંધર માસ્તર ઈનામ લેનાર વિદ્યાર્થીઓને પ્રમુખસ્થાનની નજીક ગોઠવી રહ્યા હતા. હું તેમની પાસે ગયો ને નમસ્કાર કરી જણાવ્યું કે માતાની માંદગીના કારણે મારે ઓચિંતા જવું પડેલું. મારી ગેરહાજરીથી નાટક તૂટી પડેલું. એ એમને ખૂંચ્યું હશે, એટલે ઉગ્ર સાદે બોલ્યા : 'I Know you are the chief mischief-maker. (હું જાણું છું કે તેં જ બધો ખેલ બગાડયો છે.)' હું કંઈ જ બોલી શક્યો નહિ અને વિદ્યાર્થીસમૂહમાં જઈ બેસી ગયો.



'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુછિન્નસંશયાઃ'
એ શ્લોકખંડના ધ્યેયસૂત્ર સાથે શરૂ થએલા 'શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ના અધિષ્ઠાતા દેવ શિવના દક્ષિણામૂર્તિ સ્વરૂપનું ચિત્ર(ર.મ.રા.)

ગવર્નર, કાઉન્સિલરો અને શહેરના આગેવાન ભદ્ર પુરુષો આવ્યા. એ વખતે સર પ્રભાશંકર પટ્ટણી પણ એક કાઉન્સિલર હતા તેથી તે પણ આવ્યા હતા. હું તો ઉદાસ બની બધું જોઈ રહ્યો હતો. મિ. બર્ન્સે ગવર્નરને આવકાર આપ્યો. શ્રી ધુરંધરે અહેવાલ વાંચ્યો અને હવે પછી લેડી ગવર્નરના હાથે ઇનામો અપાશે એવું સાંભળ્યું. તુરત મારા આશ્ચર્ય વચ્ચે મિ. ધુરંધરે શાળાનો 'મેયો મેડલ' મેળવનાર પ્રથમ વિદ્યાર્થી તરીકે મારું નામ પોકાર્યું ! ચકિત થઈને હું મારી જગ્યા પરથી આગળ ગયો, અને લેડી ગવર્નરના હાથમાંથી મેયો મેડલની ઉઘાડેલી પેટી લઈ, વંદન કરી, પાછો આવી મારી જગ્યા પર બેસી ગયો. પછી ઘણાં નામો બોલાયાં, પણ એમાંથી મારો જીવ દૂર થઈ ગયો એમ લાગ્યું. પછીથી જમણ હતું, તેમાં યંત્રવત્ મિત્રોના સાથમાં ભોજન પતાવી મરીન લાઈન્સથી સાન્ટાક્રુઝની લોકલ પકડી ઘેર આવ્યો. હવે ફરી એ શાળામાં પગ ન મૂકવા જેવા વિચારો અને વિષાદ ઘોળતો અનુભવતો હું ભાવિના નવા જીવનના ઘાટ ઘડવા લાગ્યો.

### ૪૧૮ નવા જીવનનાં ફાંફાં

થોડા દિવસ તો હું બહુ જ બેચેન રહ્યો. હાજીમહમ્મદ પાસે જાઉં ત્યારે અંગત ચિંતાઓ અને જંજાળોમાં એમના પર કોઈ હક-તકાજો કરવાની હામ થતી નહિ પણ એમની સોબત અને દિલસોજી મને ખૂબ ધૈર્ય આપતાં. એમનાં સોંપેલાં કામમાં મને ખૂબ આનંદ આવતો. એમ થતું કે આ કામ આવતા મહિને ગુજરાતી વાંચનારી આલમમાં પહોંચી જશે. પણ મારી અંગત ભીડમાં કોઈનો સાથ ભાળતો નહોતો. એવામાં મારા મિત્ર ગજાનન પાઠક મુંબાઈ છોડ્યા પછી વડોદરામાં કળાભવનના સ્થાપત્ય (આર્કિટેક્ચર) વિભાગમાં શિક્ષક બન્યા હતા એ ખબર ત્યાં પોસ્ટમાસ્તર બનેલા મારા પિતાશ્રીને મળ્યા. તેમના પિતાશ્રી અને મારા પિતાશ્રી પુરાણા મિત્રો હતા અને પાછા ગુરુભાઈ તરીકેનો ગાઢ સંબંધ હતો, એટલે ઘર જેવા નાતે મારા પિતાશ્રીને તે 'કાકા' કહેતા. મારા પિતાશ્રીને હમેશાં મારા જીવનની ઉન્નતિ માટે ચિંતા અને ઉદાસી રહેતાં. ગજુભાઈએ તેમને મળી ચર્ચા કરી કે મારો શાળાનો અભ્યાસ પૂર્ણ સફળ થયો છે અને હવે જ જીવનમાં ઝૂઝવાનું છે, પણ તુરત તો જે પગથિયું મળે તે પકડી લેવું જોઈએ. હું ક્યાંયે નોકરી કરું તે મારા પિતાશ્રીને પસંદ નહોતું, પણ કળાભવનમાં થોડા વખત પહેલાં પેઈન્ટિંગના શિક્ષક શ્રી બુધવારકર ગુજરી ગયા હતા તેની જગ્યા હજી ખાલી હતી. નવા વર્ષમાં તે પૂરી દેવામાં આવે તે પહેલાં જો હું પ્રયત્ન કરું તો ફાવી શકું એટલી લાયકાત મને મળેલા 'મેયો મેડલ' અને 'સુવર્ણ ચંદ્રક'થી સિદ્ધ થઈ છે. આમ કહીને, ત્યાં



નરસિંહરાવ દિવેટિયા પોતાના અભ્યાસખંડમાં

કળાવિભાગના વડા તરીકેની મને જગ્યા મળે તો કંઈક મોભો મળશે એવું ગજ્જુભાઈ મારા પિતાશ્રીને સમજાવી શક્યા હશે, એટલે તેમણે મને તુરત મારા કામના નમૂના, પ્રમાણપત્રો ને અરજી લઈ કળાભવન-ના પ્રિન્સિપલ છોટાલાલ વોરાને રૂબરૂ મળી જવા પત્ર લખ્યો. ગજ્જુ-ભાઇને શ્રી વોરા માટે બહુ જ માન હતું. ત્રેવીસ વર્ષની નાની વયે પરદેશથી અભ્યાસ કરી આવી તેમણે કળાભવનના પ્રિન્સિપલનો હોદ્દો સંભાળ્યો હતો. તેમની ન્યાયબુદ્ધિમાં તેમને ખૂબ વિશ્વાસ હતો.

## ૪૧૯ બ્લ્યુ બંગલે

ગજ્જુભાઇનો પત્ર આવ્યો કે મેં તુરત તે હાજીમહમ્મદને બતા-વ્યો. મુંબાઈ છોડવાની મારી વાતથી તે નારાજ તો હતા જ, તે સાથે વળી માત્ર પોણોસો રૂપિયાના પગારથી શરૂ થતી નોકરીથી હું ખેંચાયો એ જાણી તે ઘણા નાખુશ થયા; પણ મેં સમજાવ્યું કે મારી આજીવિકા-ની સ્થિરતા થતાં હું મારો અભ્યાસ વધારી શકીશ, લોકો આગળ લાચાર બનવું નહિ પડે અને વડોદરાનું સધ્ધર પુસ્તકાલય, મ્યૂઝિયમ અને ચિત્રસંગ્રહ મારા માટે તો વિદ્યાભંડાર બનશે જ્યાંથી હું નિરાંતે 'વીસમી સદી'ની સેવા સંભાળી શકીશ. મારી ચિંતા જરા યે તેમના પર નહિ રહે સાથે ગુજરાતના તળજીવનનો સંપર્ક રહેશે. આવું બધું કહી તેમને મેં પીગાળ્યા. તે પછી તેમણે પૂરા હૃદયથી મારો કેસ હાથ લીધો. મને કહે: 'નરસિંહરાવ દિવેટિયા ને વડોદરાના દીવાન મનુભાઈ-ને નિકટનો સંબંધ છે. નરસિંહરાવ કોઈને ચિઠ્ઠી લખી આપે નહિ એવા સિદ્ધાંતવાદી છે, પણ તમારે માટે તેમના મનમાં આદર છે, એટલે આપણે આવતા રવિવારે તેમના વાંદરા ખાતેના બ્લ્યુ બંગલે જઈ મળીએ. તમે પહેલાં મારે ત્યાં આવજો, પછી સાથે નીકળીશું.'

રવિવારે બપોરના ભાગે હું તેમને ત્યાં પહોંચ્યો. થોડી કામની વાતો કરી તેમણે નરસિંહરાવ માટેના કાગળો સાથે લીધા, ને ગ્રાન્ટ રોડ જઈને લોકલમાં વાંદરા પહોંચ્યા ત્યારે બે વાગી ગયા હતા. ખારનું સ્ટેશન ત્યારે બન્યું નહોતું. અમે વાંદરા ઊતરી વિક્ટોરિયામાં માઈલેક દૂર આવેલા ઉજ્જડ રસ્તાપરના બ્લ્યુ બંગલે પહોંચ્યા. હાજીએ વિક્ટો-રિયા રોકી રાખી, કેમ કે એ રસ્તા પર ફરી વાહન મળવું મુશ્કેલ હતું.

જરા ઊંચા ટેકરા પર આવેલા જૂના કંપનીધાટના બંગલાનાં પગ-થિયાં ચડી અમે દાખલ થયા કે પહેલા ખંડમાં શ્રીમતી દિવેટિયા મળ્યાં. હાજી માટે તો, જાણે ઘરનું માણસ આવ્યું હોય તેવો હરખ તેમણે બતાવ્યો. બાજુની પાંખવાળા ખંડમાં નરસિંહરાવ કંઈક લખતા હતા. અમને જોઈ તેઓ હેતથી મલક્યા અને હાજીએ આપેલા પ્રૂફના કાગળો જોવા માંડ્યા. ત્યાં ઊભા ઊભા અમે બાજુના ખંડમાં નજર નાખી તો ઋષિ જેવી દાઢીવાળા એક વૃદ્ધ જન એક બાળકને રમાડતા હતા. હાજીમહમ્મદે દૂરથી નમસ્કાર કર્યા ત્યારે મૂગા મૂગા તેમણે તેનો સ્વીકાર કર્યો. અને ફરી પાછા બાળક સાથે રમતમાં પડી ગયા.

હાજીએ ધીરેથી મને કહ્યું: 'એવણ દયારામ ગીદુમલ!' ઈ. ૧૯૧૩-ના એપ્રિલમાં અમદાવાદમાં પ્રાંતિક સંસારસુધારાની પરિષદ થઈ તેના પ્રમુખ નરસિંહરાવ હતા. એ વખતે અમદાવાદમાં ન્યાયાધીશ તરીકે સિંધના પ્રખ્યાત પુરુષ દયારામ ગીદુમલ હતા. તેમની કાબેલિયત, નિષ્ઠા અને સ્વચ્છ જીવન માટે લોકોમાં ખૂબ પ્રશંસા થતી. શ્રી નર-સિંહરાવ સાથે તેમને ગાઢ મૈત્રી હતી. સંસારમાં કેટલાક અકળ બનાવો બને છે તેમ એ સંબંધોમાં પણ બન્યું.

દયારામની ઉમર લગભગ ૬૦ વર્ષની હતી અને નરસિંહરાવનાં સુપુત્રી ઊર્મિલાની વય ૨૫ વર્ષની. તે 'સેવાસદન' સંસ્થાનાં એક પ્ર-મુખ કાર્યકર હતાં અને દયારામ એ સંસ્થાના અગ્રણી હતા. દયારામનાં પ્રથમ પત્ની હયાત હતાં. તેઓ સિંધના આમિલ જાતિના હતા. વિધિ-પ્રમાણે લગ્ન ગેરકાયદે ગણાય, તેથી દયારામે અને ઊર્મિલાએ પોતાનો પ્રણય પાકો કરવા શીખ ધર્મની દીક્ષા લઈ આનંદવિધિ પ્રમાણે લગ્ન કર્યું. ('સમાલોચક' જૂન બીજી). આ સમાચારે ગુજરાતનાં પત્રોમાં અને ન્યાતોમાં જબરો ઉહાપોહ જગાવેલો, પણ નરસિંહરાવે હિંમત-પૂર્વક આ પ્રસંગને પોતાની પુત્રીની 'ભૂલ ખરી, પણ પાપ નથી' એમ કહી એ બંનેને પાંખમાં લઈ લીધાં હતાં. પછી તો દયારામ નોકરીથી મુક્ત થઈ એકાંતવાસી બની ગએલા. છેવટનાં વર્ષોમાં એ કુટુંબ પર સામાજિક આપત્તિ, એકલતા અને લોકાપવાદના પ્રહારોનો પાર નહોતો. એ બધાં સામે નરસિંહરાવ અડગ અને નિશ્ચલ રહ્યા હતા. પણ તેમના યુવાન પુત્ર નલિનકાન્તનું અકાળે મરણ થયું ત્યારે તે ખૂબ જ આઘાત પામ્યા. એ મનદુઃખ શમાવવાને તેમણે 'સ્મરણસંહિતા' લખી. તેને સચિત્ર કરી છપાવી આપવામાં હાજીએ હૃદયથી સહાય કરી હતી અને તે સદાય હાજીના પ્રેમબંધનમાં રહ્યા હતા.

અમે તેમને મળવા ગયા તે પહેલાં ઊર્મિલા એક બાળકને જન્મ આપી દેવગતિ પામ્યાં હતાં તે નવો આઘાત પણ આ કુટુંબમંડળમાં જાણે કાળ બની ઉદાસીનતા છાંટી ગયો એવું લાગતું. દયારામ બાળકને લઈ તેમની સાથે રહ્યા હતા. અને બાળકની સર્વ સારસંભાળ લેનાર આખા દિવસની નર્સ બની ગયા હતા. કોઈ બીજાને તે મળતા કે વાત-ચીત કરતા નહિ; એક ધૂનમસ્ત દીવાનાના જેવું એમનું સ્વરૂપ જોઈ હું પણ સમયની અજબ લીલાથી વિસ્મય પામી ગયો.

નરસિંહરાવે હાજીની સાથે લેખો વગેરેની વાત કરી અને કેટલા યે દિવસનો વાયદો પાર પડ્યો તે માટે ધન્યવાદ આપ્યા. તેમનાં પત્ની ચા ને બિસ્કિટ લઇ આવ્યાં. હાજીએ મારી વાત કરી ને ઠીક લાગે તો મનુભાઈ પર પત્ર આપવા કહ્યું. અમને મનમાં બીક હતી કે ચોખ્ખી ના કહી દેશે; પણ મારા નમ્ર હિતમાં કંઈ બને તે કરવું એવી તેમની પ્રબળ ઈચ્છા હશે, એટલે તુરત તેમણે નોટ પેપર લઈ મનુભાઈ ઉપર ચિઠ્ઠી લખી; પણ તેમાં મને 'નોકરીમાં સહાય કરજો' એવું તો ન જ લખ્યું. માત્ર એટલું લખ્યું કે: '"વીસમી સદી"થી જાણીતા થએલા અને અનેક બીજા ગુણો ધરાવનાર ગુજરાતના ઊગતા કળાકારનો પરિ-ચય આપવા આ લખું છું. તેઓ તમને મળશે.' હાજીએ આંખ દ્વારા મને કહ્યું: 'આટલું ઘણું છે. એમની નોટનો અર્થ મનુભાઈ વિચારી શકશે.'

અમે ચાલી નીકળ્યા ત્યારે સાંજ પડવા આવી હતી. રોકી રાખેલી વિક્ટોરિયામાં વાંદરા પહોંચી હાજી મુંબાઈ ગયા, અને હું સાન્ટાક્રુઝ ઘેર પહોંચ્યો. પણ વૃદ્ધ દયારામ અને બાળકનું ચિત્ર હું કદી ભૂલ્યો નથી.

### ૪૨૦ વડોદરાના વાયુમંડળમાં

વડોદરામાં રજૂઆત કરવા જેવા નમૂના, મારા વિષેના અભિપ્રાયો, છાપાંની કાપલીઓ વગેરે સરંજામ લઈ હું વડોદરા જવા ઊપડ્યો. વડોદરાની પૉસ્ટ ઑફિસ તે વખતે રાવપુરાના રાજ્યમાર્ગ ઉપર હતી. મેડી ઉપર પૉસ્ટ-માસ્તરનો નિવાસ હતો. મારા પિતાશ્રી હજી સ્થિર થતા હતા, પણ પાછા ફેરફારો થવાના ભણકારા હતા, એટલે બહુ ઘરવખરી ભરી નહોતી. હું દિવસની ટ્રેઈનમાં પહોંચ્યો અને સાંજે ગજુભાઈને મળ્યો. તે વખતે એમણે દાંડિયા બજારના લત્તામાં એક મેડી પર ઘર રાખ્યું હતું. બહુ નાના ખંડો. તેમનાં માતુશ્રી—આદિત્ય માશી—પણ ત્યાં હતાં. ગજુભાઈને ત્યાં એક બાળક હતો તેને તે સાચવતાં. તે માટે વામનરાવ વડનેરકર કરી એક વિદ્યાર્થીને કુટુંબમાં આશ્રય આપ્યો હતો. (આ વડનેરકર પાછળથી વડોદરા રાજ્યના મુખ્ય સ્થાપત્ય-અધિકારી થયા હતા). ગજુભાઈ પોતાના કાર્યમાં તેમજ ગૃહ-સંસારમાં ચોકસ ગોઠવણો અને વ્યવસ્થા માટે બહુ આગ્રહી હતા.

મને જોઈને તે ખૂબ રાજી થયા અને કહ્યું: 'જો તમારું અહીંનું થઈ જાય તો આપણે કળાભવનમાં નવો રંગ લાવી શકીશું. અહીં તો બહુ રેઢિયાળપણું નભી રહ્યું છે. પ્રિન્સિપલ વોરાને મેં વાત કરી ત્યારે તેમણે ખૂબ પ્રસન્નતા બતાવી છે અને આવતી કાલે જ તમારે મળવાનું છે.' એમની વાતોએ મને ખૂબ આશાવંત અને ઉત્સાહી બનાવ્યો.

પિતાશ્રી એમની ટેવ પ્રમાણે ઑફિસનાં કામો ખૂબ ચીવટથી અને શિસ્તપૂર્વક કરાવતા. એમને આ બાબતમાં બહુ શ્રદ્ધા જણાતી નહોતી. બીજે દિવસે હું અને ગજુભાઈ સાથે કળાભવનમાં ગયા. ગજુભાઈએ પટાવાળા સાથે વોરાસાહેબને મારા આવ્યા વિષેની ચિઠ્ઠી મોકલી કે તુરત તેમણે મને બોલાવ્યો.

પ્રિન્સિપલ વોરા રણજિતરામના મિત્રમંડળમાં હતા. ગુજરાતની સેવા કરવાની ભાવના તેમનામાં તીવ્ર હતી, પણ ગાયકવાડી રાજ્યમાં ભાવનાશીલ માણસો કરતાં મુત્સદ્દી બુદ્ધિના તેમજ રાજકુટુંબ સાથે સંબંધ ધરાવતા ફાવી જતા છતાં શ્રી વોરાને કળાભવનમાં શિસ્ત, સંસ્કાર અને શિષ્ટતા લાવવાના કોડ હતા. પોતે બહુ નિયમિત બહુશ્રુત અને જાગૃત મનુષ્ય હતા. તેમણે તુરત P. W D. (તે વખતે કળાભવન P. W. D.—પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ—ની સત્તા તળે હતું) ના અંગ્રેજ અધિકારી મિ. કૉઈલની ઑફિસમાં મારી મુલાકાત માટે સમય માગ્યો. તેમાં પણ બહુ વાર થઈ નહિ. જવાબ આવ્યો કે તુરત તે પોતે જ મને સાથે લઈ ચાલી નીકળ્યા. મિ. કૉઇલની મુલાકાત સફળ થઈ અને બહાર આવી શ્રી વોરાએ મને કહ્યું: 'તમે હવે તૈયાર રહો. એકાદ માસમાં તમારે અહીં આવી જવું પડશે.'

સાંજે પિતાશ્રીને વાત કરી, પણ ગાયકવાડી રાજ્યના ઢંગ પરથી તેમનું મન માનતું નહોતું. હું તો ઉમંગમાં આવી ગયો હતો. હવે વડોદરામાં વધુ રોકાવું જરૂરી ન હોઈ બીજે દિવસે હું મુંબાઈ ઊપડી ગયો.

વડોદરાની વાતનું પિતાશ્રીએ ધાર્યું હતું એમ જ બન્યું. મુંબાઈ જઇ હું બધું સમેટવાની હીલચાલ કરતો હતો ત્યાં વીસેક દિવસે ગજુભાઈનો પત્ર આવ્યો કે ફીમેઈલ ટ્રેઈનિંગ કૉલેજના એક વૃદ્ધ દક્ષિણી માસ્તરની જગ્યા પર એક બાઈ ચિત્રશિક્ષકે આવતાં તેમનું નિવૃત્તિનું છેલ્લું વર્ષ પૂરું કરવા સારુ, કળાભવનમાં ખાલી પડેલી જગ્યા એ જ ગ્રેઈડની હોઈ તેમને બુધવારકરની જગ્યાએ ગોઠવી દીધા છે! આમ મારું સ્વપ્ન ખલાસ થઈ ગયું. કળાભવન જેવી સંસ્થા આ જ ઢબે ચાલતી જોઈ મને નવાઈ લાગી. (ચાલુ)

---


## શતરંજ........સુરેશ મોદી

લાસ્કર પછી કાપાબ્લાન્કા છ જ વર્ષ (૧૯૨૧-'૨૭) સુધી વિશ્વવિજેતા રહ્યા હતા, છતાં ઘણા તેમને સૌથી મહાન ગણે છે. તેમણે ૧૨ વર્ષની વયે ક્યુબાના ચૅમ્પીઅન થઈને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલી. પોતાના દેશના વિદેશ ખાતામાં મોટા અધિકારી હોવાથી બીજા ચૅમ્પીઅનો જેટલો શતરંજ રમવાનો સમય તેમને ન મળતો. વળી તે અરસામાં વિશ્વવિજેતાના પદ માટે આહ્વાન આપવાના આજના જેવા ચોક્કસ નિયમો ન હતા. જો તેમને અલેખ ઇનને આહ્વાન આપવાની તક મળી હોત તો તે પદ તેઓ પાછું મેળવત તેમ ઘણા માને છે. તેમની રમતમાંથી એક સુંદર કૉમ્બિનેશન જોઈએ. (જુઓ સાથેની આકૃતિ)

કાળાએ રમવાનું 1..., B×N; 2 R×B, N–Q4; 3 R–B2.

અહીં સફેદ 3 R×Pથી ખાટું મારી ન શકે નહિ તો 3..., N–B6 પછી ઘોડાના બદલે હાથી આપવો પડે.

CAPABLANCA



DR. BERNSTEIN

3..., P–B6; 4 R/1–QB1, R–B4; 5 N–N3, R–B3; 6 N–Q4, R–B2; 7 N–N5. R–B4; હવે સફેદને લાગે છે કે તેનાં ત્રણ મ્હોરાં કાળાના QBP ઉપર હુમલો કરે છે જ્યારે એના બચાવમાં કાળાનાં બે જ મ્હોરાં છે તેથી તે ખાટું જીતી શકશે.

8 N×BP, N×N; 9 R×N, R×R; 10 R×R. સફેદને ખાટું તો મળ્યું. તેની ધારણા એ હતી કે બહુ બહુ તો કાળો 10..., Q–N8ch રમી શકશે. તેની સામે તેની પાસે સારો બચાવ હતો. જુઓ: 11 Q–B1, R–Q8; 12 R–B8ch, R–Q1; 13 R–R mate. પણ કાપાબ્લાન્કાએ વધુ ઊંડો વિચાર કર્યો હતો. તે કોયડાની ચાવીની ચાલ જેવી સુંદર ચાલ ચાલે છે.

10..., Q–N7!! સફેદ પાસે આની સામે ઘણા જવાબ છે. તે બધા વિકલ્પો આપણે અહીં જોઈએ—

11 Q×Q, R–Q8 mate.

11 Q–K1, Q×R; 12 Q×Q, R–Q8ch; 13 Q–K1, R×Q mate.

11 R–Q3, Q–B8ch; 12 Q–Q1, Q×Qch; 13 R×Q, R×R mate.

11 R–B8, Q–N8ch; 12 Q–B1, Q×Qch; 13 K×Q, R×R અને વધુ હાથીથી કાળો જીતે.

11 R–B2, Q–N8ch; 12 Q–B1, Q×R અને વધુ હાથીથી કાળો જીતે. આ બધું જોતાં 11 Resigns.

અંતરગઠરી (૪૨) છોડતા **ચંદ્રવદન મહેતાને** નવી દુનિયામાં પ્રવેશ કરાવતું


# અતલોડ્ડયન

**એ**ને બધા નવો દેશ કહે છે; અને નિશાળમાં સૈકાઓથી એ દેશના શોધક તરીકે કોલંબસનું નામ શીખવવામાં આવે છે. પરંતુ મેક્સિકોમાં મય સંસ્કૃતિ અને પેરૂ (દ. અમેરિકા)માં ઈન્કી સંસ્કૃતિ ત્રણેક હજાર વર્ષ પહેલાં વિસ્તરેલી હોવાના ચોક્કસ પુરાવા, અને તે વેદકાળની આર્ય સંસ્કૃતિ સાથે સામ્ય ધરાવતી હોવાના ઈશારા વિદ્વાનોનાં પુસ્તકોમાં જોવા મળે છે. એટલે, એ તો જેનું ચાલ્યું એનું જોર, એમ ગણી આપણે પણ એને નવો દેશ કહીશું. ભલે ધરતી જૂની, પણ બહારથી આવેલા નાનાવિધ લોકોએ લઢી-વઢી ઝગડી આખરે એક નવો દેશ તો બનાવ્યો, એમાં નવા પ્રકારની સંસ્કૃતિ યે જન્માવી.

લંડનથી એર ઇન્ડિયામાં ઊપડ્યા સવારે અગિયારે; પણ સૂરજ દાદા યે હંગાથે જ! એટલે જાય દિવસ લંબાતો—તે એવો, કે કહે છે કે, એ આઠ-દસ કલાકના આટલાન્ટિક ઉપરના નોધારા, હવા સોંસરવા ઉડ્ડયનમાં ચા-પીણાં ખાણાં પીરસવાના આંટાફેરામાં જ એર હોસ્ટેસને આઠથી નવ માઈલની પગયાત્રા થાય છે! 'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' એક એર હોસ્ટેસની કેડે માઈલ ગણતરીનું મીટર બાંધીને આ હિસાબ કાઢી પોતાના છાપામાં તેની છબિ અને આંકડો છપાવ્યાં એનું હજી મારી પાસે કટિંગ છે. બને! બે બાજુ ત્રણ ત્રણ બેઠકોની વીસ-પચ્ચીસ હાર, એમાં લાવવા લઈ જવાનું—બને! એ તો બને કે ન બને; પણ 'ટાઈમ્સે' સ્ટંટ તો સારો કર્યો! નવી પ્રજા, એટલે કંઈક નવા વિક્રમો સરજવા જ પડે. હૃદયના ધબકારા ગણાઈ ચૂક્યા, ઘોડદોડના અંદાજો નીકળી ચૂક્યા, એટલે હવે બે કિશોર-કિશોરી લગબથ બાઝીને હોઠમાં હોઠ જકડી ચુંબન કેટલા કલાકો સુધી લંબાવી શકે છે, ત્યાંથી માંડી ચન્દ્રલોકની ભૂમિ પર પગ મૂકતાં કેવો અનુભવ થાય છે, ત્યાં સુધીના કંઈક અંદાજો એમણે કાઢવા રહ્યા! પેલા એક ગણિત બહાદરની વાત તો જાણો છો ને? એને ગ્રેસી ગારફીલ્ડ સિનેમા નટી કોને પરણી, પછી ફરી વાર છૂટાછેડા લઈલઈને કોનેકોને પરણી, એનું જ સાંકળિયું બનાવવામાં રસ! એવા કંઈક નવરા રસિયા આવી આવી શોધખોળ કર્યા કરે છે. પણ એવી શોધખોળોની યાદી બનાવવાના ચડસમાં જ જો આપણે પડીએ તો આપણા મગજમાં પણ કેઇ નકુચા ઢીલા પડી જાય.

**પ્લેન ભરચક.** એમાં કૅલિફૉર્નિયની કોઈ યુનિવર્સિટીના સિત્તેરેક છોકરા-છોકરીઓની ફરવા નીકળેલી ટોળી. દસપંદર દિવસમાં યુરોપના આઠદસ દેશો જોઈ વળી, હવે ન્યૂ યૉર્કથી પ્લેન બદલીને તરત જ એ લૉસ ઍન્જેલિસ જવાની. એમની સટરપટર એટલી બધી કે આઠ કલાકમાંથી માંડ આઠ મિનિટ બે જણ સાથે સખણાં બેસી શકે! ઊભાં થાય, પીછે જાય, આગે ચલે, કોઈનાં ઝટિયાં તાણે, બૂમો મારી બોલાવે, કાગળો કાઢે, મોટેથી વાંચે, હસે, હાહા કરે, ઠીઠી ઠઠ્ઠોળી કરે, કોઈક ભૂખ્યા થઈ જાય, બીજા પીવાનું માગે, કોઈ ચાર જણ માંડમાંડ પાનાં રમવામાં પડે તો એમને હરકતમાં મૂકે, કપડાં બદલે, વાળ સમારે,

ઉત્તર-દક્ષિણ અમેરિકાના મધ્ય વિસ્તારમાં ગ્વાટેમાલા, હૉન્ડુરાસ ને દક્ષિણ મેક્સિકોની આસપાસ અતિ ગીચ જંગલો અને પહાડીઓમાં ઈસવી સનની આરંભની છ સદીઓમાં 'મય' નામે એક સમૃદ્ધ સંસ્કૃતિ વિકસી હતી. એમનાં નગરોમાંના એક, હૉન્ડુરાસ નજીકના 'કાપેન' નામના ગામના ધર્મસ્થાનનાં ખંડેરોનું આ આલેખન છે. સવાસો વર્ષ પહેલાં જ્હૉન લૉઈડ સ્ટીફન્સ નામના એક અમેરિકન વકીલે એ શોધ્યું અને માત્ર ૫૦ ડૉલરમાં એ ખરીદ્યું હતું. ધાતુનાં હથિયારો તથા પૈડાથી અજ્ઞાત છતાં એ મય પ્રજાએ કેવી સ્થાપત્યસિદ્ધિ પ્રાપ્ત કરી હતી એ આ અવશેષો જોતાં જણાય છે. એ ખેતીપ્રધાન પ્રજા ખગોળ અને ગણિતના ક્ષેત્રે પણ એટલી જ આગળ વધેલી. એમનાં પંચાંગ આજના જેટલાં જ ચોક્કસ હતાં. શિલ્પકળામાં પણ એ પ્રજાએ એવો જ વિકાસ સાધેલો. ઈસવી સનના સાતમા સૈકામાં કોઈ અજાણ્યા કારણસર તેઓ આ સ્થળો છોડી ચાલ્યા ગયા હતા.



લિપસ્ટિકો ચિટકાવે...ભારે સળવળાટ! પણ જે થાય કે કરે તે બધું પોતાની ટોળીમાંના સભ્યો સાથે બીજાને કશી હેરાનગતિ ન કરે. અલબત્ત, આપણને તકલીફ ખરી, પણ એ થાય ત્યારે એવી હસગણું 'સૉરી' બોલાય. અને છટપટાટ યૌવનવાળી, ભણતરને ટોલ્લે મૂકીને રજા મહાલવા નીકળેલી ટોળી આવાં કરતૂકો ન કરે તો કરે પણ શું?

બપોર નમતાં અમે ન્યૂ યૉર્ક ઊતર્યા. 'અમે' એટલે 'એકીવખતે ત્રણ ઍરોપ્લેન' ઊતર્યાં, અને ત્રણેએ સાથે કેનેડી એરપોર્ટના સરિયામ ધોરી રસ્તા ઉપર મૂળ મથક તરફ એકીસાથે ફરફરવા માંડ્યું. પહેલાં તો ગમ ન પડી, પણ થોડા મહિના બાદ ત્યાંથી—તેમજ વચ્ચે શિકાગોથી. ડીટ્રૉઇટથી એકની પાછળ એક એવાં દસેક ઍરોપ્લેનોનું સરઘસ સરિયામ રનવે ઉપરથી ઊપડતાં, ને અરધીઅરધી મિનિટે વળી સરરરરર કરી એક પછી એક ઊતરતાં જોયાં ત્યારે ગમ પડી કે ઍરોપ્લેનોની પણ ભીડ હોય છે! અને એક વાર તો અમે શિકાગોથી ઊપડી કેનેડી એરપોર્ટની લગભગ નજીક આવી રહેલા, ત્યાં પ્લેનમાં કૅપ્ટનસાહેબની જાહેરાત સાંભળી કે નીચે એરપોર્ટમાં પ્લેનોનો સારો જેવો જમેલો થઈ ગયો છે, એટલે ભોંય ઊતરવાની જગ્યા નથી; જરા મોકળાશ થશે ને વારો આવશે એટલે આપણને તરત ભોંય નાખવામાં આવશે! બહાર ડાબીજમણી બાજુ નજર કરું છું તો ઉપર અમારી સાથે ઝઝૂમતાં ઝૂમતાં ચાર ઍરોપ્લેનો, રેલવે સ્ટેશનની બહાર જેમ એકાદ ગાડી લાઇન મળવાની રાહ જોતી થોભી રહેલી હોય એમ, અહીં હવામાં સ્થિર, સ્થિર છતાં થનગનતાં ઊભેલાં જણાયાં! અને પંદરેક મિનિટ બાદ જાહેરાયું કે હવે આપણો વારો આવ્યો છે. ચાલ જીવ! ધરતી ભેગા થઇએ.

આજે તો આ વાત પણ જૂની થઈ ગણાય આજે, કાલે અને આવતી પરમે કેનેડી, શિકાગો, સાનફ્રાન્સિસ્કો, વૉશિંગ્ટન આદિ જેવાં ત્યાંનાં મોટાં એરપોર્ટ ઉપર તો કંઈક નવાજૂની હશે. આજે ન્યૂ યૉર્કમાં ત્રણ એરપોર્ટ, કાલે ચોથું એમાં ઉમેરાય તો નવાઈ નહિ. રોજિંદાં સેંકડો ઍરોપ્લેનની ચડઊતર મિનિટના અરધા ભાગમાં! અને કદીક તે જ ક્ષણે થયા કરે છે! ધન્ય છે રાડારના સંશોધકને! એની મદદ ઉપરાંત હવે વળી વિજ્ઞાન નવું કંઇક લાવશે એથી નવું અવનવું જોવા મળશે. ફરીફરીને કહું છું કે યાદ કરો: આપણે ત્યાં ફાસ્ટ સવારે સાડા સાતે અમદાવાદથી ઊપડ્યો તે રાતે આઠે મુંબાઈ ૧૯૦૧માં જતો, તે જ ગતિએ આજે, ૬૮ વર્ષે પણ જાય છે. કહેવાય છે ફાસ્ટ, પણ દર ત્રીજે સ્ટેશને ઊભો રહે છે—ઊભો રાખવો પડે છે. કેમ? જનતાની માગણી છે!

'રાણી' કે 'દ લકસ' અમારે ત્યાં ઊભી જ રાખો. એવી માગણીઓ થાય, સાંકળો ખેંચાય,—જેની કોઈ સજા (નક્કી છે છતાં) કદી થતી નથી. સારું છે કે આ હવામાં ઝઝૂમતા પ્લેન ઉપર કોઈ સાંકળો નથી, નહિ તો આપણા બિહારીમલ્લો એ ખેંચી પોતાનાં ખેતરોમાં ધાર્યું વિમાન ઊતરાવે—પછી બીજાનું જે થવાનું હોય તે થાય! બોલો જનતાની જે! ખરેખર? શું ૧૯૦૧ની પરિસ્થિતિ જ આપણે ત્યાં ૨૦૦૧માં પણ રહેશે? નાનાં સ્ટેશનોના પ્રવાસીઓની અને એમની સગવડોની વાજબી માગણીઓ માટે હું તરફદારી નથી કરતો એમ ન માનશો; પણ જે દેશમાં સ્વરાજ્ય બાદ ટ્રેઈનોમાં મુકાએલી સાબુની ગોટીઓ બીજે જ દિવસે ચોરાય, પીવાના જગ-પ્યાલા ઉતારુઓ ઊંચકી જાય, જાજરૂમાંના નળ-નકુચા મરડી મચકોડી કાઢી લઈ જાય, ચોરાઈ જવાની બીકે અરીસામાં અને ચીરીને લઈ જવાની બીકે ગાદી પરના ચામડામાં રેલવેને પોતાના નામાક્ષરોની ભાત મારવી પડે, મુંબાઈથી ઠેઠ અમૃતસર જતી ટ્રેઇનોને પણ નાના સ્ટેશને ઊભી રાખવા 'જનતા' ઝુંબેશ ચલાવે, ત્યાં ૨૦૦૧ સુધી કોઈ પ્રગતિની આશા ખરી?

ફરી મૂળ વાત પર આવીએ. હા, ન્યૂ યૉર્ક ઊતર્યા. નવું નવું તો લાગે જ ને? અહીં બધું મોટા પાયા ઉપર, એટલે વિચારપૂર્વક પગલાં માંડવાનાં. થોડેક ચાલ્યા બાદ જકાત ચકરડી અને સ્વાસ્થ્ય-ચોકી આવી રહી. ઉતારુઓના કોઈના સંદેશા હોય તો તે ત્યાં આપી દેવામાં આવ્યા. અમેરિકામાં લાંબો ગાળો રહેનારાઓને પોતાના હૃદયનો નકશો હાથમાં ઝાલીને સ્વાસ્થ્યબારી ને પછી જકાતબારી વટાવવાની રહી. અને મજા તો એ છે કે એ હાર્ટના ચાર્ટમાં—'એક્સ રે' ફોટામાં કશી ગરબડ પડેલી છે, એનું તો તમારે જાણવાનું જ નથી, ત્યાં ક્યાંક અંદર એ સીલબંધ કવરમાં ડાઘો કે પેચ કે કંજેશન કે તંતુમાં તૂટ કે ફાટ જણાઇ તો એ પાદર ઉપરથી જ—વરરાજા માંડવે પોંખાયા વિના જ—લઈ નારિયેળ ને પાછા ફરવાનું રહે છે! મને તો એવો વસવસો નહોતો, કારણ મને એકસ રેના ફોટા વિના પણ મારા હૃદયની સાબૂત સ્થિતિનું પાકું ભાન હતું. સાથેસાથે એ વાત પણ ખરી કે ભલભલાના ફોટા અણીશુદ્ધ 'ઓ. કે.' હોય અને એની પોતાને પાકી ખાતરી હોય તો યે આ દિલની ધડકણ એકાએક ક્યારે બેસી પડે એનો ભરોસો નહિ. પોચા કાળજાના ઇસમો હાથમાં ચાર્ટ લઇને જતા હોય અને મનમાં દહેશત સેવે તો હાર્ટ ત્યાં જ ધબાય નમઃ થઈ જાય તો ઇન્શા અલ્લા!—આવી સ્થિતિમાંથી અમારું ટોળું પસાર થઈ રહ્યું હતું. પુણ્યશાળી, તે બંને સાણસામાંથી સોંસરા નીસર્યા.

અને લબાચા ઝાલી બહાર નીકળી ચારેકોર નજર કરું છું તો કોઈ અણસારો સરખો યે કરે એવું એક પણ ઓળખીતું ન જણાયું. આવી ઘડીએ પાંચ મિનિટ ક્યાંક ઊભા રહી, દમ ખાઈ, જરા કોઠાને શાંત કરી, મગજને વિચાર કરવા દેવો, તો ઉકેલ કે માર્ગ હાથ આવી રહે.

બરોબર પોર્ટિકોના વચગાળે ગાંસડા મૂકી ઊભો જ રહ્યો. બેત્રણ હિન્દીઓ ત્યાંથી પસાર થઈ ગયા. એક સન્મિત્રે ટેલિફોન ઉપર સંદેશો ઉતરાવેલો, તે એર ઇન્ડિયાના કર્મચારી આપવાનું ભૂલી ગયા સન્મિત્ર તે રજનીકાન્ત દેસાઈ. ભૂલેચૂકે 'કુમાર'માં દાયકાઓ પહેલાં એમની કોઈ કવિતા વાંચ્યાનું યાદ હોય તો તે એ જ સજ્જન પોતે! એમના સંદેશામાં મારે ઊતરીને શું કરવું તે બરાબર સૂચવ્યું હતું, પણ ઊતર્યો ત્યારે ગ્રહયોગ નબળો હતો. જે ગ્રહોની હિંદુસ્તાનમાં અસર થાય તેની પૃથ્વીના પેલા પડખાની અસરમાં ફેરફાર થાય એ વિજ્ઞાનનો નિયમ છે, એ ઉપર વિચાર કરવાને મગજ તૈયાર નહોતું. મગજ તો લોકોની આવનજાવન, દોડધામ જોવામાં પડ્યું હતું;—અથવા સાચું કહું તો આંખ જીવ વિના જોયા કરતી હતી, મગજ તો સ્તબ્ધ હતું.

જરાક મલકયો. પોટલાં ત્યાં જ વચ્ચે રાખી પોટલાંને બાંધેલી મારી કલ્પિત દોરી વીસ-પચીસ ફૂટ લાંબી હોય એમ ચારેકોર ફરકયો. ત્યાં બહાર રસ્તા ઉપર નજર પડી: કયૂ! કયૂની કિંમત આપણા દેશમાં ચડઊતરની હશે, પણ અહીં કયૂ જોતાં જ હિંમત આવી, અને ક્ષણે ક્ષણ બૅગ ઉપર નજર રાખતો કયૂ તરફ સરક્યો અને ત્યાં ટિકિટ આપનાર ખજાનચીને પૂછ્યું તો એણે કહ્યું: 'સિટી ઈસ્ટર્ન બસ ટર્મિનસ.' અને બાકી હતું તે આંગળી કરી બસ ઉપરનું પાટિયું પણ બતાવ્યું. પહેલી કમાણીમાં આટલું જ્ઞાન બસ હતું. બૅગડા ઊંચકી ત્યાં ગ્રસડાયો. પહેલાં બૅગ બસમાં નખાવી ટિકિટ ફડાવી. અંદર જઈ, બેઠક લઈ, ત્યાં ઓવરકોટ મૂકી પાછો બહાર ઠલવાયો. ઊપડવાના સમયનું પણ પાટિયું જોયું, એટલે વળી બીજી કળ વળી; અને એમ સ્થગિત મગજની હીલચાલ નિયમબદ્ધ થવા તરફ આવવા લાગી. દસ મિનિટ હતી. પાંચ મિનિટમાં તો બહારની મોટરકારનો મહાસાગર પ્રમાણી લીધો. રસ્તાની ચડઊતરના વાંક વળાકાનો ક્યાસ તરત મગજમાં ન ઉતર્યો. ના, કોઈ ચહેરેમ્હોરે ઓળખીતું જણાતું જ નથી ને!

કલાકેક વીત્યો હશે અને અમારી બસ માનહટ્ટન ટાપુના ભરચક ભાગમાં દાખલ થઈ. બધા જ એકદિશાળુ રસ્તા: કાં તો આમ કે કાં સામી બાજુ. એ વ્યવસ્થાનો અભ્યાસ કરતાં ઈસ્ટર્ન બસ સ્ટૅન્ડ ઉપર પહોંચ્યા. આ ન્યૂ યૉર્ક! ભીડ, ઉતાવળ, ગિરદી, ધમાલ, દોડધામ, મોટર, ધાંધલ—શું નથી અહીં? એક ઓળખીતાએ મને ન્યૂ યૉર્કમાં એક વાત કહી હતી. કો'કે ત્યાંના અમેરિકનને કોઈનું સરનામું અને રસ્તો પૂછ્યાં. પણ પેલાને પૂરો વિચાર કરી જવાબ આપવાની ફુરસદ ક્યાં હતી? ડૉલરની નોટ કાઢી એણે બતાવી, અને કદાચ પ્રામાણિકપણે આપવાની વૃત્તિથી એણે કહ્યું: લ્યો, ટૅક્સી કરો અને એને પૂછો; બરાબર છે, એમ કોણ આપણા માટે ત્યાં નવરા ફરતા હોય? એવા મળી પણ જાય, પણ તે માટે ગ્રહોની મીઠી નજર હોય તો બને!

ઊતર્યા. સામાન હાથ કર્યો. હવે? બસ-સ્ટેશનમાં ગયા. ત્યાં તો ઢગલો એર કંપનીઓનાં દફતર, પાટિયાં. એની વચ્ચે જ ફેરફુદરડી કરતું પૂછતાછનું ચકરડું. બધી જ હિમ્મત તરી આવી. ક્યૂ નહિ જેવી. અને ક્યૂ હોય તો યે શું? એક કરતાં વધારે કાર્યકર એમાં હાજર હતા. એમાંના એકને જરા હસી ટૂંકમાં કહ્યું કે, 'અજાણ છું. એકાદ નજીકની હોટેલમાં ગોઠવાયા બાદ બધા ફોન નંબરો અને સિરનામાંનો તાગ મેળવી શકાય.' પૂછે છે: 'કેટલા ડૉલરની હોટેલ જોઈએ છે?' મેં રકમ કહી. એટલે લઈ કાગળ, ને આડી બે લીટી ખેંચી ને બેંતાળીસ નંબરની શેરી ચીતરી બતાવી, ને હોટેલનું નામ લખી આપ્યું. તરત ફોન કર્યો અને ખાલી રૂમ છે એની ખાતરી કરી મને બહારનો રસ્તો બતાવી દીધો. હાશ! અમે બંદા હતા ઓગણચાળીસ પર, અને જવાનું બેતાળીસ પર; એટલે ત્રણ જ શેરી વટાવવાની. પણ બે હાથમાં બે બૅગડા લઈ, લાલ લીલી બત્તીઓ જોઈ મહોલ્લા ક્રૉસ કરતાં પરસેવો ઊતરી ગયો. પરદેશ જનારાઓના આ ત્રાસની આપણે ત્યાં ઘણાને ખબર નથી હોતી. એટલે પરદેશ જતા ઓળખીતા પારખીતાઓને, વડી પાપડ ને અથાણાંથી માંડી કપડાંલત્તાં, મરીમસાલા એવા કઈક સપેતરાં સાથે બંધાવે છે, ને પરિણામે પેલાના મોંની ન સંભળાય એવી ગાળો ખાય છે. પણ આ પરિસ્થિતિમાંથી આપણે કદી ઊગરવાના નહિ! અરે એવા પણ કહેનારા મળે છે કે, 'ઓ હો, એમાં શું? એક મજૂર કરી લેવો હતો ને?' જાણે મજૂર અહીં રસ્તામાં પડ્યા છે, અને બેચાર આનામાં મળી જાય છે! અહીં મજૂર તો શું ટૅક્સીવાળા પણ અરધા માઈલની આસપાસના છેટામાં આવતાં મોં મચકોડે છે! એથી અજાણ આપણા મુરબ્બીઓ સાથે લાંબી ચર્ચા કરવા કરતાં, એક તો એ કે સીધી 'ના' પરખાવી દેવી, અને બીજું એ કે 'ના લઈ જ જાઓ' એવો આગ્રહ કર્યા કરે તો એમનો સામાન પડતો મૂકીને નીકળી જવું!

ટયૂડર હોટેલમાં પહોંચ્યા. રૂમમાં નંખાયા. સાંજના લગભગ સાતની આસપાસનો સમય. ખાવાના વિચારમાં નીચે ઊતરવા મનને મનાવું છું, ત્યાં તો જે પથારીમાં પોઢ્યા તે બીજે દિવસે સવારે રૂમ સફા કરનારી બાઈએ દસેકને શુમારે બારણું ખખડાવ્યું ત્યારે આંખ ખૂલી! આવી જાલિમ ઊંઘ ઘણે વર્ષે સેવી એનો આનંદ અનેરો હતો. તૈયાર થઈ નીચે ઊતરું છું, જરા નાસ્તો કરી બહાર ફરું છું ત્યાં સામે જ જરા ખૂણામાં ચૂનોનું ઊંચું મકાન નજરે ચડ્યું. ત્યાં પહોંચી, નીચે પૂછતાછમાંથી રજનીભાઈ દેસાઈની ભાળ કાઢું છું તો સત્યાવીસમે માળે એમને મળવા જવાનું આવ્યું! ત્યાં ખબર પડી કે એ ભાઈએ સંદેશો પહોંચાડેલો, પણ તે એર ઈન્ડિયામાં જ સ્થગિત થઈ રહ્યો.

પણ હવે તો રજનીભાઈની હૂંફ, ઉમળકો ને હિમ્મત ત્રણેનો મેળ સધાતાં ન્યૂ યૉર્કની હવા, એમની ઑફિસમાંથી નજરે પડતો પડખેની નદી ઇસ્ટર્નનો અને સાગરમિલનનો દેખાવ, એ બધું હવે એવું વહાલું અને જીવવાળું લાગવા માંડ્યું!

બીજે દિવસે આંટીઘૂંટીવાળી ન્યૂ યૉર્કની મેટ્રો સબવે રેલવે, રજનીભાઈએ પાડી આપેલા નકશા પ્રમાણે પલાણવા, અને ત્રીસ ચાળીસ માઈલ દૂરના એમના ઑઈસ્ટર બેના ઘરમાં પહોંચવા હામ ભીડી. ન્યૂ યૉર્કમાં પણ જમેકા સ્ટેશન! ત્યાં ગાડી બદલવાની તે બદલી સાયોસેટ સ્ટેશને બરાબરને ઠેકાણે બરાબરને ટાઈમે અમે પહોંચ્યા, ત્યાં રજનીભાઈ રાહ જોતા જ ખડા હતા. ત્યાથી ઑઇસ્ટર બે ગામડાના એમને ઘેર પહોંચ્યા, ત્યારે મને થયું કે ન્યૂ યૉર્કથી દૂર આ તે ઘર, કે ફ્લૅટ, કે ઍપાર્ટમેન્ટ, કે બંગલો, કે રાજમહેલ.' પાંચ એકરની સુંદર વૃક્ષોવાળી તો જમીન! ચડઊતરની લીલીછમ લૉન અને વચ્ચે આડી ત્રાંસી ઈમારત. એકાદ નાની બેઠક યોજાય કે નાની સભા ભરાય એવા વિશાળ ખંડ! બે ત્રણ તો જમવાના ઓરડા; અને સૂવા માટે તો ગણ્યા ગણાય નહિ એટલા નીચે ઉપર ઓરડા! આ તે છે શું? રજનીભાઈ કહે બ્યૂર નામના બૅંકરે બંધાવેલું અને એક વખતનું આ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનું સમર હાઉસ છે. એ એમને હાથે શી રીતે ચડ્યું આ એમને ગળે કિયા સંજોગોમાં બંધાયું, એ રજનીભાઈનો હિસાબ રહ્યો, એટલે એમાં આપણે ન પડીએ. પણ સુંદર સ્થાન! યુનાઇટેડ નેશન્સમાં કામ કરનારા આપણામાંના આવા એક જુવાનની આ એસ્ટેટ જોઈ મને તો ઘણી મગરૂરી થઈ. જીતે રહો, ભાઈ જીતે રહો!

હજી મારે મિશિગન જવાને વાર છે, તો આઠેક દિવસમાં ન્યૂ યૉર્ક ખંખોળાય એટલું ખંખોળી લઈએ, એવો મનસૂબો ધ્યાનમાં રાખી, સવાર-સાંજ શહેરમાં કે શહેર બહાર જ્યાં જ્યાં ફોન કરવાના તે કરી પરવારી, દિવસભર અહીંથી તહીં આઠ દસ બાર પંદર કે બત્રીસ પાંત્રીસ કે સાઠ બાસઠમી—મગજમાં બેસે તે—સ્ટ્રીટ, યા બીજેથી છઠ્ઠા સુધીની સીધી ઍવન્યુની બસ મળે તો તેમાં ફરું છું, ચાલુ પણ છું મ્યૂઝિયમો અને નાટકો પણ જોઉં છું. ત્યાં એકાએક કૅનેડાથી કુટુંબ સાથે ફરવા આવેલો મારો એક વડોદરાનો શિષ્ય જૉન ડ્રયુ એક દિવસ ભટકાયો? સાથે છે એની વહુ રાણી— અહીં દહેરાદૂનમાંથી પરણીને લઈ ગએલો તે, પણ છે. અમે છેલ્લા લંડનમાં એને ઘેર મળેલા ત્યાંથી અબઘડી સુધીની વાતો કરી. એ કૅનેડામાં પ્રોફેસર છે એટલે ભવિષ્યમાં એને ત્યાં જવાની ગોઠવણ કરી. અને એક સાંજે અમે 'એ જેન્ટલમેન ફ્રૉમ માન્શા' જોવા ગયા કોઇએ કહ્યું કે એ તો મ્યૂઝિકલ! તો મેં કહેલું ન્યૂ યૉર્કમાં ફક્ત મ્યૂઝિકલ જ બબ્બે ત્રણત્રણ વર્ષ ચાલે છે.

માન્યા નામ તો તમને પરિચિત જ હશે. 'એ જેન્ટલમૅન' એટલે સદ્‌ગૃહસ્થ. તે બીજા કોઈ નહિ પણ આપણા વીર નર, શમશેર જંગ બહાદુર ડૉન કિવઝોટ, યા કિહોટે, અને લેડી ડલશિનિયા ડ લા માન્શાના મશહૂર આશક! આ વીર નર યુરોપમાં તો મારો પીછો ન છોડે, પણ અહીં ન્યૂ યૉર્કમાં પણ ભટકાણા! અને, આ બ્રુક ઍટકિન્સનનો રચેલો પ્રયોગ અવનવો છે, એની ટિકિટો પણ મળતી નથી એટલી ત્યાં પડાપડી છે ત્યાં અમે, જે પ્રોગ્રામમાં વિરામ પણ નથી એવો એકધારો પ્રયોગ જોવા ધસી ગયા. ન મળે પરદો, ન મળે સેટ્સ; પણ વચ્ચે ઊંચી કરેલી એક ગોળાકાર રંગભૂમિ, અને એ ઉપર બંબાવાળા ઉતર્યા કરે એવી સીડી; અને નવી જ ભાતનો પહેરવેશ. સંગીત છે, ગાનારા છે, અને નવી જ ઢબે આ ખેલ યોજાયો છે. હૅમલેટ ટ્રૅજેડી. પણ ત્યારે ડૉન શું છે, ટ્રૅજેડી નહિ તો?—એમ રૉબર્ટ કૉરિગન સવાલ ઉઠાવે છે. હૅમલેટ માટે પણ દયા-સમભાવ પેદા થાય છે, તો ડૉન માટે કેવોક ભાવ ઉત્પન્ન થાય છે? આ, મગજના ઈરેઝરામાં ક્યાંક

કયા શને કારણે અશક્ય સપનાં સિદ્ધ કરવા નીકળ્યો છે, કે અજેય શત્રુને પડકારવા નીકળ્યો છે, કે અસહ્ય દુઃખ સહન કરવા જ નીકળ્યો છે,—જે રીતે જુઓ તે રીતે. અમે તો એવા વાદે ચડયા કે આ બધા પ્રયોગ જોયા બાદ ડાઉનટાઉનમાં આઠ કે દસમી સ્ટ્રીટના એક રેસ્ટોરાંમાં જૉન ડ્રૂચુ અને હું બીજા બે કલાક મચી પડયા. બિચારી રાણી હોટેલમાં બેબી સીટરને પોતાની બેબી સોંપીને આવેલી, તે બખાળા કાઢતી રહી, તો પણ અમે બે વાતચીતના સંઘર્ષમાંથી ગાંજ્યા ન ગયા.

પછી તો અમે બે બીજે દિવસે બ્રોડવેનો તાગ કાઢવા નિશ્ચય કર્યો. બ્રોડવે માટે વારંવાર સાહિત્યમાં, ખાસ કરીને નાટકના સંદર્ભમાં બ્રોડવે પર વાંચેલું, એટલે એની સૃષ્ટિ જાણવા જરા ઈંતેજારી હતી. નાટકશાળાઓ તો ખરી, એટલી જ સિનેમાની સૃષ્ટિ, અને દસે વર્ષે જાઓ કે કદાચ સો વર્ષે પણ જાઓ, તો યે કેટલીક દુકાનોમાં તો 'છેલ્લા દસ દિવસ માટે'નો સેલ હોય જ! દસ દિવસ બાદ સેલ ખતમ, અને ત્યાં જાતજાતનો માલ વેચાણકિંમત ચોડીને ગોઠવેલો: 'એ લ સ્ટ ફ્યૂ ડેઈઝ' એટલે દસ દિવસનો અર્થ કે ઇ પણ વર્ષના ગમે તે ચાલુ દસ દિવસ ગણી લેવાનો! '૬૬માં જાઓ કે '૭૬ની સાલમાં જાઓ, એ જ દુકાન, એ જ માલ, એ જ સેલ જોવા મળે! ત્યાંના ગણતરીબાજોનો એવો અડસટ્ટો છે કે દર આઠ દિવસને અંતરે ન્યૂ યૉર્કમાં બહારનાં લાખ બે લાખ લોકોની આવનજાવન છે, એમને આ સેલના આખરી થોડા દિવસોનાં પાટિયાં કુદરતીરીતે લલચાવે છે, અને એમ ઘરાકીની સંખ્યામાં કશો વાંધો આવતો નથી જૉનની પણ એ જ ગણતરી, એટલે એવી એકાદ દુકાનમાં સસ્તી ઘડિયાળો, રમકડાં જેવાં ટ્રાન્ઝિસ્ટરો, ગ્રામોફોનો વગેરે ઉપર નજર મારી અમે અમારે રસ્તે પડતાં. જૉનનો આ રસ્તા ઉપર એક ઓળખીતો રહે એની શોધ કરી. જૉનને જૂની એન્સાઈક્લોપીડિયાના નંબરવાર ગ્રન્થો જોઈતા હતા એની તપાસ કરી, તો એક ગલીમાં રહેતો એનો દોસ્ત અમને જાતજાતની દુકાનોમાં ફેરવી લઈ ગયો. ત્યાં છઠ્ઠી સાતમી આઠમી સ્ટ્રીટના ખૂણેખાંચરેની દુકાનો જુઓ તો તમને મુંબાઈ-કલકત્તા-મદ્રાસની ગલીઓમાંનાં ચોર બજાર જેવી જ દુકાનો જોવા મળે. ઢગલો કાટમાળ, માગો તે વસ્તુ! એમાં એક દુકાનમાં હિન્દની મૂર્તિઓ, તરભાણાં, દીવીઓ, મુઘલાઈ ફાનસો, જાતજાતની ઘંટડીઓ, લાકડાનાં કોતરકામ, બાજઠો, હાથીદાંત સુખડ વગેરેની અનેક ચીજો—માગો તે પ્રકારની મળે. અમને પેલા દોસ્તે કહ્યું કે પાંચમા ઍવેન્યુ ઉપરની મોટી ભભકાદાર દુકાનો અથવા જે આડતિયા હિન્દથી વસ્તુઓ મંગાવી આપવાનો ધંધો કરે છે, તેઓ અહીંથી જ મોટે ભાગે માલ ખરીદે છે. ઘરાકને છ સાત અઠવાડિયાંની મુદત આપે છે, અને પછી આજની જ સ્ટીમરમાં આ માલ આવ્યો એમ કહી આ દાગીનાઓ ઘરાકને પોરવે છે. વેપારી થયો એટલે એની બુદ્ધિ ક્યાંક્યાં નહિ ચાલે? ત્યાંના વર્ષભરના વસવાટ દરમ્યાન આવી દુકાનો મને કંઈક જરૂર પડયે ખરીદી કરવામાં ઠીક કામ લાગી. તેમજ અહીંથી મરીમસાલાનાં બંડલો બાંધી જનારાઓ માટે પણ ત્યાં આસાનીથી હીંગ-હળદર, અજમો-અથાણાં, વડી-પાપડ, બાસમતી ચોખા બાજરી કઠોળની પણ દુકાનો છે એની ત્યાંના રહેવાસીઓને પણ જાણ કરી. કેટલાક, અલબત્ત, પોતાનું અજ્ઞાન છુપાવવા મોઢું મચકોડી કહેતા: 'હા, અમને કોઇ કહેતું હતું ખરું, પણ ત્યાં મોંઘું મળે છે!' તો શું આ ગાંધીવટાનો ધંધો કરનારા એને હિન્દુસ્તાનને ભાવે માલ આપે? પણ આપણે મુંબાઈથી અલાયદી બૅગ કરી નૂર ભરી, ઊંચકતા છેક ત્યાં લઈ જઇએ, અને એમ ઘરઆંગણે પહોંચતાં બસ–ટૅક્સી વગેરેનો ખર્ચ ચડાવીએ તો 'મોંઘું' બોલવાનો મોઢાનો મચકડો કાટખૂણો આપોઆપ સીધો થઈ જાય.

જેમજેમ સ્ટ્રીટના નંબર ઓછા થતા જાય તેમતેમ ન્યૂ યૉર્કની અમેરિકન હવા ઓછી થઈ ઇઝરાયલી અરબ નિગ્રો-મેક્સિકન, ચીની એવીએવી વસતિનાં ચોકઠાંમાં દાખલ થઈ જવાય. જેમના ગજવામાં ખનખનિયા—એટલેમફતનું અથવા આડાધંધાનું પરદેશી હૂંડિયામણ—ખદબદતા હોય એવાં કંઇક હિન્દી કુટુંબો, બૈરાંછોકરાં સાથે આ ડાઉનટાઉનની દુકાનોમાં મધમાખી જેમ બણબણતાં પણ જોવા મળે. વળી આ અરબ-ઈઝરાયલી દુકાનદારો હિન્દી પણ બોલે, અને રેકોર્ડપ્લેયર ટ્રાન્ઝિસ્ટર, એરકંડીશનર, ટેઇપ રેકોર્ડર ક્રોકરી, છરીકાંટ—માગો તે અને તેવો માલ હાજર કરી બતાવે, અને સરનામાં આપો તો મુંબાઇ, દિલ્હી, કલકત્તા ગમે ત્યાં પારસલો પહોંચતા કરી આપે. ટૂંકમાં અહીં તમે ડૉલર આપો તો માગો તેવો ઘાટ ગોઠવી આપે.

પણ આપણે આ લત્તાઓમાં અત્યારે બહુ નહિ ફરી. એ ચિતારા, અરધા નાગા, ગળે રુદ્રાક્ષની માળાવાળા, ગાનારા, અવધૂતોની માફક ફરનારને તો. આપણે જ્યારે હિપ્પીના માળાઓમાં ફરીશું ત્યારે એમની સાથે સંપર્ક સાધીશું યુનાઇટેડ સ્ટેટ્સના પૂર્વ પશ્ચિમ બંને કાંઠે (સાન ફ્રાન્સિસ્કો કે ન્યૂ યૉર્કમાં) શિવભક્તો કે કૃષ્ણભક્તો માટે ઘટતાં મંદિરો તથા પૂજા કરવાનાં સાધનો પણ મોજૂદ છે, એમાં જઈને પણ દર્શન કરીશું હમણાં તો બ્રોડવેના એક પડખાનો અનુભવ કરીએ. (ચાલુ)

---

◖ 'ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઈઝ' તરફથી યોજાએલી મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ માટેની અખિલ ભારતીય નિબંધ-સ્પર્ધામાં 'ભારતમાં મંદી, તેનાં કારણ અને ઉપાય' એ વિષય ઉપરના નિબંધો માટે સર્વશ્રી સત્યરંજન પાઉલ, ફ્રાંસિસ કોએલ્હો અને કુ. બી. આર. મીરા અનુક્રમે રૂ. ૨૫૦, રૂ. ૧૫૦ અને રૂ ૧૦૦નું પહેલું, બીજું અને ત્રીજું ઈનામ મેળવે છે; અને બીજાં છ વિદ્યાર્થીઓ રૂ. ૨૫નું પ્રોત્સાહન-પારિતોષિક મેળવે છે. નિર્ણાયકોમાં સર્વશ્રી વી. એસ. ભાવે, પ્રો. એલ. જી. ખેડેકર અને ડી. બી. મહાત્મા હતા. મુંબાઈના શેરીફ તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી એસ. એમ. દહાણુકર તરફથી આ પારિતોષિકની રકમ આપવામાં આવેલી.

## શ્રેષ્ઠ નવલિકા-સંગ્રહ માટે રૂ. ૫૦૧નું ડૉ. જયંત ખત્રી પારિતોષિક

૧૯૬૮ના વર્ષમાં પ્રકટ થએલી ગુજરાતી નવલિકાઓ પૈકી શ્રેષ્ઠ નવલિકા-સંગ્રહને ઉપર્યુક્ત પારિતોષિક ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ' તરફથી અપાશે. નિર્ણાયકો: સર્વશ્રી જ્યોતીન્દ્ર દવે, અમૃતલાલ યાજ્ઞિક અને યશ્વંત શુક્લ. પ્રકાશકોને ૧૯૬૮ના વર્ષમાં પ્રકટ થએલા નવલિકા-સંગ્રહો ડૉ. મનુભાઈ પાંધી (પ્રમુખ) સોના નાકું, માંડવી (કચ્છ)ને મોકલી આપવા વિનંતી કરાઈ છે.

## બ્રિટન-ઑફિશિયલ હૅન્ડબુક ૧૯૬૯

બ્રિટિશ પ્રકાશન ખાતા તરફથી વર્ષોવર્ષ પ્રસિદ્ધ થતી 'બ્રિટન-ઍન ઑફિશિયલ હૅન્ડબુક'ની ૧૯૬૯ની આવૃત્તિમાં બ્રિટિશ રાષ્ટ્રીય બાબતોના લગભગ પ્રત્યેક પાસા અંગે પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે, જેમાંથી વિદેશોમાં બ્રિટન વિષે વારંવાર પૂછાતી બધી માહિતી મળી રહે છે. ૫૨૮ પાનાં ઉપરાંત અનેક ચિત્રો, રેખાંકનો તથા નકશાઓથી સમૃદ્ધ આ ગ્રંથમાં પ્રત્યેક પ્રકરણમાં માહિતીનું મૂળ અને સંદર્ભનાં વધુ પુસ્તકોની સંક્ષિપ્ત સૂચિ પણ છે, જે વિશેષ જાણવા ઇચ્છનાર માટે મદદકર્તા થઈ પડે એવી છે. (કિંમત રૂ. ૨૯–૨૫, પ્રાપ્તિસ્થાન: 'સેલ્સ સેક્શન, ઈન્ફર્મેશન ડીપાર્ટમેન્ટ, બ્રિટિશ હાઈ કમિશન, ચાણક્યપુરી, ન્યૂ દિલ્હી-૧૧.)

સંગીતસાધના-૧૩

# ભૂપાલી વિષે વધુ

સાધુરામ ન્યામતરાય ચોધ

ગયા અંકમાં ભૂપાલી રાગ પર આધારિત એક ફિલ્મી ગીત 'એ નીલે ગગન કે તલે'નો ઉલ્લેખ કરેલો. આ ગીત કેવળ સ્વર-આયોજનના હિસાબે જ ભૂપાલી રાગ પર 'આધારિત' કહી શકાય. એ સાંભળતાં ભૂપાલીની સ્વરાવલિનો આપણને કંઈક ખયાલ આવે; બાકી ભૂપાલી રાગનું અસલ ધ્વન્યાત્મક વાતાવરણ તેમાં ન મળે. ભૂપાલીની 'પ ગ'ની મૂળ વિશિષ્ટ સ્વરસંગતિ એમાં નથી. વળી, ગાયક આમાં ખડા સ્વરો લઈ, પાશ્ચાત્ય સંગીતનો લહેકો તથા આંદોલનરહિત સ્વરાવલિ સાથે ભૂપાલીમાં સુસંગત નહિ એવો ધ્વનિ પેદા કરે છે. અન્ય રાગો પર આધારિત બીજાં ફિલ્મી ગીતોમાં પણ આમ જ થતું રહે છે, અને એ સ્વાભાવિક છે, કેમ કે એમાં શાસ્ત્રીય રાગની ચીજ રજૂ નથી થતી. શાસ્ત્રીય રાગ પર 'આધારિત' ગીતો દ્વારા સાંભળનાર બહુ તો મૂળ રાગનો થોડો આભાસ મેળવી શકે. એ રાગની સ્વરાવલિનો ઉપલક પરિચય આપવા પૂરતો જ આ ફિલ્મી ગીતો આપવાનો ઉદ્દેશ છે. એ રીતે આપણે હવે ગીતના સ્વરો સરખાવીએ:

એ! નીલે ગગન કે તલે, ધરતી કા પ્યાર પલે!
ઐસે હી જગ મેં આતી હૈ સુબહ, ઐસે હી શામ ઢલે,
શબનક કે મોતી ફૂલોં પે બિખરે, દોનોં કી આસ ફલે!

આરંભમાં પાર્શ્વસંગીત: પ – સા સા પ પ સા – પ – સા સા પ પ સા –

| | | | |
|---|---|---|---|
| ગ – – – | – – – – | – ગ પ ધ | ધ પ ધપ ગ |
| એ ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ | ઽ ની લે ગ | ગ ન કે ત |
| પગ રે – – | – – – – | – સા રે ગ | મગ રે ગરે સા |
| લે ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ | * ધર તી કા | પ્યાઽ ઽ ર પ |
| સા – – – | – – – – | | |
| લે ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ | | |
| – પ પ પ | ધ પ ધસા – | – પ પ પ | ધ પ ધસા – |
| * એ સે હી | જ ગ મેં ઽ | * આ તી હૈ | સુ બ હ ઽ |
| – પ પ ગ | ગ રે ગરે સા | સા – – – | – – – – |
| * એ સે હી | શા ઽ મઽ ઢ | લે ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ |
| રેગ – – – | – – – – | – | |
| એ ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ | ઽ નીલે ગગન કે તલે …… | |

પાર્શ્વસંગીત

| | | | |
|---|---|---|---|
| {ધસાં – – – | – – રેં ગં | રેં – – – | – – સાં રેં |
| ધ – – – | – – ગ ધ | પ – – – | સા – ગ – |

અને અંતરાનો આરંભ:

| | | | |
|---|---|---|---|
| પ} પ પ પ | ગંપ ધ નિધ ગ | – પ પ પ | પ ધ નિધ ગ |
| શબ નમ કે | મો ઽ તીઽ ઽ | * ફૂ લોં પે | *બિ ખ રેઽ ઽ |
| – પ પ પ | ગંપ ધ ધ ધસાં | સાં ધ સાંધ પ | ધપ ગ રે સા |
| * દો નો કી | આ ઽ સ ફઽ | લે ઽ ઽઽ ઽ | ઽઽ ઽ ઽ ઽ |
| ગ – – – | – – – – | – | |
| એ ઽ ઽ ઽ | ઽ ઽ ઽ ઽ | ઽ નીલે ગગન કે તલે…… | |

પાર્શ્વસંગીત

| | | | |
|---|---|---|---|
| {સા – – – | રે – રે રે | ગ રે સા રે | ધ સા પ – |
| સા – – – | રે – રે – | ગ રે સા રે | સા – ગ – |

પ} બીજો અંતરો

કહરવા કે કેરવા તાલમાં બંધાએલા આ ગીતની સ્વરરચના (પંડિત ભાતખંડેની પદ્ધતિ મુજબ) ઉપર બતાવ્યા પ્રમાણે થાય. ફિલ્મી ગીતની લય જાણનારને તેની આ સ્વરરચના સમજવી સરળ થશે.

આમાં આરોહમાં મંદ્ર પંચમ (પ) પરથી ષડ્જ (સા) સ્વર વારંવાર લેવાયો છે તે જુઓ.

અહીં ભૂપાલીના 'સા રે ગ પ ધ સાં' એ સ્વરો આરોહ અવરોહમાં લેવાયા છે, પણ ગીતના અંતરામાં 'મોતી' શબ્દમાં 'તી' કોમળ નિષાદ પર લીધો છે. ખરી રીતે ભૂપાલીમાં આવું કદી થઈ શકે નહિ. આ પછી પાર્શ્વસંગીતમાં તથા ગાયનમાં પણ કેટલેક સ્થળે 'સાં નિ ધ પ' 'નિ રેં સાં નિ' 'સારે ગ મ ગ રે' જેવી સ્વરતાનો લેવાઈ છે. ભૂપાલીમાં આમ ન થાય. આથી હવે સમજાશે કે

## લવાજમમાં ફેરફાર

ગયા વર્ષે મુદ્રણસામગ્રીનો ભાવવધારો તો ઠીક, પણ પોસ્ટેજનો વધારો જે હદ વટાવી ગયો તે તો તમ્મર ખવડાવે એવો હતો: ત્રણ પૈસામાં મોકલી શકાતા અંક ઉપર દસ પૈસા ભરવાના થઈ ગયા! પણ લવાજમ લઈ ચૂકેલા હોવાથી અમે નિરુપાય હતા.

એ ખાડો પૂરવાને જાહેરખબરો મેળવવાના પ્રયત્નો પણ કામયાબ ન નીવડ્યા. પરિણામે ઘણી મોટી ખોટ આવી; છતાં ગમ ખાઈને ખેંચ્યે રાખ્યું, કેમ કે લવાજમમાં વધારો કરતાં પણ જીવ ચાલતો ન હતો. બીજી બાજુ ખોટના ડોળા ઘૂરકતા જ રહ્યા.

છેવટે, આજે ત્રણ માસ પછી, નછૂટકે એક જરા જુદો જ નિર્ણય લેવો પડ્યો છે: લવાજમ અને પોસ્ટેજ અલગ પાડી નાખવાં. લવાજમ તો રૂ. ૧૫ કાયમ રહે; પણ પોસ્ટેજ તેના વધતા દર અનુસાર અલગ લેવું.

તદનુસાર આ મે માસની પહેલી તારીખથી 'કુમાર'નું વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫ અને પોસ્ટેજના રૂ. ૧-૨૦ અલગ ગણાશે; —એટલે કે કુલ રૂ. ૧૬-૨૦. પરદેશનું લવાજમ રૂ. ૨૮ પોસ્ટેજ સાથે કાયમ રહેશે.

આશા છે કે આ ફેરફાર આપ સહાનુભૂતિપૂર્વક નિભાવી લેશો. —સંચાલક

'લાભ સવાયા'ની યોજના, અલબત્ત, બંધ થાય છે.

ફિલ્મી ગીત અસલ 'ભૂપાલી'માં નહિ પણ ભૂપાલી પર 'આધારિત' છે. પરંતુ એથી ભૂપાલીની સમજણમાં પ્રવેશ તો મળે જ છે. હવે આ નીચે ખુદ ભૂપાલીની એક ચીજ તથા તેની સ્વરરચના જોઈએ, એટલે એ બંને વચ્ચેનો તફાવત સમજાશે.

ત્રિતાલ-મધ્ય લય

જાઉં તોરે ચરન કમલ પર વાર
હો ગોપાલ ગોવિંદ મુરાર
શરણાગત હું દ્વાર તિહાર

અંતરા

અનગિન દુરિત ભર્યો હું જડમત
કિસબિધ પાઉ ચતુર તુમ રે પદ
તુમ હી જગ કે એક આધાર

આ રીતે ગાઈ-વગાડી જોતાં ભૂપાલી રાગનું સ્વરૂપ જણાશે અને

| | | | |
|---|---|---|---|
| પ ગ . | | | |
| ગ ગ ધ પ | ગ રે ગ રે | સા ધ઼ સા રે | ગ – – ગ |
| જા ઉં તો રે | ચ ર ન ક | મ લ પ ર | વા ઽ ઽ ર |
| પ સા | | ધ઼ | |
| ગ પ ધ રેં | સાં – સાં સાં | સાં રેં સાં રેં | સાં ધ પ ગ |
| હો ઽ ગો ઽ | પા ઽ લ ગો | વિં ઽ દ મુ | રા ઽ ઽ ર |
| ધ઼ | રેં | સાં ધ઼ | |
| સાં સાં ગં રેં | ધ ધ સાં – | પ ધ રે સા | ધ પ ગ ગ |
| શ ર ણા ઽ | ગ ત હું ઽ | દ્વા ઽ ર તિ | હા ઽ ઽ ર |

અંતરા

| | | | |
|---|---|---|---|
| પ પ | ધ઼ | ધ઼ | ધ઼ |
| ગ ગ ગ ગ | પ પ સા ધ | સાં – સાં – | સાં રેં સાં સાં |
| અ ન ગિ ન | દુ રિ ત ભ | ર્યો ઽ હું ઽ | જ ઽ મ ત |
| સાં સાં સાં સાં | ધ઼ | | |
| ધ ધ ધ ધ | સાં – સાં સાં | સાં રેં સાં રેં | સાં – ધ પગ |
| કિ સ બિ ધ | પા ઽ ઉ ચ | તુ ર તુ મ | રે – પ દઽ |
| ધ઼ | રેં | ધ ધ઼ | |
| સાં સાં ગં રેં | ધ ધ સાં – | પ ધ રે સા | ધ પ ગ ગ |
| તુ મ હી ઽ | જ ગ કે | એ ઽ ક આ | ધા ઽ ઽ ર |

ફિલ્મીગીતથી તે કેટલું જુદું પડે છે તે સમજાશે.

આમાં અસ્થાયીમાં ''જાઉં તોરે'માં 'ગ ગ ધ' સ્વરો લેતી વેળા ગાંધાર તથા ધૈવત સ્વરો પંચમ તથા ગાંધાર સ્વરોના કણસ્વર સહિત લેવા જોઈએ. આને 'મીંડમાં કણસ્વર લેવો' એમ કહે છે. કાનોકાન સાંભળવાથી જ એ સ્પષ્ટ સમજાશે. અમુક રાગનું વૈશિષ્ઠ્ય જાળવવા આવી કેટલીક 'વિશિષ્ટ સ્વરસંગતિ' લેવાય છે. ભૂપાલીના 'પ ગ' સ્વરો આમ લેવાથી એ રાગની મનોરંજકતા વધે છે. ખાસ કરીને આ સ્વરસંગતિ અવરોહમાં લેવાય છે. સાંધ પગ, ધપગ પગ, રે ગ, પગ રે, ગ રે સા વગેરેમાં 'પ ગ'ની સંગતિથી ગાંધાર વધુ બહેલાવાય છે.

# રાષ્ટ્રીય ખિતાબોની નવાજેશ

જાહેર સેવા, વ્યાપાર-ઉદ્યોગ કે સરકારી દફતરમાંની પોતાની અનોખી કામગીરી દ્વારા દેશને ગૌરવાન્વિત કરનારાઓનું વિવિધ પદકો દ્વારા સરકાર દર વર્ષે જે બહુમાન કરે છે તે અનુસાર આ વર્ષે પ્રજાસત્તાકદિને જાહેર થએલા પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, અને પદ્મશ્રી વ્યક્તિવિશેષોનાં લભ્ય એટલાં છબિચિત્રો તથા એમની નામાવલી:



પદ્મવિભૂષણ (૧) ડૉ. હરગોવિંદ ખુરાના, અમેરિકાની વિસ્કૅન્સિન યુનિવર્સિટીના ઇન્સ્ટિટ્યૂશન ઑવ એન્ઝાઈમ રીસર્ચના જીવવિજ્ઞાનના પ્રાધ્યાપક;(૨)દત્તાત્રેય શ્રીધર જોષી ભારતસરકારના માજી કૅબિનેટમંત્રી.

# ટિકિટસંગ્રહ




ગુયાના(અગાઉના બ્રિ. ગીઆના)ની આ ટિકિટ ઉપર ભારતના હોળી ઉત્સવને દુનિયામાં સૌપ્રથમ આલેખ્યો છે. તેમાં રંગે રમતાં રાધાકૃષ્ણ અને બે ગોપીનું બહુરંગી ચિત્ર છે. ત્યાં ભારતીઓની વસતિ ઘણી છે. (પ્રેષક: સદાનંદ જોશી)

પોસ્ટકાર્ડ અને કવર સાથે પ્રથમ વર્ગની બધી ટપાલ હવાઈ માર્ગે લઈ જવાની 'ઑલ-અપ' યોજનાના અમલની ૨૦મી જયંતી નિમિત્તે આ પહેલી એપ્રિલે બહાર પડેલી ભારતની ખાસ ટિકિટ. એના પર એ ટપાલના સૂચક આલેખન સાથે એનો આરંભ કરનાર સ્વ. રફી અહેમદ કિડવાઇની છબિ પણ છે. તેની નીચેની બીજી ટિકિટ ૧૧મી તારીખે 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન'ની ૫૦મી જયંતી નિમિત્તે બહાર પાડવામાં આવી છે.








**પદ્મવિભૂષણ** (૧) રાજેશ્વર દયાળ, ભારત સરકારના માજી વિદેશમંત્રી. **પદ્મભૂષણ** (૨) શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ, ગુજરાતના ઉદ્યોગપતિ; (૩) ડૉ. નિરંજન રાય, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍડવાન્સ્ડ સ્ટડીઝ (હિમાચલ પ્ર.)ના ડાયરેક્ટર; (૪) રહીમ-ઉદ્ દીન ખાં ડાગર, સંગીતકાર.



**પદ્મભૂષણ** (૧) **સમદયારખાન**–'નિઝામી', દિલ્હીના ઉર્દૂ કવિ; (૨) પૃથ્વીરાજ કપૂર, ફિલ્મ-અભિનેતા; (૩) કુ. લતા દીનાનાથ મંગેશકર, વિખ્યાત ગાયિકા; (૪) સુબ્રહ્મણ્યમ શ્રીનિવાસ વાસન, મદ્રાસના જાણીતા ફિલ્મ-નિર્માતા.



**પદ્મશ્રી** (૧) બ્રહ્મનાથ દત્ત-કાસીર, અમૃતસરના ઉર્દૂ લેખક અને કવિ; (૨) ચંદ્રકાન્ત (ચંદુ) ગુલાબરાવ બોરડે, પૂનાના જાણીતા ક્રિકેટ ખેલાડી; (૩) બલરાજ સાહની, જાણીતા ફિલ્મ અભિનેતા અને (૪) ઈન્દ્રાણી રહેમાન, નૃત્યકાર.

# કલાવાર્તા

જ ભર્યાંભર્યાં લાગે છે. ગ્રામજીવનનાં અવનવાં પાસાંનાં ત્વરિતાલેખનો(સ્કેચ)ભરેલી તેમની સ્કેચબુક જોતાં તેમના અભ્યાસની ઝીણવટ દેખાઈ આવે છે. ચિત્રકારની



## ચિત્રકાર પ્રતાપસિંહ ભાવસિંહ જાડેજા

પરિચય, ખોડીદાસ ભા. પરમાર

**શ્રી** પ્રતાપસિંહ ભાવસિંહ જાડેજાનો જન્મ તા. ૨૯-૬-૧૯૪૦માં રાજકોટ જિલ્લાના પ્રકૃતિએ મઢ્યા, નાનકડા પણ રમણીય વેજાગામ નામના ગામમાં થયો.

જાડેજાના રાજપૂત કુટુંબમાં ભલે કોઈ ચિત્રકાર નહોતું, પણ સૌરાષ્ટ્રની સંસ્કારિતાની કલાકસબની સુવાસ તો ઘરમાં પ્રસરેલી હતી જ. દીકરીવાળું ઘર હોવાથી ઘરમાં તોરણ, ચાકળા, ચંદરવા વગેરેમાં રૂડાં ભરત-ચીતર તો થતાં જ; ગરાસદારનું ઘર તેથી બેન દીકરિયુંનાં રૂડાંરૂપાળાં કાચભર્યાં કરિયાવર એક પછી એકનાં તૈયાર થતાં; આ બધું જોઈ નાનકડા પ્રતાપસિંહનો મનનો મોરલો થનગની ઊઠતો ને હૃદયમાં ઊર્મિઓ ઊછળતી; તેથી ભણવાની પથ્થરપાટીમાં તેમજ ઘરની બારી, ભીંતો વગેરે સ્થળે જ્યાંત્યાં લીટા કરી મોર, પોપટ, કાગડા, કાબર વગેરે દોર્યા જ કરતા.

ગામમાં શાળાની ખાસ સગવડ ન હોવાથી અભ્યાસ માટે તે રાજકોટ આવ્યા ત્યાં આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં કલાશિક્ષક શ્રી હરિભાઈ ભટ્ટ શાળા છૂટ્યા પછી ચિત્રનો કલાવર્ગ ચલાવતા. તેમાં જોડાએલા આ વિદ્યાર્થીની ચિત્ર પ્રત્યેની અભિરુચિ અને લગની પારખીને ભટ્ટસાહેબ તેને ખાસ માર્ગદર્શન તથા ઉત્તેજન આપતા. પરિણામે જાડેજાએ ચિત્રકલાની પ્રાથમિક પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પાસ કરી.

મૅટ્રિક પાસ કર્યા પછી શ્રી ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ઈન્ટર સાયન્સ સુધી અભ્યાસ તો કર્યો, પણ કલાર્થીનું હૃદય વિજ્ઞાનના તત્ત્વટૂંપણમાં ગૂંચવાયું અને દ્વિધામાં પડ્યા ત્યાં સદ્ભાગ્યે રાજકોટમાં જ લલિત કલાના વર્ગો શરૂ થયા, જ્યાંના શિક્ષક શ્રી રમેશભાઈ ભટ્ટની દોરવણી અને તાલીમ નીચે તેઓએ ખૂબ ખંતથી કામ કરી ૧૯૬૬માં 'ડ્રૉઇંગ ઍન્ડ પેઇન્ટિંગ'નો બીજા વર્ગમાં 'ડિપ્લોમા' મેળવ્યો.

બચપણથી જ લીલી હરિયાળીમઢ્યા ગામડાની સાથે માયા હોવાથી ગ્રામસંસ્કૃતિનાં ચિત્રો દોરવાં તેમને ખૂબ જ ગમે છે. વળી બચપણમાં તેમનાં ફઈબા પાસેથી સાંભળેલી સુંદર કથાવાર્તાઓ મનમાંથી નવા આવિર્ભાવ પામીને ચિત્રોમાં ઊતરે છે. ઠંડા મીઠા રંગોની કુમાશવાળાં તેમનાં ચિત્રો ભારતીય શૈલીમાં તેમજ શોભનઘાટવાળાં છે. લયવાહી રેખાની તરલતા સાથે વિગત પૂર્ણતાથી ઉઠાવદાર તેમ જ ભર્યાંભર્યાં લાગે છે. ... સાચી મૂડી આવી અભ્યાસનોંધો જ છે.

૧૯૬૩થી એમણે જાહેર પ્રદર્શનોમાં ભાગ લેવાની શરૂઆત કરી અને રાજકોટ, વડોદરા, ભાવનગર, દિલ્હી વગેરે સ્થળે તેમજ ચિત્રો પ્રદર્શિત થયાં છે. ગુજરાત રાજ્યના પાંચમા વાર્ષિક કલાપ્રદર્શનમાં કલાના વિદ્યાર્થી વિભાગમાં તેમની કૃતિ 'આંબલી-પીપળી'ને પ્રથમ પારિતોષિક મળેલું. તેમના મિત્ર શ્રી રાજેન્દ્રસિંહ પણ સારાં ચિત્ર કરે છે. બંને મિત્રો દર અઠવાડિયે એક એક પોસ્ટકાર્ડ ઉપર ચિત્ર કરીને એકબીજાને મોકલે છે. આ ઉપરાંત પોતે વાર્તાઓ આદિનાં પ્રસંગાલેખનો (ઇલસ્ટ્રેશન) પણ કરે છે, જે અવારનવાર 'ફૂલછાબ' દૈનિકમાં નજરે પડે છે.

કલા તેમને મન સાધ્ય છે, જેને પ્રાપ્ત કરવા માટે મહેનત, સાધના અને પ્રતિકૂળતામાંથી પસાર થવું પડે છે. તેને કલાકાર સાચી તપસ્યા માને છે. પરંપરાગત કલા માટે માન હોવા છતાં નવીન પ્રયોગો પ્રત્યે તેમને સૂગ નથી; તેમને પણ તે આવકારે છે.

# સાહિત્યસંપર્ક

## મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ

**આ**જકાલ બજારુ રુચિઓને સંતોષનારાં પ્રકાશનો લબડધક્કે બહાર પડતાં જાય છે, ઉપરછલ્લું જ્ઞાન ધરાવતા લેખકો ગમે તે વિષય ઉપર જ્યાંત્યાંથી એકઠો કરેલો ભંગાર તેમાં ઠાલવી દે છે અને માનવજીવનના ઈતિહાસની કેડીઓ અજવાળનારા અભ્યાસપૂર્ણ ચિંતનશીલ ગ્રંથોનાં દર્શન વિરલ થયાં છે એવે સમયે, યુગોથી ચાલ્યો આવતો માનવ-સંસાર કેટકેટલા જીવનપ્રયોગો અને સમાજ તેમજ રાજ્યના સંઘર્ષોમાંથી આજનું સ્વરૂપ પામ્યો છે તેનું દર્શન કરાવતો આવો અભ્યાસ-પૂર્ણ ગ્રંથ ગુજરાતી ભાષામાં આપીને શ્રીમતી ઈલાબેન વિજયકર બીજવાડિયાએ ગુજરાત-ની સેવા કરી છે. એમણે પ્રસ્તાવનામાં લખ્યું છે તેમ 'પ્રાચીન સંસ્કૃતિઓને લગતું પ્રમાણ-ભૂત સાહિત્ય અંગ્રેજીમાં ઘણું લખાએલું છે. એમાંનાં કેટલાંક મહત્ત્વનાં પુસ્તકોનો વિગત-વાર અભ્યાસ કરી એમાંના મુખ્ય મુદ્દાઓનું તારણ અને આકલન કરી એનું નિરૂપણ અહીં ગુજરાતીમાં કરવામાં આવ્યું છે.'

એમની લેખનશૈલી અને નિરૂપણરીતિ સુ-ગ્રાહ્ય અને પ્રવાહી લાગી છે. કોઈ પણ વાચક ધીરજ રાખી એનું વાચન શરૂ કરી શકે તો પૂર્વકાળની પ્રજાઓની સામુદાયિક સંસાર-ઘટનાઓ અને જીવનભાવનાઓ-[માં] તેમજ ધાર્મિક અંધારણોના અને જયપરાજયના વિવિધ પ્રત્યાઘાતોમાંથી આજ સુધી ઊતરી આવેલી કેટલી યે માન્યતાઓ વહેમો, કથા-ઓ અને કલાશિલ્પની પ્રથાઓનાં મૂળ શોધી શકશે જીવનમૃત્યુના ભેદ ઉકેલવા અને અંતનું સમાધાન શોધવા પાછળના પ્રાચીન પ્રજા-ઓના પ્રયત્નો, આજની મૃત્યુ પાછળની ક્રિયા-ઓ અને રસમો તેમજ દેવદેવીઓ, પૂજાઓ, દાન, શ્રાદ્ધ, મંત્રતંત્ર સુધી કેવી રીતે તણાતા આવ્યા છે તે સહેજમાં સમજાશે.

મિસર વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિનું કેન્દ્ર હતું. માનવજીવનના સર્વ સંસ્કારો અને શક્તિના સમૃદ્ધિ તેની પાસે હતી, પણ ઈશ્વર, માનવ જીવ અને મૃત્યુના ભેદો ઉકેલવામાં તે કલ્પનાથી આગળ જઈ શક્યું નહોતું; છતાં એક કલ્પનાને વાસ્તવિક માની અમરત્વની તેમની સાધના કેટલી પ્રબળ હતી તેનાં પ્રચંડ સ્મારકો અને લેખિત સાહિત્ય તે મૂકી ગયું છે. વિદ્વાનોએ તેનાં પ્રાચીન દફતરોની ભાષા ઉકેલી હજારો વર્ષનાં માનવીનાં હાર્દ શોધ્યાં છે.

મિસરના સાર્વભૌમત્વને પડકારતી તેની પછીની સંસ્કૃતિઓ અને રાજસત્તાઓ-સુમેર, બૅબિલોન-અસીરિયા-ઈરાન વગેરે શક્તિ-સંહાર અને સર્જન દાખવી ક્રમશઃ ધરતી ક્ષુ-જાવી ગઈ. એ સર્વના પતન વખતે કોઈ પણ અન્ય દેશો કરતાં ભારતનો સંપર્ક અને વ્યવ-હાર તેમની સાથે ચાલુ હતો સુમેરની સમ-કાલીન ગણી શકાય તેની સિંધુસંસ્કૃત્તિ પણ લિપિ, નાગરિકતા, વહાણવટા અને શિલ્પ-કાર્યમાં ઇતિહાસ સરજી ગઈ છે. તેના પર ઉપર્યુક્ત સંસ્કૃતિઓની અનેક અસરો પડી હશે એટલે ભારતીય ઇતિહાસના અભ્યાસીને એ સંસ્કૃતિઓનો અભ્યાસ અનિવાર્ય બને છે.

જે જે સંસ્કૃતિઓનો પરિચય આમાં આ-પવામાં આવ્યો છે અને જેનાં શિલ્પ અને સ્થાપત્યનાં શબ્દવર્ણનો કર્યાં છે તેનું યથાર્થ-રૂપ સમજવા માટે તેનાં પુષ્કળ ચિત્રો જ આવા ગ્રંથની વાસ્તવિકતા સમજવામાં સહા-ય કરે. હાલમાં નાઈલ નદી પર અસ્વન બંધ થતાં તેથી સર્જાતા જલાગારમાંથી મિસરની પ્રાચીન વિરાટ મૂર્તિઓ તથા મંદિરોને ડૂબતાં બચાવી લેવા માટે આ યુગની પ્રજાઓએ કેવી પ્રચંડ યોજનાઓ કરીને તેનું મહત્ત્વ સ્વી-કારી ભવ્ય અંજલિ આપી છે, તે વાત પણ આવા ગ્રંથમાં સમાવી લેવાની જરૂર હતી.

આવા ગ્રંથોને પૂર્ણ સાકાર કરવા માટે જરૂરી ચિત્રો-નકશાઓની અપૂર્ણતા ચલાવી લઈ શકાય નહિ. જે થોડાં ચિત્રો આપ્યાં છે તે દરેકની નીચે જ પરિચયની થોડી લીટીઓ આપી હોત તો ચિત્રસ્વરૂપો મનમાં રૂઢ થાત. દૃષ્ટિમાત્રથી સંસ્કૃતિને પિછાની શકાય ત્યારે જ તેનો અભ્યાસ સાર્થ બને છે.–ર. મ. રા.

## શબ્દકથા: ચીબરી, ભેરવ

અધરાત-મધરાતના નિર્જન ને નીરવ એકાંતને પોતાના કર્કશ, તીખા ને રઘવાયા 'ચિવુ-ચિવા' 'ચિવુચ.' 'ચિવુચા' શબ્દે ગજવી મૂકતી ચીબરી કે ચીબડી ઘણાને જાણીતી હશે. ઘુવડ જેવું એ નિશાચર પક્ષી છે. તેના અવાજ કેરવના અનુકરણમાં જ તેનું નામ ચીબરી પડયું છે. 'ચિવચિબ' કરે તે 'ચિબ્વિરી' કે ચિબ્બરી'; તે ઉપરથી 'ચીબરી' ને 'ચીબડી.'

મધરાતની નિર્જન અને નીરવ ભયાનકતામાં ચીબરીના બોલ ભયપ્રેરક લાગે છે, અને તેની કર્કશતાને લઈને સ્વાભાવિક રીતે જ તે અપશુકનિયાળ મનાય છે. ઘુવડની જેમ ચીબરીનું બોલવું પણ અશુભના સંકેત તરીકે લેવાય છે.

આથી તેનું બીજું નામ '**ભેરવ**' કે 'ભેરબ' પણ છે. ગોહિલવાડમાં 'ભેરવ' નહિ, પણ 'ભેરબ' બોલાય છે—જેમ 'ચરવી'ને બદલે 'ચરબી' વગેરે બોલાય છે તેમ.

'ભેરવ'ના મૂળમાં 'ભૈરવ' શબ્દ છે. 'ભૈરવ'નો મૂળ અર્થ ભય નક. પછીથી શિવના ભયાનક રૂપ કે રૂપો ('કાળભૈરવ' વગેરે) માટે કે તેના ગણ માટે તે વપરાતો થયો. 'ભૈરવી' દુર્ગાનું રૂપ પણ ગણાયું. ('દુર્ગા'નો એક અર્થ '**સમળી**' થતો તે અહીં નોંધવું ઘટે) વળી 'ભૈરવજાપ' કે 'ભેરવજપ', પછીના જન્મમાં ઈષ્ટપ્રાપ્તિ થાય તે માટે પર્વત ઉપરથી કૂદી પડીને (ઝંપપાત કરીને) આત્મહત્યા કરવા માટે પ્રચલિત હતો. ('ઝંપ'નો ઝપ' એવો ઉચ્ચાર થતાં, અને 'કૂદકો' અર્થ ભુલાઈ જતાં તે 'જપ' હોવાનું સમજાયું, અને એમ ભૈરવઝંપ ને બદલે 'ભૈરવજાપ' બન્યું.) પ્રાકૃતમાં રાક્ષસ આદિ ભયાનક સત્ત્વના અર્થમાં 'ભેરવ', 'ભઈરવ' જાણીતા હતા.

અપશકુન ગણાતી ચીબરીના અર્થમાં 'ભઈરવ' શબ્દ જૂની ગુજરાતીમાં બારમી શતાબ્દીથી જાણીતો હતો. 'ભરતેશ્વર-બાહુબલિ રાસ'માં અપશકુનો ગણાવતાં 'બિડાલ, ગધેડો, સમળી (દેવી), ઘુવડ અને શિયાળને ગણાવીને પછી 'ડાબિય ડગલઈ સાહિ ભયરવ ભૈરવ રવુ કરઈ' એમ કહ્યું છે, અને 'ભેરબ ભૈરવ રવ કરે છે' એ રીતે અનુપ્રાસ અને શ્લેષ પણ સાધ્યા છે.

**હરિવલ્લભ ભાયાણી**

## ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના ગ્રીષ્મ વ્યાયામવર્ગો

૧૩ વર્ષ કે એથી મોટી ઉમરના ભાઈઓ માટે ધર્મજમાં અને ૧૩ વર્ષથી મોટી ઉમરની બહેનો માટે રાજપીપળામાં તા. ૫-૫-૬૯-થી તા. ૨૫-૫-૬૯ સુધી ગ્રીષ્મ વ્યાયામ વર્ગો યોજવામાં આવ્યા છે. સંરક્ષણ અને નાગરિક શિસ્તની તાલીમ આપનાર આ વ-ર્ગોનો સમગ્ર અભ્યાસક્રમ ચાર વર્ષમાં વહેંચ-વામાં આવ્યો છે. આ સિવાય પહેલા બીજા વર્ષના વર્ગો વડોદરા, નડિયાદ અને ભાવ-નગરમાં પણ યોજવામાં આવનાર છે. પ્રવેશ પત્ર મોકલવાની છેલ્લી તા. ૨૭-૪-૬૯ છે. પ્રવેશપત્ર તથા માહિતી માટે લખો: મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારકમંડળ, રાજપીપળા જિ. ભરૂચ, વાયા અંકલેશ્વર.

# દિલ્હીમાં સાહિત્યવાર્તા

શ્રી સુંદરમ્ ગયા સપ્તાહમાં સાહિત્ય અકાદમીના પારિતોષિક વિતરણ પ્રસંગે અહીં આવી ગયા. સવારમાં અકાદમીએ સમારંભ રાખેલો, જેનો ઉદ્દેશ Writers' Meet (લેખકમિલન)નો હતો. એ સભામાં સૌ વિજેતાઓને પોતપોતાની કૃતિઓ વિષે બોલવાનું હતું. પ્રારંભિક વ્યાખ્યાન ડૉ. સુનીતિકુમાર ચૅટરજીએ પ્રમુખસ્થાનેથી આપ્યું. એમણે દેશની Fundamental Unity વિષે ચર્ચા કરી. ભારતીય સાહિત્યની અસ્ખલિત પરંપરા વિષે વાત કરીને કહ્યું કે મણિપુરી જેવી ભાષામાં આજે પણ ૭,૦૦,૦૦૦ પંક્તિઓનાં કાવ્યો લખાય છે અને એમાં વિષય-અનુસંધાન બધી ભારતીય ભાષાઓ સાથે તાદાત્મ્યવાળું છે. एकं सत् विप्रा बहुधा वदन्ति। આમ એક જ વિષય અન્ય અન્ય ભાષાભાષી વિપ્રો—સાહિત્યકારો બહુ પ્રકારે બોલે છે. એમણે ભારતીય વાઙ્મયની વિભૂતિ રૂપે વૈદિક વાઙ્મય, મહાભારત, તમિળનું સંગમ સાહિત્ય, જ્ઞાનેશ્વરી, બુદ્ધયુગના વીરગાથાકાલનું સાહિત્ય, ઉર્દૂ સાહિત્ય વગેરે ગણાવ્યાં. અને આ બધાં કેવી રીતે એક જ સંસ્કૃતિને પ્રગટ કરે છે તે સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. એમણે Cultureની વ્યાખ્યા કરી: 'Culture is nothing but thought in action.' વિચારના આ વાહકો સાહિત્યકારો જ છે એમ કહી creative (સર્જનાત્મક) અને reflective (વિવેચનાત્મક) સાહિત્યની ઉપયોગિતા સિદ્ધ કરી.

પછી સુંદરમ્ બોલ્યા. અંગ્રેજીમાં પણ એમણે એમની ધીરગંભીર શૈલીમાં ખૂબ છાપ પાડી. એમણે આ પારિતોષિક પોતાને મળ્યું તેને આશ્ચર્ય ગણાવ્યુ: 'કોઈ unknown purpose, અજ્ઞાત હેતુ આની પાછળ હશે. હું મુખ્યત્વે કવિ છું, પણ મેં છેલ્લાં પંદર વર્ષોમાં કાવ્યસંગ્રહ બહાર પાડયો જ નથી, અને જ્યારે મન થયું—કંઈક સમય કાઢયો ત્યારે પ્રથમ આ ગદ્યસંકલનો તૈયાર કર્યાં.' પોતે પોતાને સાદા અનુવાદક તરીકે ઓળખાવ્યા ને કહ્યું કે: 'સારાં translation ને પણ સાહિત્ય-અકાદમીએ ઈનામ આપવું જોઈએ. મને એમાં super original experience થાય છે. હું કવિ તરીકે આપણી સાંસ્કૃતિક પરંપરામાં જ આવું છું. હું કાલિદાસને જ પગલે ચાલું છું. ગદ્ય લખવું એ ખરેખર કસોટી છે. गद्यं कवीन्तं निकषं वदन्ति એ એક added experience છે, સત્યની સ્પષ્ટ ખોજ છે.' ને પછી એમણે પોતાનાં મુક્તક, કાવ્ય વગેરે વાંચ્યાં. એ પૈકી કદાચ નીચેનાં ત્રણ જાણીતાં નહિ હોય:

સમર્પિત કરી તને, પરમ હું હવે સજ્જ છું.

મુક્તિને આવતુ એવું હોય છે કોઈ બંધન;<br>
હોય છે અગ્નિ યે કોઈ શીતલા જેમ ચંદન.

અને નીચેના મુક્તકને તેમણે પ્રેરણાની અદકેરી લહાણ તરીકે વર્ણવેલું:

જલને હૃદયે જ્યારે ઝંખના ઊર્મિની થઈ;<br>
આમંત્ર્યો તટથી ત્યારે શુષ્ક કંકરને લહીં.

ત્યાર પછી એમણે આગલી રાત્રે ટ્રેઈનમાં રચેલું ગીત ગાયું જેની ધ્રુવપંક્તિઓ હતી:

'આ પવન કેવો વહે છે ખુશખુશાલ;<br>
શા ખબર એને મળ્યા છે...' વગેરે

તે પછી હિંદીના કવિ હરિવંશરાય 'બચ્ચન' બોલ્યા. એમણે પોતાના કાવ્યસંગ્રહનો રચનાકાળ ઈ.સ.'૬૨–'૬૩–'૬૪નો કહ્યો. '૬૨માં ચીને આપણને પરાજિત કરવા લાયક પણ ન ગણ્યા તેની વ્યથા કહી; '૬૪માં જવાહરનું મૃત્યુ;—પણ એમના જીવનનાં ત્રણ અંતિમ વર્ષો તે 'સ્વપ્નભંગ'નો સમય છે એમ કહ્યું. 'બાબરા ભૂત' અને 'હનુમાન' કવિતા વાંચી, જેમાં તર્કવિહીન શ્રમનો સાધક બાબરો ભૂત હતો; એ જ સંદર્ભમાં એમણે કહ્યું: Absurdity has the power to go beyond absurdity અને કહ્યું કે હનુમાનજી સાર્થક સંજીવનીપ્રદ શક્તિના ચાહક છે. પછી બે કવિતા 'યુગ-યુગ' અને 'ગાંધીજી' વાંચી, જે બંને સામાન્ય રચનાઓ હતી.



અહીં વર્ણવેલી દિલ્હી ગુજરાતી સમાજમાંની સભા સમયે: ડાબી બાજુથી–સુરેશ દેસાઈ (રાજ્યસભામાં આપણા સંસદ-સભ્ય અને દિલ્હી ગુજરાતી સાહિત્ય મંડળના પ્રમુખ) કાકાસાહેબ કાલેલકર, કવિ સુન્દરમ્, ચન્દ્રકાન્ત મહેતા અને મહેન્દ્ર દવે (આ અહેવાલના લેખક)

નાગાર્જુને એમની મૈથિલી કવિતા 'કંકાલ' વાંચી તે સરસ હતી. 'ભૌગોલિક સ્થિતિને લીધે બિહાર ક્ષેત્રનો અમારો પ્રદેશ ઉપેક્ષિત પડયો છે' તેની વેદના તેમના વ્યાખ્યાનમાં હતી.

પણ સરસ બોલ્યાં તો મહર્ષિ કર્વેનાં પુત્રવધૂ ઈરાવતી કર્વે. એમના વક્તવ્યમાં સ્ત્રીની સ્વાભાવિકતા, શ્રોતાઓ પ્રત્યે આત્મીયતાની લાગણી, પ્રૌઢી અને અનુભૂતિ બધું હતું. એમણે કહ્યું: 'મારો જન્મ બ્રહ્મદેશમાં—કદાચ એટલા માટે જ ઈરાવતી નામ પડયું. ઘરમાં પિતાજી મહાભારત વાંચે. આખું જીવન મહાભારત જીવ્યા,—ને મર્યા પણ. જ્યાં ભણવા માટે રહી તે કુટુંબ રૅંગ્લર પરાંજપેનું, ને એ ઘરમાં જેઈન ઑસ્ટિન અને ડિકન્સ દેવો હતા, તોયે વાતાવરણમાં મહાભારત રમતું હતું. કર્વે કુટુંબમાં પરણી, ત્યાં તો ગીતા-મહાભારતનો પાઠ હતો જ નહિ, પણ મહર્ષિ કર્વે એમનાં છેલ્લાં (હું સાથે હતી તે) વર્ષોમાં સ્થિતપ્રજ્ઞનાં બધાં લક્ષણો પ્રગટ કરતા હતા. આમ મહાભારતે મારો કબજો લીધો હતો. પણ હવે મારે માટે તે વર્ષો પહેલાં લડાએલી કોઈ battle royal ન રહી; કેમ કે મહાભારત ગઈ શતાબ્દીમાં અને આ શતાબ્દીના પૂર્વાર્ધમાં આ દેશમાં પણ થયું. અનેક મહાભારતો મેં જોયાં: political, social વગેરે. દ્રૌપદીની eternal આર્તવાણી આ જીવનમાં પણ વારંવાર સાંભળી—હજી ચાલુ જ છે; ને મારા 'યુગાન્ત'નું સર્જન થયું.

પછી પંજાબીના ટૂંકી વાર્તાકાર બોલ્યા. તે સામાન્ય હતું સુશ્રાવ્ય પણ ન હતું.

સંસ્કૃત કાવ્ય માટેના પારિતોષિક-વિજેતા દિલ્હી વિશ્વવિદ્યાલયના અમારા સહયાત્રી છે.

એમણે સ્મરણો તથા બે કાવ્ય સંભળાવ્યાં. પણ બધાંનો નિર્દેશ હવે નહિ કરું; જરૂર પણ નથી.

પણ વાત તો કહેવાની છે બીજે દિવસે સાંજે દિલ્હીની ગુજરાતી સંસ્થાઓ દ્વારા ગુજરાતી સમાજમાં સુંદરમ્‌નું સ્વાગત થયું તેની.

કાકાસાહેબ પ્રમુખપદે હતા. ને બહુ જ પ્રેમથી એમણે કહ્યું : એક વાર વ્યક્તિ આચાર્ય થાય તેથી સદાકાળ તેને આચાર્ય નહિ ગણવી જોઈએ. વળી આપણી પરંપરા પ્રમાણે તો 'प्राप्तेषु षोडशे वर्षे पुत्रं मित्रपदाचरेत् ।' સુંદરમ્‌ વિષે વાત કરતાં કહ્યું કે તેઓ અને ઉમાશંકર તો હવે એવા થઈ ગયા છે કે એમની સાધનાની પ્રભા સમગ્ર પર મુદ્રા પડી છે. મને કંઈ જાણવાનું મન થાય તો હું એમને પૂછું છું. ને સુંદરમ્ મને કોઈ વિદ્યાર્થીને ભણાવે એમ બરોબર વાત સમજાવે છે. ને પછી મજાકમાં શ્લેષ કરતાં કહે, 'આ ભાઈ જબરા છે. વિદ્યાપીઠમાં હતા ત્યારથી મારી હજામત કરતા આવ્યા છે!' (આ સાથે છબિ છે તે આ વાક્ય બોલાયું ત્યારે પ્રકટેલા હાસ્યની છે.) ને પછી पुत्रात् शिष्यात् पराजयः કહી એમણે વાત આગળ ચલાવી.

પણ તે દિવસે સુંદરમ્ ખરેખર સુંદર બોલ્યા. એમણે पुत्रात् शिष्यात् पराजयःથી જ શરૂ કર્યું. કહ્યું કે 'આ "પરાજય"ને આ સાહિત્ય અકાદમી પારિતોષિક "વિજેતા"-આ બધી સંઘર્ષની પરિભાષા છે. એને હવે આપણે છોડવી પડશે; હવે નવી પરિભાષા બાંધવી પડશે, ને તે, આચાર્યથી શિષ્ય શોભે ને શિષ્યથી આચાર્ય શોભે એવી...' એને માટે એમણે ઉદાહરણ સંસ્કૃતમાં આપ્યું : 'मणिनां वलयं वलयेन मणिः- પણ પાછું मणिनां वलयेन विभाति करः । આ "કર" કોનો, તેના શોધ કરવાની છે. એટલે ખેંચાખેંચી-antithesisની નહિ પણ synthesisની પરિભાષા પ્રયોજવાની છે. સંઘર્ષનાં તત્ત્વ વિના આપણે વાત કરી જ ન શકીએ એ કેમ ચાલે?'

પછી એમણે પોતાની યાત્રાની વાત કહી. પહેલાં ગાંધીજીના પ્રભાવમાં આવ્યા. 'અહીં પણ', એમણે કહ્યું, 'પરિભાષાની મુશ્કેલી છે. "પ્રભાવ" ગાંધીજી યે પાડવા માગતા ન હતા. એઓ જીવનમાં, જગતમાં કાંઈક "મૂકવા" માગતા હતા. એમની સાથે અમે મળ્યા. પણ પછી મનમાં એવું થયું કે જે ઝંડો અમે ફરકાવતા હતા તે એમ નહિ ઊડે એમ જણાયું.' ને અહીં એમણે પહેલી જ વાર એક વાત કરી, ને તે વ્યક્તિગત સત્યાગ્રહ વખતે જંબૂસરમાં થએલી પોતાની ધરપકડ વખતની : 'ત્યાં ખોલીમાં ગાળેલા ચાર દિવસ... ત્યાં જ મારો જન્મ થયો... આખો ભૂતકાળ, બધી જ લાગણીઓ, બધી જ સંવેદનાઓનું સરવૈયું નીકળ્યું ને નક્કી થયું કે આ ભૂતકાળને આધારે આગળ વધી શકાય તેમ છે જ નહિ. નાનાલાલનો 'બ્રહ્મ' બોલતો ન હતો; નરસિંહરાવનું 'દિવ્ય' પ્રકટ થતું ન હતું; ગીતાની एषां ब्राह्मी स्थितिःમાં પણ 'બ્રહ્મ' બોલતું ન હતું. ગાંધીજીની પ્રાર્થનાઓમાં ગયા હતા, ભજનમંડળીઓ યોજી હતી, પણ પછી ખયાલ આવ્યો કે ગાંધીજી પણ હવે આગળ શોધે છે. ને તે વખતે શ્રી અરવિંદનું Life Divine હાથમાં આવ્યું. જીવનની મહાન કસોટી પહેલાં અર્જુનને પણ ચક્ષુ નહોતું મળ્યું. કસોટી વખતે જ दिव्यं ददाति ते चक्षुः કહ્યું. એ પુસ્તક તો ગમ્યું, પણ અગાઉ મેં કાવ્યોમાં ભગવાન સાથે તકરાર કરેલી, એ જ તકરાર સાથે શ્રી અરવિંદ પાસે ગયો. I went with a challenge. ને બધી તકરારોનો જવાબ એમણે આપ્યો. મને થયું કે આ વ્યક્તિ પુરાતન સિદ્ધિઓને આગળ વધારી રહી છે. કાકાસાહેબે કહ્યું તે યોગ્ય જ છે કે 'બધું પુરાતનમાં જ સારું હતું અને હવે એવું નથી, એમ કહેવું એ ખોટું છે.'' શ્રી અરવિંદ બધા કરતાં આગળ ગયા છે. એ Life Divine લખી નથી બેઠા; I must embody Divineની પ્રતિજ્ઞા લઈને બેઠા છે. We want to create Divine એ એમનું mission છે અને એ unmanifest ને manifest કરી રહ્યા છે. વગેરે કહ્યું.

સુંદરમ્ પાસેથી એમની આ કથા એવી રોચક રીતે મળી, એવી પ્રેમાળ રીતે મળી, કે અમારો અહીંનો ગુજરાતી સમાજ ખરેખર પ્લાવિત થઈ ગયો હતો. —મહેન્દ્ર દવે

# નવાં પ્રકાશનો

**સ્મરણચિત્રો :** લેખક-જેઠાલાલ નારાયણ ત્રિવેદી. રાંધેજાના ગ્રામજીવનમાંથી અભિજાત માતપિતાના સંસ્કાર-વારસાથી સભર બની કેળવણી અને ધંધાર્થે બહારના વસવાટો પછી નિવૃત્તિકાળે પોતાના વતન રાંધેજામાં નિવાસ કરનાર આ સાહિત્યસેવી પુરુષાર્થીએ ૨૯ જેટલાં સાહિત્યિક પ્રકાશનો કર્યાં છે. બહુ નાની ઉમરથી રોજનીશી લખવાને કારણે પોતાના સમયનાં કુટુંબજીવન તેમજ દેશજીવનનાં ઉજ્જ્વળ ચિત્રો તેઓ આ પુસ્તકમાં આપી શક્યા છે.

ગ્રંથના વિસ્તારમાંથી કેટલુંક ઓછું કરી શકાય તેમ છે છતાં પ્રસંગો ખૂબ જ રોચક હોઈ વાંચનારને રસ પડશે જ. પ્રકાશક: ગુર્જર ગ્રંથભવન, કાલુપુર, ભોઈવાડાની પોળ, અમદાવાદ. પૃ. ૨૫૦, પાકું પૂઠું. મૂલ્ય રૂ. ૬

**અનુભવ મંજરી :** કવિ દયારામે વ્રજભાષામાં નોંધેલા પોતાના સ્વપ્નિક, પરોક્ષ કે પ્રત્યક્ષ આધ્યાત્મિક અનુભવો. કવિ દયારામના ચરિતનો પણ ખયાલ મેળવવામાં સહાયક આ અનુભવોનું લખાણ ગુજરાતી ગદ્યના વિકાસનો પણ અંદાજ આપે છે સાથેનાં ૧૪ પરિશિષ્ટો પુસ્તકની ઉપયોગિતા વધારે છે. સંપાદક: અધ્યા. જીવનલાલ છગનલાલ જોષી. પ્રકાશક: ગુજરાત સાહિત્ય સભા, બૅલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ-૧, કાચું પૂઠું. રૂા ૪-૦૦.

**ક્ષણ જે ચિરંતન :** 'કુમાર'ના ચિરપરિચિત અને આપણા અગ્રિમ કવિ રાજેન્દ્ર શાહનો કાવ્યસંગ્રહ, જેને ઈ ૧૯૬૮-કવિ નાનાલાલ પારિતોષિક મળ્યું પૃ. ૧૨૮, પાકું પૂઠું, ૩-૫૦.

**વિષાદને સાદ :** એમનાં જ બીજાં ૧૬ કાવ્યો. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂા. ૨-૦૦. પ્રાપ્તિસ્થાન : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

**રાનેરી :** સ્વ. મણિલાલ દેસાઈનાં કાવ્યો અને અંજલિઓ. પૃ. ૧૧૮, પ્ર જયંત પારેખ, કવિલોક, ગિરગામ રોડ, મુંબઈ-૨.

**આદર્શ સંત સરયૂદાસજીના પાવન પ્રસંગો** લેખક: 'નિમિત્તમાત્ર', પ્રકાશક: સદ્‌વિચાર પરિવાર; પ્રાપ્તિસ્થાન: સરયૂ મંદિર, પ્રેમદરવાજા, સંત સરયૂદાસ માર્ગ અમદાવાદ-૧. પૃ ૬૮, કાચું પૂઠું, કિં. ૬૦ પૈસા.

**સુખીજીવનનું રહસ્ય :** એક પ્રેરણાત્મક પુસ્તિકા; લે જનાર્દનદાસ, પ્ર. સદ્‌વિચાર પરિવાર, દરિયાપુર ટાવર પાછળ, રૂપાપરી, અમદાવાદ-૧. પૃ. ૪૦ કાચું પૂઠું, કિં. ૬૦ પૈસા.

**એકાગ્રતા :** ચિત્તની એકાગ્રતા કેળવવા માટેનું માર્ગદર્શન; પૃ. ૫૩, કાચું પૂઠું, રૂ. ૧-૨૫.

**સફળતાને માર્ગે :** જીવનમાં આગળ ધપવા માટે પ્રેરક માર્ગદર્શન આપતી પુસ્તિકા. પૃ. ૧૧૮, કાચું પૂઠું, રૂા ૪-૦૦. ઉપર્યુક્ત બંને પુસ્તકના લેખક: યુ. એન. દર્શનદાસ. પ્રકાશક: શ્રી દર્શન ગ્રંથમાળા, ઉદાસીન સંત કુટિર, સિહોર (જિ. ભાવનગર).

**દિયો દૃષ્ટિનાં દાન :** જેના ચક્ષુદાને અનેકનાં હૃદયમાં અનેરી અર્પણભાવના જગાડી તે જેનિસ બેબસનની કથા. સંપાદક: 'નિમિત્તમાત્ર'. પૃ. ૫૬, કાચું પૂઠું, ૦-૫૦. પ્રકાશક: સદ્‌વિચાર પરિવાર, ૨૬૯૭ દરિયાપુર ટાવર પાછળ, રૂપાપરી, અમદાવાદ-૧.

(અનુસંધાન પૃ. ૧૬૩ ઉપર)

# ભારતનાં સંગ્રહસ્થાનોનો વિકાસ

લેખક · આર. ટી. પરીખ





પ્રાચીન ભારતીય સંસ્કૃતિના બે સંરક્ષકો : સર વિલિયમ જોન્સ (ઉપર) અને લૉર્ડ કર્ઝન.

સાંસ્કૃતિક દૃષ્ટિએ કોઈ પણ દેશ કેટલો આગળ વધ્યો છે એ તેનાં સંગ્રહસ્થાનો પરથી જાણી શકાય. દેશના ઇતિહાસનું અને એની પ્રગતિનું ત્યાં પ્રતિબિંબ જોવા મળે છે. સંગ્રહસ્થાન, એટલે કે 'મ્યૂઝિયમ' શબ્દને આજે આપણે જે અર્થમાં સમજીએ છીએ એનો વિકાસ તો હજી હમણાં છેલ્લી સદીમાં થયો. મૂળ ગ્રીક શબ્દ Mouseion પરથી આ શબ્દ બન્યો છે. એનો અસલ અર્થ છે 'વિદ્યાની દેવીઓનું ધામ.' ઍલેક્ઝાંડરના કાળમાં ઍલેક્ઝાન્ડ્રિયામાં આવું એક વિદ્યાધામ સ્થપાયું હતું. ગ્રંથસંગ્રહ સાથે ત્યાં કેટલીક અવનવી ચીજવસ્તુઓ પણ સંઘરાઈ હતી. જ્ઞાનવર્ધન માટે વિદ્વાનો એનો ઉપયોગ કરતા. એ રીતે આપણે એ સ્થાનને કદાચ મ્યૂઝિયમ કહી શકીએ ઈ. સ.ના ચોથા સૈકામાં અકસ્માત લાગેલી આગમાં એ તારાજ થઈ ગયું.

પ્રાચીન સમયમાં ને પછી મધ્યયુગમાં કેટલાક રાજાઓ કે ઉમરાવો અંગત શૉખથી કલાકૃતિઓ ને અવનવી ચીજો સંઘરતા એ ખરું, પણ આવી ચીજોના જાહેર સંગ્રહસ્થાન તરીકે તો મ્યૂઝિયમનો વિકાસ હજી હમણાં જ થયો એમ કહી શકાય. ઈ ૧૬૭૭માં ઑક્સફર્ડ યુનિવર્સિટી પાસે જાહેર લાભાર્થે આવો એક સંગ્રહ આવ્યો. આ પછી ઈ. ૧૭૫૩માં સર હાન્સ સ્લોનનો વિશાળ સંગ્રહ રાષ્ટ્રને ભેટ ધરાતાં આજના જગવિખ્યાત બ્રિટિશ મ્યૂઝિયમનું મંગલાચરણ થયું. યુરોપનાં લગભગ ઘણાખરાં સંગ્રહસ્થાનો આવી જ રીતે અસલ કોઈ શાહી કે અંગત સંગ્રહો પર જ આરંભાએલાં. રાજકીય સંપર્કો વિસ્તરતાં એક બીજા દેશની અવનવી ચીજો પણ સંગ્રહસ્થાનોમાં ઉમેરાતી ગઈ, ને આજે હવે સંગ્રહસ્થાનો એ સંસ્કૃત સમાજનું એક અનિવાર્ય અંગ બની રહ્યાં છે.

આ સંગ્રહસ્થાનોનું મુખ્ય ધ્યેય જ્ઞાનપ્રસારણનું છે. માણસમાં કુતૂહલ પેદા કરી એને એ અવનવું જાણવા પ્રેરે છે. પોતે કેવી દુનિયામાં, કેવા સમયમાં, કેવા સંસ્કારમાં જીવે છે, પોતાનો ઇતિહાસ કેવો હતો વિકાસ કેમ થયો અને એમાં પોતે કેટલે પહોંચ્યો છે એનું એને ભાન કરાવી એનામાં આ સંગ્રહસ્થાનો શક્તિ અને શ્રદ્ધા જગાડે છે. અનેક અડચણો ને મુશ્કેલીઓ વચ્ચે પણ એ કેવીકેવી આનંદમય અને શાતાપ્રેરક કલાકૃતિઓ સર્જી શકે છે તેનું એને દર્શન કરાવે છે.

ભારતનાં પ્રાચીન દેવસ્થાનો પણ કંઈક અંશે આવું જ કાર્ય સાધતાં હતાં. એની દીવાલો પરનાં શિલ્પ ને ચિત્રોમાં તત્કાલીન સમાજનું દર્શન થતું. ચિત્રવીથિઓ અને વિશ્વકર્મા મંદિરોના ઉલ્લેખ આપણાં પુરાણોમાં છે જ. સમૃદ્ધિની સાથેસાથે કલાકૌશલનો પણ વિકાસ થયો હતો; પણ સંકુચિત ધર્માંધતા, વિદેશી આક્રમણો અને બેદરકારી જેવાં અનેક કારણે એમાંનો ઘણો મોટો હિસ્સો આપણે ગુમાવી દીધો, એટલું જ નહિ, પૈસાની લાલચે આપણી સંસ્કૃતિની દ્યોતક અનેક સામગ્રી હજી યે આપણે પરદેશમાં ધકેલીએ છીએ.

આપણાં આધુનિક સંગ્રહસ્થાનોનો આરંભ તો હજી હમણાં અઢારમી સદીના છેલ્લા દાયકામાં થયો. સર વિલિયમ જોન્સ નામના એક અંગ્રેજને એનો યશ ઘટે છે. કંપની સરકારના એક ન્યાયાધીશ તરીકે આવેલા એ વિદ્વાને આપણા સાંસ્કૃતિક વારસાથી મુગ્ધ થઈ અહીંની ભાષાઓનો અભ્યાસ કર્યો અને પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓનો અગ્રયાયી થયો. કલકત્તામાં તેણે 'રૉયલ એશિયાટિક સોસાએટી'ની સ્થાપના કરી. એ સંસ્થાએ બંગાળ અને એની આસપાસના પ્રદેશોમાં પુરાતત્ત્વ, ઇતિહાસ, ભૂસ્તર, પ્રાણીઓ, કલા અને હુન્નર-ઉદ્યોગના ક્ષેત્રોમાં સંશોધન કરવા માંડયાં. ઈ. ૧૭૯૬ સુધીમાં તો એમણે એટલા બધા નમૂના એકઠા કર્યા કે એ રાખવા માટે એક ખાસ મકાનની જરૂરત લાગી ઈ. ૧૮૧૪માં કલકત્તામાં દાક્તરી કરતા ડેન્માર્કના ડૅનિયલ વૉલીએ સોસાએટીને પોતાનું સંગ્રહસ્થાન સ્થાપવા આગ્રહભરી વિનતિ કરીને એ અંગે વિનાવેતન સેવા આપવા તૈયારી દર્શાવી. રૉયલ એશિયાટિક સોસાએટી ઑવ બંગાળે આ પ્રસ્તાવ વધાવી લીધો અને ભારતનું સૌપ્રથમ સંગ્રહસ્થાન આકાર પામ્યું. આગળ જતાં ઈ. ૧૮૬૬માં સ્થપાએલા 'ઇન્ડિયન મ્યૂઝિયમ'માં પછી આ સંગ્રહને ભેળવી દેવામાં આવ્યો. ઈ. ૧૮૭૫માં 'ઇન્ડિયન મ્યૂઝિયમ'નું આજનું ભવ્ય મકાન ખુલ્લું મુકાયું ત્યારે તેમાં ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, કલા અને હુન્નરના વિભાગો હતા.

કલકત્તાના સંગ્રહસ્થાન પછી લંડનની એશિયાટિક સોસાએટી સાથે સંકળાએલા મદ્રાસના સાહિત્ય મંડળે ઈ. ૧૮૨૦માં આર્થિક ભૂસ્તરશાસ્ત્રને લગતું એક સંગ્રહસ્થાન રચવા ઇચ્છા દર્શાવી. એડવર્ડ ગ્રીન બાલ્ફર નામના એક દાક્તરે આ માટે ઘણી મહેનત કરી અને ૧૮૪૩માં કંપની સરકારની મંજૂરી મળતાં આજે મદ્રાસના 'ગવર્નમેન્ટ મ્યૂઝિયમ' તરીકે જાણીતા સંગ્રહસ્થાનનો જન્મ થયો. દક્ષિણ ભારતના કલાકૌશલના, પુરાતત્ત્વના, માનવવંશશાસ્ત્રના અને પ્રાણીશાસ્ત્ર વગેરેના એના વિભાગોનો આજે ત્યાંની શાળા-મહાશાળાનાં વિદ્યાર્થીઓ સારો લાભ લે છે. ડૉ. બાલ્ફરે આ ઉપરાંત, બૅંગલોર, તિરુવલ્લીપલમ્, બેલારી, કૉઈમ્બતુર, ઉતાકામંડ, સિકંદરાબાદ ને મૅંગલોરનાં સંગ્રહસ્થાનોની સ્થાપના પાછળ પણ એવો જ ઊંડો રસ લીધેલો.

બીજી બાજુ બંગાળમાં સિરામપુરમાં ત્યાંના જાણીતા મિશનરી કેરેના પ્રયત્નથી ઈ. ૧૮૧૮માં ત્યાંની કૉલેજમાં પણ એક સંગ્રહસ્થાન રચાયું હતું. મુંબાઈની ગ્રાંટ મેડિકલ કૉલેજે પણ પોતાનું સંગ્રહસ્થાન ચાલુ કર્યું હતું અને ઈ. ૧૮૫૧માં ત્યાં ડૉ. અસ્ટૅનના પ્રયત્નોથી આજના વિખ્યાત 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'નો આરંભ થયો હતો.

ઈ. ૧૮૫૭ના બળવા પછી હિંદુસ્તાનનો રાજવહીવટ કંપની પાસેથી અંગ્રેજ સરકારે હાથમાં લીધો ત્યાર બાદ અહીંનાં સંગ્રહસ્થાનોના ઇતિહાસનો બીજો તબક્કો આરંભાય છે. એ ગાળામાં દેશમાં બીજાં ત્રીસેક નવાં સંગ્રહસ્થાનો સ્થપાયાં. અવારનવાર પરદેશની મુલાકાતે જનાર દેશી રાજવીઓએ ત્યાંનાં સંગ્રહસ્થાનોની પ્રવૃત્તિનો રૂબરૂ ખયાલ પામી પોતાનાં રાજ્યોમાં પણ એનો આરંભ કરવા માંડયો. વડોદરાના સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલાં બરોડા મ્યૂઝિયમ અને પિક્ચર ગૅલેરી,

મ્હૈસૂર મ્યૂઝિયમ, ભૂજનું મ્યૂઝિયમ, વિલ્સન મ્યૂઝિયમ, ધરમપુરનું મ્યૂઝિયમ વગેરે એનાં ઉદાહરણો છે.

આ જ ગાળામાં એક મહત્ત્વનો બનાવ બન્યો: ઈ. ૧૮૮૭માં રાણી વિક્ટોરિયાની હીરક જયંતીની ઉજવણી આવી. આ પ્રસંગની કાયમી યાદ ઊભી કરવા સંખ્યાબંધ સંગ્રહસ્થાનો સ્થપાયાં, જેમાં મદ્રાસની વિક્ટોરિયા હુન્નરસંસ્થા, કલકત્તાનો વિક્ટોરિયા મેમોરિયલ હૉલ અને જયપુર ઉદેપુર વિજયવાડા વગેરેનાં સંગ્રહસ્થાનો ગણાવી શકાય.

તે પછી હિંદના હાકેમ બની આવેલા લૉર્ડ કર્ઝને તો સંગ્રહસ્થાનોની પ્રવૃત્તિમાં ઘણો વેગ આણ્યો. બ્રિટિશ તાજના પ્રતિનિધિ તરીકે દેશભરમાં ફરતાં એણે હિંદી સંસ્કૃતિના અનેક અવશેષોને રઝળતા રોળાતા જોયા, અને એને જાળવી રાખવાની ઇચ્છાથી એણે એ સમયે 'આર્કિયૉલૉજિકલ સર્વે ઑવ ઇંડિયા'ના મહા સંચાલક સર જહૉન માર્શલની સહાયથી એક નવું જ સોપાન માંડયું. વેરણછેરણ પડેલા એ ખંડિત પણ મોંઘા અવશેષોને એકઠા કરીકરીને પહેલાં તો સલામત સ્થળે સંઘરવામાં આવ્યા, અથવા પ્રાપ્તિસ્થાન પર જ એના સંરક્ષણની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. વચ્ચે ઈ. ૧૯૩૬માં મૂળ સ્થળ પરથી એવા નમૂનાઓ સુરક્ષિત સ્થળોએ ખસેડવાનો એક પ્રસ્તાવ પણ થયો, પણ સરકારે એ અમાન્ય રાખ્યો ને પરિણામે સારનાથ, નાલંદા વગેરે જેવાં સંગ્રહસ્થાનો જળવાઈ ગયાં.

આ જ ગાળામાં આ સદીના ત્રીજા દાયકામાં સિંધુતટની પ્રાચીન સંસ્કૃતિની શોધ થઈ. મોહેં જો દરો (સિંધ) અને હડપ્પા (પંજાબ)ના અવશેષોએ નહિ કલ્પેલા એવા પ્રાચીનતમ ઇતિહાસનું એક અનોખું પ્રકરણ ખુલ્લું કર્યું ને ભારતનો ઇતિહાસ ઈસ્વી સનની યે પૂર્વે સૈકાઓ સુધી પાછળ ખેંચાઈ ગયો. ત્યાંના ઉત્ખનન દરમિયાન એના અભ્યાસ સાથે એ સ્થળો પર જ સંગ્રહાલયો ઊભાં કરવામાં આવ્યાં. કમનસીબે ભારતના ભાગલા થતાં આ બંને સ્થળો પાકિસ્તાનને ભાગે જતાં રહ્યાં. પણ હમણાં ગુજરાતમાં લોથલના ઉત્ખનનથી એ કાળના પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિના પ્રસ્તારનું પ્રકરણ પુનઃ પ્રાપ્ત થયું છે.

ભારતની નગરપાલિકાઓએ પણ સંગ્રહસ્થાનોના વિકાસમાં સારો ફાળો આપ્યો છે. મુંબાઇનું પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ આનું એક ઉદાહરણ છે. ઇંગ્લંડના તત્કાલીન પાટવી કુમાર પ્રિન્સ ઑવ વેલ્સની ભારતની મુલાકાતને એક કાયમી યાદ આપવા એની સ્થાપના થએલી. સરકારે જમીન ભેટ આપી અને નગરપાલિકાએ એનો ખર્ચ ઉપાડી લીધો. વડોદરાનું આરોગ્ય સંગ્રહસ્થાન, અમરેલીનું ગિરધરલાલ મહેતા બાલ સંગ્રહાલય, અલ્લાહાબાદનું સંગ્રહસ્થાન વગેરે મ્યુનિસિપાલિટીના પ્રદાનમાંથી જ સર્જાયાં છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ પણ આ દિશામાં પગરણ માંડયાં છે.

આ ઉપરાંત, કેટલાંક સંશોધન મંડળોએ પણ પોતાનાં આગવાં સંગ્રહસ્થાનો રચ્યાં છે. ઈ. ૧૯૧૦માં કલકત્તાની બંગીય સાહિત્ય પરિષદે અને પૂનાનાં ભારતીય ઇતિહાસ-સંશોધન મંડળે પોતાના સંગ્રહોનો આરંભ કરેલો. ૧૯૨૮માં આંધ્ર ઇતિહાસ સંશોધન મંડળે પણ પોતાનું સંગ્રહસ્થાન ઊભું કર્યું. વળી, રાજવાડે સંશોધન મંડળે તથા કન્નડ રીસર્ચ સોસાએટીએ પણ આ દિશામાં સારો ફાળો આપ્યો છે. ઓરિસ્સા અને આસામનાં સ્ટેટ મ્યૂઝિયમોનું મૂળ રેવનશૉ કૉલેજના બે પ્રાધ્યાપકોની મહેનતને આભારી છે. કલકત્તા, વડોદરા, મ્હેસૂર, અલ્લાહાબાદ વગેરેની વિદ્યાપીઠે એ પણ પોતાનાં આગવાં સંગ્રહસ્થાનો રચ્યાં છે. પૂનાની ડેક્કન કૉલેજ જેમ કેટલીક મહાશાળાઓએ પણ પોતાના સંગ્રહો રચીને આ સમૃદ્ધિમાં વધારો કર્યો છે.

આપણાં મંદિરોએ પણ આપણા અનેક સંસ્કૃતિના નમૂના જાળવી રાખ્યા છે. શ્રીરંગમના રંગનાથ સ્વામીના મંદિરનો સંગ્રહ, મદુરાના મીનાક્ષી મંદિરમાં સંઘરાએલી હાથીદાંતની કલાકૃતિઓ, તિરૂપતિ વ્યંકટેશ્વર વિશ્વવિદ્યાલયના સહકારથી જળવાએલા શ્રી વ્યંકટેશ્વર સંગ્રહાલયનાં શિલ્પો અને પ્રાચીન લેખોનો સંગ્રહ વગેરે આમાં અગ્રગણ્ય છે. જૈન મંદિરોના ભંડારોમાં સંઘરાએલી કૃતિઓ ઉલ્લેખનીય ગણાય.

આ પછી ઈ. ૧૯૩૯માં વિશ્વયુદ્ધ આરંભાતાં સરકારી સહાય અટકી પડવાથી સંગ્રહસ્થાનોના વિકાસની પ્રવૃત્તિ થંભી ગઈ હતી; પણ ૧૯૪૫માં પ્રખ્યાત પુરાવિદ્ સર મૉર્ટિમર વ્હીલરના આગમનથી આ દિશામાં એક નવો જ વળાંક આવ્યો. આ દરમિયાન સરકારના પુરાતત્ત્વ મોજણી (આર્કીઑલૉજિકલ સર્વે) ખાતાના હાથ નીચે ચાલતાં સંગ્રહાલયોનો વિકાસ ઘણો ધીમો હતો. પણ સર વ્હીલરે ખાતામાં એક અલગ સ્વતંત્ર શાખા ઊભી કરીને એક ખાસ અધિકારી નીમી ખાતાનાં બધાં સંગ્રહસ્થાનો એના હાથમાં મૂકી દીધાં કે જેથી એ એક જ તંત્ર તળે કંઈક નિશ્ચિતપણે વિકાસ સાધી શકાય. અને આને પરિણામે હવે એ ખાતા તળેનાં સંગ્રહસ્થાનો સારી પ્રગતિ પામ્યાં પણ છે.

સર મૉર્ટિમરે એક બીજું પણ મહત્ત્વનું કાર્ય કર્યું. ભારતને પોતાનું રાષ્ટ્રીય સંગ્રહસ્થાન હોવું જ જોઈએ એવો એણે ભારભર્યો આગ્રહ વ્યક્ત કર્યો; અને પરિણામે, સર મૉરિસ ગ્વાયરના પ્રમુખપણામાં આ પ્રશ્નોનાં વિવિધ પાસાં તપાસી જોવા એક સમિતિ નીમાઈ. ઈ. ૧૯૪૮માં લંડનમાં યોજાએલા પ્રદર્શનમાં ભારતના દરેક પ્રદેશમાંથી મોકલાએલી કૃતિઓને જે તે સંગ્રહાલયો પાસેથી મેળવી લઈને આ રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે એને રાખવા માટે રાષ્ટ્રપતિ ભવનના દરબારખંડનો ઉપયોગ કરવો પડયો હતો. ઈ. ૧૯૫૬માં પં. નેહરુએ એના ભવનનું ખાતમુહૂર્ત કર્યું, ૧૯૬૦માં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને એનું ઉદ્ઘાટન કર્યું, અને આજે અદ્યતન પદ્ધતિથી પ્રદર્શિત એનો સંગ્રહ દેશવિદેશના મુલાકાતીઓને ભારતનું એક અનોખું દર્શન કરાવે છે. સંશોધન ને શૈક્ષણિક ક્ષેત્રે પણ એ અમૂલ્ય સેવા આપે છે.

આ ઉપરાંત, કલકત્તાના ઇંડિયન મ્યૂઝિયમને પણ હવે રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો અપાયો છે, અને સમગ્ર એશિયામાં વધુમાં વધુ નમૂના ધરાવતા એ સંગ્રહસ્થાનમાં રજૂઆતના આધુનિક ફેરફાર થઈ રહ્યા છે.

દક્ષિણ હૈદરાબાદના એક કલારસિક મરહૂમ સાલાર જંગે પોતાના પ્રવાસો દરમિયાન એકઠી કરેલી અવનવી ચીજોનો વિશાળ સંગ્રહ તો પરદેશમાં પણ જાણીતો થઈ ગયો હતો. આ અંગત સંગ્રહ પણ હવે ખાસ નવા મકાનમાં વધુ યોગ્ય રીતે ગોઠવી રાષ્ટ્રીય કક્ષાના એક વધુ સંગ્રહસ્થાનના રૂપમાં ફેરવાઈ રહ્યો છે.


સ્વાતંત્ર્ય પછી અનેક ક્ષેત્રોમાં થએલા વિકાસને પ્રદર્શિત કરતા નાનાનાના વ્યક્તિગત અને સંસ્થાકીય સંગ્રહો પણ ઘણી સંખ્યામાં સર્જાયા છે. ઈ. સ. ૧૯૩૭ના એક અહેવાલ મુજબ ભારતમાં ત્યારે કુલ ૧૦૫ સંગ્રહસ્થાનો હતાં તેને બદલે આજે ૨૫૦થી પણ આગળ એ આંકડો પહોંચ્યો છે. સરકારે આ ક્ષેત્રનું જે મહત્ત્વ સ્વીકાર્યું છે એને આનો યશ ઘટે છે. દેશનાં સંગ્રહસ્થાનો સાંસ્કૃતિક વિકાસ અને કેળવણીમાં કઈ રીતે વધુ ફાળો આપી શકે એ વિચારવા એક કેન્દ્રીય સલાહકાર મંડળની પણ સરકારે રચના કરી છે. વળી, 'મ્યૂઝિયમ એસોસીએશન ઑવ ઇંડિયા' નામે આ ક્ષેત્રે કામ કરનારાઓનું એક બીજું ખાનગી મંડળ પણ છે, જે આ પ્રવૃત્તિને વધુ લોકભોગ્ય બનાવવા મહેનત કરે છે. 'જર્નલ ઑવ ઇંડિયન મ્યૂઝિયમ્સ' નામે એમનું એક વાર્ષિક મુખપત્ર પણ પ્રકટ થાય છે. આ માસમાં (અનુ. પૃ. ૧૫૧)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની 'ડૉક્ટર આવતાં પહેલાં'ની પ્રાથમિક સારવારની લેખમાળા

# અસ્થિભંગ

[૧૯]

હાડકું ભાંગવું એટલે શું એ તો સૌકોઈ જાણે છે. એને માટેનો 'ફ્રૅક્ચર' શબ્દ પણ બધાનો જાણીતો છે. ફ્રૅક્ચરના બે પ્રકાર છે: સાદું (Simple) અને સંયુક્ત (Compound). સાદા ફ્રૅક્ચરમાં હાડકું ભાંગે છે પણ ચામડીમાં ઘા નથી પડતો. સંયુક્ત ફ્રૅક્ચરમાં ભાંગેલું હાડકું ખસીને ચામડીમાં પણ ઘા પડે છે. ઈજાથી હાડકાના નાના ટુકડા થાય એ 'કૉમિન્યુટેડ ફ્રૅક્ચર' છે. ભાંગેલાં હાડકાંના છેડાઓ એકબીજામાં પેસી જાય એ અસ્થિભંગનો 'ઈમ્પૅક્ટેડ' પ્રકાર છે: ઝાડની લીલી ડાળી વાંકી વાળતાં ભાગે ત્યારે તેની બહારની બાજુ જ ભાગે છે જ્યારે અંદરથી અંતરગોળ સપાટી માત્ર વાંકી વળે છે. આવી રીતે બાળકનું પોચું અને વધારે સ્થિતિસ્થાપક હાડકું ભાંગે છે તે ગ્રીન સ્ટિક ફ્રૅક્ચર કહેવાય છે.



હાથના હાડકા—રેડિયસનું ગ્રીન-સ્ટિક ફ્રૅક્ચર


ચિહ્નો અને લક્ષણો: પડતાં કે વાગતાં રોગીને હાડકું ભાંગવાનો કડાકો સંભળાય છે કે અનુભવાય છે. હાડકું ભાંગવાના સ્થળે વેદના અને પીડા થાય છે. ઈજાવાળો અવયવ હલાવતાં કે દબાવતાં એ વેદના વધે છે. મોટા ભાગે હાથ ને પગનાં લાંબાં હાડકાં ભાંગે છે અને તેમ થવાથી હાથપગનું હલનચલન બંધ થાય છે. ઈજાવાળો અવયવ નિર્બળ બને છે. તેને ટેકવવાની સહજ ઈચ્છા થાય છે. અસ્થિભંગના સ્થાને થોડો કે વધારે સોજો આવે છે. ભાંગેલા હાડકાના છેડા એકબીજા ઉપર ચડી જવાથી ઈજાવાળો ભાગ બેડોળ દેખાય છે.


ચામડીની સપાટીની પાસે આવેલા પગના હાડકા ઉપર આંગળી ફેરવતાં હાડકું વાંકુંચૂકું કે તેની વચમાં ખાડો પડયો હોવાનું લાગે છે. કૉમ્પાઉન્ડ ફ્રૅક્ચરમાં ચામડી ચીરીને બહાર આવેલો હાડકાનો છેડો દેખાય છે. હાડકું ભાંગ્યું હોય ત્યાં અવયવનું અસ્વાભાવિક હલનચલન થાય છે. હાડકાની સમતાઇ અને સળંગતા તૂટે છે. ભાંગેલા હાડકા ઉપર હાથ ફેરવીને તપાસતાં જરા હલાવવાથી ભાંગેલા હાડકાના બંને છેડા એકબીજા સાથેનો ઘસારો અનુભવાય છે. પરંતુ આ રીતે હાડકું ભાંગ્યાની તપાસ કરવા જતાં ગંભીર નુકસાન થઈ બેસવાનો સંભવ છે. માટે બિનઅનુભવી વ્યક્તિએ તેની તપાસમાં પડવું નહિ. હાડકાના છેડા ચામડી ચીરી બહાર આવેલા પણ દેખાય છે. આ વખતે લોહી વહે છે અને આઘાતની સ્થિતિ પણ આવી પડે છે.

હાડકું ભાંગ્યાની આ બધી નિશાનીઓ જાણીતી છે; છતાં કદીક દાક્તરોને પણ એક્સ-રે વિના હાડકું ભાંગ્યાની જાણ થતી નથી, એટલે પડવાની, વાગવાની, કુંહાવાની કોઈ પણ ઈજા વખતે હાડકું ભાંગ્યું છે એમ ધારી પગલાં લેવાં ઈષ્ટ છે. અસ્થિભંગના બધા કિસ્સાઓ વખતે દાક્તરની મદદ લેવી.

સાદો અસ્થિભંગ સંયુક્ત ન બને એ માટે પ્રાથમિક સારવાર અગત્યની છે. કરોડ ભાંગી હોય ત્યારે કરોડરજ્જુને અને ખોપરીમાં વાગ્યું હોય ત્યારે મગજને વધુ ઈજા ન થાય તે ખાસ જાળવવાનું છે. રોગીને બને તેટલી રાહત આપવી અને તેને ઓઢાડીને શાંતિથી સુવાડી રાખી આઘાતની સ્થિતિમાંથી બચાવવો. ભાંગેલા હાડકાને સ્થિર—અ-ચલ રાખવાથી થએલી ઈજામાં વધારો ન થાય એ પ્રાથમિક સારવારનો હેતુ છે. બિન-આવડતથી પ્રાથમિક સારવાર આપવા જતાં હાડકાંના ભાંગેલા છેડા ચામડી ચીરી નાખવા સંભવ છે; અગર તો આસપાસના જ્ઞાનતંતુઓ અને લોહીની નળીઓને ઈજા થવાથી વેદના અને આઘાતમાં ઘસારો થવા સંભવ છે.

જો ઈજાવાળા અંગમાંથી લોહી વહેતું હોય તો ઈજાવાળા ભાગ પર





ડાબી બાજુ ઉપરથી અનુક્રમે: સાજુંસમું કાંડું, કાંડાના અસ્થિભંગ વખતનો દેખાવ અને નીચે ભાંગેલા હાડકાની સ્થિતિ. ઉપર ડાબી બાજુથી અનુક્રમે: પગના નળામાં થએલું કૉમ્પાઉન્ડ ફ્રૅક્ચર, એમાં ચામડી ચીરી હાડકું બહાર આવ્યું છે. કૉમિન્યુટેડ ફ્રૅક્ચર, જેમાં હાડકાની કરચો થઈ ગઈ છે. ઈમ્પૅક્ટેડ ફ્રૅક્ચર, જેમાં ભાંગેલા હાડકાનો છેડો સામેના પહોળા છેડામાં પેસી ગયો છે. છેલ્લે જાંઘના હાડકા-ફીમરના ભાંગેલા છેડાઓને સાંધતું તેના પર જામેલું કેલસનું પડ.

પહેરેલું કપડું કાઢવાનો પ્રયત્ન ન કરતાં એ ફાડી જ નાખવું. ઈજાવાળા અંગને હલાવવું નહિ આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો. દા. ત. હાથનું હાડકું ભાંગવા સાથે લોહીસ્રાવ હોય તો લોહી બંધ કરવા હાથ ઊંચો ના કરવો. આવી રીતે દબાણ આપતી વખતે પણ ભાંગેલા હાડકાનું હલનચલન ન થાય તેની કાળજી રાખવી. અસ્થિભંગ સાથે ચામડી ઉપર ઘા હોય તો બહારથી રોગજીવાણુઓનું શરીરમાં પ્રવેશ થવાનું જોખમ ઊભું થાય છે. સંયુક્ત અસ્થિભંગમાં પુષ્કળ લોહી વહેતું નથી; પણ જો એમ થાય તો અને ખાતરીપૂર્વક આવડે તો જ ઘા ઉપર વિશુદ્ધ ડ્રેસિંગ મૂકી પાટો બાંધવો. જો લોહીસ્રાવ બંધ ન થાય તો હૃદયની નજીકના દબાણકેન્દ્ર ઉપર આંગળી કે હથેલી વતી દબાણ કરવું. લોહી બંધ થયા બાદ ઘા ઉપર ડ્રેસિંગ મૂકી પાટો બાંધવો.

મદદ મળતાં સુધી રોગી જ્યાં પડ્યો હોય ત્યાં રહેવા દેવો. વાહન-વ્યવહારના કે બીજા કારણે એનો જાન જોખમમાં હોય તો જ તેને ખસેડવો. ખસેડતાં અગાઉ ભાંગેલું હાડકું હાલે નહિ એ રીતે સ્થિર કરવું. માથું, કરોડ, બસ્તિપ્રદેશ ને જાંઘના અસ્થિભંગ વખતે રોગીને સૂતેલો જ રાખીને ખસેડવો અને તેમાં અતિશય સંભાળ રાખવી.

પ્રાથમિક સારવારમાં હાડકાં બેસાડવાનું કામ ઉપાડવાનું નથી. સારવારનો હેતુ ભાંગેલા હાડકાને સ્થિર રાખવાનો છે જેથી વધુ ઈજા ન થાય. ભાંગેલા પગને સ્થિર કરવા તેને બીજા પગ સાથે બાંધવો. ભાંગેલા હાથને છાતી કે પેટ સરસો બાંધવો. ઈજા પામેલા અંગને સ્થિર રાખવા માટે, બહારથી આધાર આપવા માટેના સાધનને 'સ્પ્લિન્ટ' (કે 'પાટિયાં') કહે છે. બિનઅનુભવીએ આ પાટિયાં બાંધવા ના બેસવું. જે કંઈ કરવું પડે તે કરવું, પણ ભાંગેલા અંગનું અનાવશ્યક હલનચલન થવા ન દેવું. તેને બને તેટલી સ્વાભાવિક સ્થિતિમાં ગોઠવવું. આમાં જરાય બળ વાપરવું નહિ. સંયુક્ત અસ્થિભંગમાં ભાંગેલા હાડકાના છેડા ચામડી બહાર દેખાતા હોય તો તેને ગોઠવવા કદી પ્રયત્ન કરવો નહિ.

લાકડા, લોખંડ કે ટિનના જુદીજુદી લંબાઈ, પહોળાઈ ને કદના સ્પ્લિન્ટ તૈયાર મળે છે. પુરુષ, સ્ત્રી અને બાળકોના જુદા જુદા સ્પ્લિન્ટ આવે છે. તે મજબૂત, અવયવ કરતાં પહોળા અને અસ્થિભંગના સ્થાનની ઉપરના અને નીચેના સાંધાઓની આગળ જાય એટલા લાંબા જોઈએ, જેથી સાંધાઓ સ્થિર રહે. સ્પ્લિન્ટની અવેજીમાં હાથના માટે ગડીબંધ છાપું અને પગના માટે છત્રી લાકડી કે પૂઠાં પણ વાપરી શકાય. દોઢ ઈંચ પહોળાં પૂઠાને અવયવની લંબાઈ અનુસાર કાપી ગરમ પાણીમાં બોળી પોચાં બનાવી અવયવની આસપાસ ગોઠવી બાંધવાં. પૂઠાં કે સ્પ્લિન્ટની ધારો સુધી આવે એવી રીતે તેની અંદર રૂ કે પાતળું કપડું ગોઠવ્યા બાદ તેને ઈજા પામેલા અંગ ઉપર ગોઠવવાં. પાટિયાં એવાં સખત હોવાં જોઈએ કે રોગીના હલનચલન વખતે હાડકાના ભાંગેલા છેડા ગોળ ગોળ ના ફરે. પાટિયાં સ્થિર રહે એટલો સખત પાટો વીંટવો પણ લોહીનું ભ્રમણ બંધ પાડે એટલો સખત ન બાંધવો. બે આંટા આવે એટલો લાંબો પાટો લઈ, ગાંઠ શરીરના બહારના ભાગ ઉપર આવે એવી રીતે મારવી.

અસ્થિભંગની પ્રાથમિક સારવારના આ સામાન્ય નિયમો પછી જુદા જુદા પ્રકારના અસ્થિભંગમાં કેમ વર્તવું તે વિષે હવે પછી.

અનુસંધાન] **ભારતનાં સંગ્રહસ્થાનોનો વિકાસ** [પૃ. ૧૪૯થી

જ આ મંડળની દિલ્હીમાં રજત જયંતી ઊજવાઈ છે.

છેલ્લા બે દાયકામાં ઉદ્યોગ અને વિજ્ઞાનનાં ક્ષેત્રે ભારતે જે પ્રગતિ કરી છે તેને, તેમજ વિજ્ઞાનના સિદ્ધાંતો અને નવી શોધખોળોને જનસમુદાય સુધી પહોંચાડવા માટે 'કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ' નામની સરકારી સંસ્થા ચાલે છે તેના દ્વારા બે ખાસ સંગ્રહસ્થાનો દેશમાં રચાયાં છે. તેમાંનું એક કલકત્તામાં આગેવાન ઉદ્યોગપતિ બિરલાના સહકારથી થએલું બિરલા ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ટેક્નૉલૉજિકલ મ્યુઝિયમ, અને બીજું બૅંગલોરમાં વિશ્વેશ્વરયા ઈન્ડસ્ટ્રીઅલ ઍન્ડ ટેક્નો. મ્યુઝિયમ છે. બંને સંગ્રહાલયોએ ઉપર્યુક્ત કાઉન્સિલની મદદથી અદ્ભુત પ્રગતિ સાધી છે. એમાં રજૂ થતા મોટા ભાગના નમૂના નિષ્ણાતોની સહાયથી સંગ્રહાલયની જ વર્કશૉપમાં તૈયાર કરવામાં આવે છે. અહીંની શાળામહાશાળાના વિદ્યાર્થીઓ માટે એ અજબ આશીર્વાદ રૂપ પુરવાર થયાં છે. વળી કલકત્તાના સંગ્રહાલયે તો એક 'મ્યુઝિયમ બસ' ચાલુ કરીને આસપાસના ગ્રામવિસ્તારમાં પણ જ્ઞાન-વિજ્ઞાનનો પ્રસાર કરી લોકપ્રિયતા મેળવી છે.

જાણીને સુખદ આશ્ચર્ય થશે કે ભારતના બીજા પ્રદેશોની સરખામણીમાં ગુજરાતમાં વસતિના પ્રમાણમાં વધુમાં વધુ સંગ્રહસ્થાનો છે! વડોદરા 'મ્યૂઝિયમ અને પિક્ચર ગૅલેરી' તો પરદેશમાં પણ જાણીતી છે. ગુજરાત રાજ્યનું તે આજે 'સ્ટેઈટ મ્યૂઝિયમ' છે. વળી આ ક્ષેત્રમાં કાર્ય કરતા લોકોએ 'મ્યુઝિયમ એસોસીએશન ઑવ ગુજરાત' નામનું એક પ્રાદેશિક મંડળ રચીને તો આખા દેશને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભવિષ્યમાં એ પોતાનું એક મુખપત્ર પણ પ્રકટ કરવા વિચારે છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તો સંગ્રહાલયની પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધુ વિકાસ પામતી રહી છે. 'યુનેસ્કો' દ્વારા પણ આ માટે એક ખાસ શાળા કામ કરે છે, જે અવારનવાર પરિસંવાદો દ્વારા તથા વિકસતા દેશોનાં સંગ્રહસ્થાનોની પ્રગતિ માટે સલાહસૂચનો ને નિષ્ણાતોની મદદ આપીને આ વિષયને વધુ વેગ આપે છે. આના સહકારમાં 'ઈન્ટરનૅશનલ કાઉન્સિલ ઑવ મ્યૂઝિયમ્સ' નામે એક બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થા પણ કામ કરે છે. ICOM નામે એ પોતાનું મુખપત્ર પણ પ્રકટ કરે છે.

વૈવિધ્યભર્યા ઇતિહાસની દીર્ઘ પરંપરા અને અસંખ્ય અમૂલ્ય નમૂનાઓ હોવા છતાં આપણાં સંગ્રહસ્થાનો આટલી પ્રગતિ પછી યે બીજા વિકસિત દેશોની સરખામણીમાં વર્તમાન સમાજનું એક અગત્યનું પાસું બની રહેવામાં પાછળ છે. આપણી શિક્ષણસંસ્થાઓ હજી એનો પૂરેપૂરો લાભ લઈ શકતી નથી. સંગ્રહની રજૂઆત અંગે હજી ઘણા વિકાસને અવકાશ છે. એનાં પ્રકાશનોને જનસામાન્ય સુધી પહોંચાડવાની જરૂર છે. આ ક્ષેત્રમાં કામ કરનારાઓએ પણ પોતાને સંગ્રહસ્થાનની દીવાલો વચ્ચે જ પોતાની પ્રવૃત્તિને સીમિત ન કરી રાખતાં લોકસંપર્ક સુધી પહોંચાડવાની જરૂર છે.

આ ક્ષેત્રે નવી જાગૃતિ આણવા કેન્દ્ર સરકારે દર વર્ષે દેશના જુદા જુદા વિસ્તારમાં 'મ્યૂઝિયમ્સ કૅમ્પ' યોજવાની પણ એક આવકારપાત્ર પદ્ધતિ અપનાવી છે. આથી આ ક્ષેત્રના માણસો પરસ્પર નવા પરિચયો પામવા સાથે વિચારવિનિમય ને ચર્ચાઓ દ્વારા ઘણું નવું જાણી શકે છે.

વળી, કોઇ પણ સંગ્રહસ્થાનની પ્રગતિનો આધાર એના કાર્યકરો પર ને ખાસ કરીને સંગ્રહાધ્યક્ષ પર રહે છે એ તો દેખીતું છે. આ માટે યોગ્ય તાલીમની પણ એટલી જ જરૂર છે એમ સમજી વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીએ 'મ્યૂઝિયૉલૉજી'ની ખાસ તાલીમની વ્યવસ્થા કરી છે. સંગ્રહસ્થાનને યોગ્ય નમૂનાઓ કેમ એકઠા કરવા, એની કેવી રીતે જાળવણી કરવી, એની રજૂઆત કેમ કરવી વગેરે તથા એના શૈક્ષણિક મૂલ્યના સ્થાપન અંગેની પદ્ધતિસરની તાલીમ એમાં અપાય છે. આખા બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં માત્ર આપણે ત્યાં જ આવી વ્યવસ્થા છે, અને દેશના તેમજ વિદેશના અનેક વિદ્યાર્થીઓ એ તાલીમ લેવા આવે છે. માત્ર એમાં ગુજરાતીઓની સંખ્યા ઘણી ઓછી છે!

ગુલાબદાસ બ્રોકર

# નવા ગગનની નીચે

## ૧૮ • આલ્પ્સનો શિખરમણિ મોં બ્લાં

સવારના પહોરમાં ઊઠી ગયો. ડોસીમાએ પ્રેમથી નાસ્તો આપ્યો. ખાધો અને ઊપડયો. લાંબી મુસાફરી હતી મોં બ્લાંની. પણ કોચ સરસ હતો ને ગાઈડ હસમુખી હતી. સ્મિતથી તેણે સ્વાગત કર્યું. ફ્રાંસની સરહદમાં જવાનું હતું, એટલે અમુક જગ્યાએ લઈ જઈ બધાના વિસા તપાસાવી લીધા. પછી વનશ્રીની ઝાકમઝોળ પ્રસરી રહી. ચારે બાજુ માઇલો સુધી, ડુંગર દેખાવા લાગ્યા. તેની ઉપરનો બરફ જોઈને એ બાઇને કૈંક યાદ આવી ગયું. હાસ્ય રમતાં કહે: 'એક વાત કહું તમને', પછી પળ રહીને બોલી: 'એક વાર આ પ્રમાણે જ મુસાફરી ચાલતી હતી, અને હું જ ગાઈડ તરીકે કામ કરતી હતી. ત્યારે મારી સાથેના પ્રવાસીઓમાં એક નાઈજીરિયન યુગલ હતું. ભલાં હતાં બાપડાં. તાજાં પરણેલાં લાગતાં હતાં. હનીમૂન કરવા આવ્યાં હશે. બરફ જોઈને એ યુગલ તો ખુશ ખુશ થઈ ગયું. બન્ને એ જોતાં જાય ને એકબીજાંને બતાવતાં જાય. અંતે એમાંના પુરુષે મને પૂછ્યું—અમે મોં બ્લાં ઉપર પહોંચી ગયાં અને બરફમાં ડગલાં ભરી રહ્યાં હતાં ત્યારે—'આ બરફ કદી યે ઓગળતો નહિ હોય?'

મેં કહ્યું: 'કદી યે નહિ'.

એ માણસ તો રાજી થઈ ગયો. એનો એ આનંદ એના મોં ઉપર તરી આવ્યો. તેણે પોતાની પત્ની સામે હર્ષપૂર્વક જોયું અને કહ્યું: 'તો તો સરસ, તો તો આમાંનો થોડો, અહીંનાં સ્મરણચિહ્ન તરીકે, હું મારી માને માટે લઈ જઈશ!' ને પછી તો, એને કોઈ અટકાવી શકે એ પહેલાં, એણે તો બરફ ખિસ્સામાં ભરવા માંડયો!'

કોચમાંનાં બધાં હસી પડયાં. પેલી સ્ત્રી માત્ર રાહબર નહોતી, અભિનેત્રી પણ હતી. બધાં હસ્યાં ત્યાં સુધી એ મૂંગી ઊભી રહી. પછી કહે: 'એનું ખિસ્સું ભીનું થઈ ગયું ત્યારે તેને સૂકવવાને, કમભાગ્યે, અમારી પાસે કશું સાધન પણ નહોતું!'

એમ હસતાં રમતાં મોં બ્લાં પાસે આવી પહોંચ્યાં. અહીંથી અમારે ઘણે ઊંચે જવાનું હતું ગગનચુંબી લાગતાં મોં બ્લાંના શિખર સુધી તો પહોંચાય તેમ નહોતું, પણ ત્યાંની એર કેબલ ગાડી ઘણે ઊંચે સુધી, લગભગ બાર તેર હજાર ફીટની ઊંચાઈએ લઈ જઈ શકતી હતી. એ એર કેબલની ગાડી પણ અદ્ભુત હતી. ઊંચે ઊંચે બે શિખરોને જોડી દેતાં બાંધેલાં તારનાં દોરડાં પર એના ડબ્બા સરતા ને પહોંચી શકાય તેટલા ઊંચામાં ઊંચા પૉઈન્ટ સુધી મુસાફરોને પહોંચાડી દેતા. સામે માત્ર ગગનચુંબી હિમાચ્છાદિત શિખરો દેખાય, અને નીચે ખીણ! માત્ર ખીણ! જો દોરડું તૂટે તો... એ મોત પણ રોમાંચક હોય! પણ હજી કોઈને ભાગ્યે એ આવ્યું હોવાનું સાંભળ્યું નથી. ઉત્સાહપૂર્વક એ કેબલ ગાડીમાં બીજાઓની સાથે બેસી ગયો. ગાડી ચાલવા લાગી. અધ્ધર લટકવા લાગી. આકાશમાં ગતિ કરવા લાગી.

'નહિ ઊંચે, નહિ નીચે, મળે આધાર ધન હીંચે!'

જેવી સ્થિતિ થઈ રહી. બધું રોમાંચક અને રોમૅન્ટિક લાગતું હતું. પણ તેમાં ભયની માત્રા ભળેલી નહોતી એમ તો ન જ કહી શકાય. ઉપર ગયો. હાશ... કરી છુટકારો અનુભવ્યો. સાથેના યુરોપિયન અને અમેરિકન મુસાફરો પાસે 'અમારા હિમાલય પાસે આ તો કુછ વિસાત મેં નહિ' એવી ગુલબાંગ ફેંકી. જાણે આપણે તો હિમાલયમાં હમેશાં ઘૂમતા રહેતા ન હોઈએ! અને તે પણ આટલી ઊંચાઈએ!

થોડો બરફ હાથમાં લીધો. ઠરી ગયા જેવું લાગ્યું. ગરમ કપડાં શરીર આસપાસ પૂરેપૂરા જોરથી લપેટયાં. ચારે બાજુ નજર કરી, ભવ્યતા કોને કહેવાય—ઈશ્વરી ભવ્યતા—એનો ખયાલ ફરી એક વાર આવ્યો. ચિત્તે અહંમાંથી પળ માટે છૂટેલી અલ્પતાનો નમ્રતાપૂર્વક અનુભવ કર્યો; થોડી મુક્તિ પણ, એને અંગે અનુભવાઈ. ઈટલી, ફ્રાંસ, સ્વિટ્ઝર્લૅન્ડ અને ઑસ્ટ્રિયાને પોતાનું સૌંદર્ય અર્પતા આલ્પ્સનું ઊંચામાં ઊંચું અને ભવ્યમાં ભવ્ય આ શિખર મોં બ્લાં જોનારામાં અનેક ભાવ પ્રેરી રહે છે. મને તો એણે અભિભૂત જ કરી દીધો હતો. બધાંયને કર્યાં હશે, કેમ કે પાછા વળતાં કેબલ રેલવેમાં કોઇ કશું બોલતું નહોતું. પણ છતાં બધાંયની આંખો તો બોલતી હતી જ, કશુંક નવું અનુભવ્યાની વાતો એ કરી રહી હતી. ખાસ કરીને પેલી અમેરિકન યુવતી પણ મૂંગી હતી. નહિતર એણે લીધેલ નવા કૅમેરાને બતાવવા એ અમે ઉપર ગયા ત્યારે કેટલી આતુર હતી! બરફમાં મારી જોડે ચાલતાં તેણે મને કહ્યું હતું; 'આમાંથી જુઓ જોઉં; સરસ દેખાય છે. નહિ!'

હું સમજી ગયો હતો તેને શું જોઇતું હતું તે; એટલે મેં પૂછ્યું હતું, ઓહો! સરસ કૅમેરા છે! કયાંથી લીધો?'

'જર્મનીથી. માત્ર ત્રણસો જ ડૉલરમાં!'—માત્ર!!

પણ એ પણ પાછા વળતાં મૂંગી હતી. કૅમેરા તેની પીઠ પર લટકતો હતો અને તે સ્વપ્નમાં ખોવાઈ ગઈ હતી.

ખાદ્ય વાનગીઓની સોડમ નાકમાં પહોંચવા માંડી ત્યારે એ સૌંદર્યમૂર્છા ઉતારવા માંડી. મારી સામે ટેબલ ઉપર લૅટિન અમેરિકાના એક સજ્જન બેઠેલા હતા. ખાવા બાબતની મારી ચાગલાઈ અને ચીકાશ જોઈને હસતા હતા. મારો ને વેઇટ્રેસનો ડાયલૉગ બંધ થતાં એણે ઝુકાવ્યું: 'અહીં મઝા કરવા આવ્યા છો કે અપવાસ કરવા?'

'મારે માટે આ જ મઝા છે. એ ન મળે તો અપવાસ થઈ જાય.' એ હસી પડયો.

થોડી વાર આમતેમ આંટા માર્યા. ત્યાં એક સૂચના બધે ફરી વળી. સામી બાજુના શિખર પર જવું હોય તો એ સગવડ પણ હતી. મોં બ્લાં જેવું એમાં કશું નહોતું, પણ બીજી બાજુનાં દર્શન થશે.

આવ્યા છીએ તો શા માટે એ પણ ચૂકવું? વિચારી એની ટિકિટ લીધી. એર લિફ્ટ દ્વારા જવાનું હતું. આ વખતે ઊંચાઈ પણ ઓછી હતી અને લઈ જનાર ડબ્બો બબ્બે સીટનો જ હતો. મારા ડબ્બામાં કૅનેડાની એક ઓગણીસ વર્ષની છોકરી હતી. યુરોપમાં રજાઓ ગાળવા. મસ્ત અને ખુશખુશાલ હતી પોતાની આ મુસાફરી ઉપર. રસ્તે અત્યંત ઉત્સાહપૂર્વક મને કહે: 'મારાં માબાપનો ઉપકાર હું કદી યે નહિ ભૂલું. એમણે જાતે તંગી વેઠીને પણ મને અહીં મોકલી છે.'

'મઝા આવે છે?'

'અદ્ભુત! આ યુરોપ—અમારે બધાંને માટે તો એ એક સ્વપ્ન સમો રહે છે—હમેશાં જ.'

'સાકાર થએલું એ સ્વપ્ન પેલા કલ્પનાના સ્વપ્ન જેવું જ સુંદર છે?'

'એવું જ, એવું જ!' બે હાથથી તાળીઓ પાડતાં તેણે કહ્યું: 'કયાંક તો એથી યે ચડી જાય. માત્ર...' અને તેનું મોં જરા ગમગીન બની ગયું.

'માત્ર?' મેં પૂછ્યું.

'માત્ર ઈટલીમાં એકલી છોકરીઓએ જવું ન જોઈએ.'

'કેમ?' હું હસી પડ્યો.

'ઓહ! ત્યાંના પુરુષો! એટલા ખરાબ! ફરી કદી જ ત્યાં નહિ જાઉં.'

સામે શિખરે પહોંચી ગયાં ત્યાં સુધી એ તો માત્ર આ જ વાતો કરતી રહી. એર લિફ્ટના ડબામાંથી ઊતર્યાં ત્યારે કશું દેખાય તેવું રહ્યું નહોતું. વરસાદ વરસવો શરૂ થઈ ગયો હતો અને તેણે આખી યે વનરાજિ પર એક ધૂંધળો પટ પાથરી દીધો હતો. કશો જ ઉપાય નહોતો, કોઈનો યે. વળતી ગાડીમાં પાછાં બેસી ગયાં. નીચે પથરાએલા સૌન્દર્યને માત્ર કલ્પનાથી સાકાર કર્યું.

નીચે આવી થોડો સમય ગુજાર્યો ત્યાં તો વરસાદ પણ રહી ગયો અને અમારે પાછા જવાનો સમય પણ થઈ ગયો. થોડો થાક પણ લાગ્યો હતો. જોવાનું પણ જોઈ લીધું હતું. બધા યે પગ અત્યંત સ્ફૂર્તિપૂર્વક જીનીવા પાછી જતી બસમાં ચડી ગયા. હું યે દોડ્યો. પણ નિરાશ થયો. બારી આગળ બેસવાની જગ્યા ન મળી. અંતે ખાલી દીઠી બેઠકમાં બેસી ગયો. અને બાજુમાં બારી આગળ બેઠેલી વ્યક્તિ તરફ ઈર્ષ્યાપૂર્ણ દૃષ્ટિથી જોઈ રહ્યો. એ એક વૃદ્ધ સજ્જન હતા. યુરોપિયન નહોતા લાગતા. ભદ્ર મુખમુદ્રા હતી, ચપળ આંખો હતી. મળતાવડા હોય એવી છાપ પડતી હતી. ખાતરી કરવાનું મન થયું એટલે બસ ઊપડી કે તરત જ પૂછ્યું: 'સુંદર હતું, નહિ?'

'અદ્ભુત સુંદર!' તેમણે કહ્યું અને હસ્યા. અંગ્રેજી બોલ્યા એથી આનંદ થયો. વળી પૂછ્યું: 'અંગ્રેજ?' હસીને: 'અમેરિકન.'

પછી એમનો વારો: 'તમે?' 'હિંદી.'

'સરસ, સરસ.' તેઓ મારી તરફ ફરી ગયા: 'મને હિંદ વિષે બહુ કુતૂહલ છે.' 'મને અમેરિકા વિષે છે.' મેં કહ્યું.

'મુસાફરી લાંબી છે એટલે આપણે બંને આપણા કુતૂહલને સંતોષી શકીશું,' એમણે કહ્યું. 'ચોક્સ.' મેં કહ્યું, અને બહાર નજર કરી.

બસ દોડી જતી હતી. ઊતરતી વખતે પણ સૌન્દર્યનો રાશિ પ્રદેશની સુંદરતાનો અનોખો ખયાલ આપતો હતો. નવું કશું બતાવવાનું ન હોઈ અમારી ભોમિયણ પણ કશું બોલતી નહોતી. વાત કરતી વખતે આંખ બંધ રાખવાની નહોતી એટલે વાતથી એ સૌન્દર્યના દર્શનમાં કશો વિક્ષેપ પડે તેમ નહોતો. ને પડે તેમ હોય તો યે... હું વાતોડિયો હતો.

તે પણ એવા જ નીકળ્યા. ડૉક્ટર હતા. સુખી સ્થિતિના હતા. યુરોપ જોવા આવ્યા હતા. દર્શનીય હતું તે બધું તેમને ગમતું હતું, પણ આ નવો જમાનો નહોતો ગમતો. તેની સાથે તેઓ પોતાના મનનો મેળ બેસાડી શકતા નહોતા. અને એનું એમને ભયંકર દુઃખ હતું. છતાં હાસ્યવૃત્તિ નરવી હતી. કહે: 'અમારા અમેરિકામાં પ્રોસ્ટીટ્યૂશન ઓછું થતું જાય છે.' 'ખરેખર?' હું આશ્ચર્યથી બોલી ઊઠ્યો.

'હાસ્તો.' 'કારણ?'

'કારણ કે અમારી આ નવી છોકરીઓ છે ને, તે વેશ્યાઓની જબરી હરીફ નીકળી છે!' 'એટલે?' હું મૂંઝાયો.

'પૈસા ખરચવાથી જે મળતું હોય તે મફત મળે તેમ હોય તો પૈસા કોણ ખરચે, ભલા માણસ?'

'તમે વધારેપડતા નિરાશ લાગો છો.'

'એવું હોય તો કેવું સારું? પણ ખરેખર આ છોકરીઓ વેશ્યાઓ માટે અવકાશ રહેવા દેતી જ નહિ હોય.' પછી આશ્વાસનપૂર્વક: 'સારું છે કે મારે પુત્રી નથી.' 'તો તો તમારે નિરાંત.'

'એવી નિરાંત માટે નસીબ જોઈએ ને?' 'કેમ?'

'પુત્રી નથી, પણ પુત્રવધૂ તો છે ને!'

'તમારા પુત્રે પસંદ કરી હશે એટલે એ તો સારી સ્ત્રી હશે.'

'ધૂળ સારી છે!' કહી પળ બે પળ એ મૂંગા થઈ ગયા. પછી કહે: 'હું તો એનામાં સ્ત્રીનું કશું યે તત્ત્વ જોતો નથી.' 'એમ?'

'હા, સિવાય કે એક કામ એ બીજી સ્ત્રીઓ જેટલી જ વિપુલતાથી કરે છે.' 'એ વળી કયું કામ?' મેં આતુરતાથી પૂછ્યું, કેમ કે એ કટુ હતા પણ અશ્લીલ નહોતા.

'છોકરાં જણવાનું.' તે ખડખડાટ હસી પડ્યા.

'તો તો તમારું ઘર ભરી દીધું હશે,' હું યે હસ્યો.

'એના જેવાં ન નીવડે તો સારું' કહી એ બહાર જોવા લાગ્યા.

એમને એ વાતમાં વિશેષ પલોટવાનું મને પણ ઠીક ન લાગ્યું એટલે હું પણ મૂંગો રહ્યો. બસ સરતી રહી. થોડી ક્ષણો પછી પાછા મારી તરફ ફર્યા, ને કહે: 'આ તમારા નેહરુ...' વાતના પલટાથી હું પણ રાજી થયો; 'કેમ, શું છે નેહરુનું વળી?'

'ચીન અને રશિયાની આટલી દોસ્તી કરે છે! ખત્તા ખાશે ખત્તા કોઈ દિવસ; જો જો તમે! મને યાદ કરજો.'

ને પછી તો ક્યાંય સુધી રાજકારણની વાત ચાલુ રહી. પ્રવૃત્તિએ ડૉક્ટર, સામાજિક વિચારોમાં આટલા ચુસ્ત, છતાં રાજકારણ વિષે સારી સમજણ ધરાવતા લાગ્યા એ, એનો આનંદ થયો. તેમને જણાવ્યો પણ ખરો. એ સંતુષ્ટ થયા. કહે: 'મને એ ગમે છે, પણ સૌથી વધુ શું ગમે છે, કહું!' 'શું?'

'આ કુદરત.' ચારે તરફ ફેલાએલી કુદરત તરફ હાથ લંબાવીને કહે: 'આનાં રૂપ જોઉં છું ત્યારે ગાંડો ગાંડો થઇ જાઉં છું. જુઓને તમે, છે કશું જીવનમાં આનો મુકાબલો કરી શકે તેવું?' આમ કહી તેને જોવા તેમણે આંખ ફેરવી અને બારી વાટે તેની સામે જડી દીધી.

બસ હવે જીનીવા પહોંચી ગઈ હતી. સરોવરના કિનારા પરનાં સુંદર મકાનો જોવામાં બધાં તલ્લીન થઈ ગયાં હતાં. દિવસ આખાનાં નિસર્ગનાં સૌન્દર્યદર્શન પછી આ માનવસર્જિત સૌન્દર્ય જોવું ઓછું ગમતું નહોતું ને વળી સરોવરની પુરોભૂ એ સૌન્દર્યને એનું આગવું આકર્ષણ આપી રહી હતી. એ જોવામાં લીન હતો ત્યાં જ એક સ્કુટરનો આછોપાતળો અણસારો વર્તાયો ને નજર ત્યાં ફરી. દેવુ ત્યાં આવી પહોંચ્યા હતા ને મને હસતે મુખે સલામ ભરી રહ્યા હતા. તેને જોઈને મારું મન પુલકિત થઈ ઊઠ્યું. આંખો પણ ચમકી ઊઠી હશે કેમ કે પેલા વૃદ્ધ અમેરિકને હસતાં હસતાં પૂછ્યું: 'મિત્ર છે?'

'ખાસ.' મેં કહ્યું ને ઊતરીને દેવુ જોડે હાથ મિલાવ્યા. (ચાલુ)

'કુમાર'માં વર્ષોથી શરીર, રોગ, આરોગ્ય આદિ પર લખતા ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી પૃથ્વી પરની અન્ય જીવસૃષ્ટિના પણ અભ્યાસી છે એ ઓછા જાણતા હશે. આજથી પચ્ચીસ વર્ષ પર એમણે 'વાંદરાં' પર લખેલા વિસ્તૃત લેખનો માત્ર પ્રવેશક અને ચિત્રો જ જોઈએ :



(ઉપર : ચિમ્પાઝી, સમગ્ર પ્રાણી-સૃષ્ટિમાં સૌથી બુદ્ધિશાળી)

પૃથ્વી પરની જીવસૃષ્ટિમાં બે મુખ્ય વિભાગ: કરોડવાળા અને કરોડ વિનાના. તેમાં કરોડવાળા જીવમાં પાછા ચાર વંશ (વિભાગ) છે. એ ચારમાં સ્તનવાળા વંશના ઊંચી કક્ષાનાં છ કુટુમ્બોમાં પાંચમું કુટુમ્બ માનવ જેવા વાનરનું અને છઠ્ઠું કુટુમ્બ મનુષ્યનું ગણવામાં આવ્યું છે.

પ્રાણીસૃષ્ટિ

- કરોડવાળાં
  - પંખી
  - માછલાં
  - પેટેચાલનારાં
  - સ્તનવાળાં
    - વાઘવરુ નોળિયાં આદિ
    - ભૂંડ શેળા વગેરે
    - વાગોળ ચામાચીડિયાં આદિ
    - હાથી ઘોડા ઊંટ ગાય ભેંસ હરણ વગેરે
    - વાનર: ગોરિલા, ઉરાંગઉટાંગ, ચિમ્પાન્ઝી, ગિબન, ગુરેઝા, કાપુચીન, હાઉલર, મારમોસેટ, મેન્ડ્રિલ, પ્રોબોસ્કિસ અને લેમૂર, લેમૂરૉઈડ્ઝ, આય આય, હિંદનાં વાંદરાં
    - માનવ
- કરોડ વિનાનાં
  - પાણીના પોરા, અળસિયાં ને કરમ, જીંગા ને કરચલાં, કરોળિયા, કાનખજુરા, ઉધેઈ, વીંછી, કીડી મકોડી, મધમાખ, પતંગ, માકડ-મચ્છર વ.



ગોરીલા : માણસને મળતાં આવતા વાનરોની ચાર જાતોમાં છ ફૂટ ઊંચાઇનો ૫૦૦ રતલ વજનનો ગોરીલા સૌથી મોખરે આવે છે.



ઉરાંગઉટાંગ: ગોરીલાથી કદમાં નાના પણ બુદ્ધિમાં ચડિયાતા આ વાનરનું મગજ માણસના મગજને વધારે મળતું આવે છે.

આમ, મનુષ્ય અને વાનર એક કુટુમ્બનાં છે. સમસ્ત જીવસૃષ્ટિમાં મનુષ્યયોનિથી બીજી કક્ષા વાંદરાંની છે. તેમાં યે માણસ જેવાં વાંદરાંની તો ચાર જ જાતો છે: ચિમ્પાન્ઝી, ગોરીલા, ઉટાંગ ને ગિબન. આ ચાર જાતો વા-નર (એટલે ઊતરતો નર) નામને સર્વથા યોગ્ય છે. વા-નર પૂંછડા વગરનાં હોય છે અને સ્વભાવે તથા દેખાવમાં માણસજાતને ખૂબ જ મળતા આવતા હોય છે. (વધુ જાતો : પાછળ)

## વાંદરાંની આટલી બધી જાતો થાય છે તેની તમને કલ્પના પણ હતી ખરી?



લેમૂરરોઈડ્ઝની ત્રણ જાત થાય છે જે પૈકી લૉરીસ હિંદ બ્રહ્મદેશ અને સીઆમ સુમાત્રામાં થાય છે



લેમૂર ખિસ્કોલીને મળતું વા-નર જાતનું વાંદરું



મૅન્ડ્રિલ: વાનરજગતનું ખની ઝનૂની અને ત્રાસદાયક પ્રાણી



ભારતનો વાંદરો: વાનરજગતમાં લાંબામાં લાંબી પૂછડીવાળો કપિ (આ સિવાય લાલ મોંનાં ટૂંકી પૂછડીનાં તે મોંકડાં)



ગિબન: માણસની જેમ ચાલી શકતી વાંદરાંની એક માત્ર જાત



મારમોસેટ: વાંદરજગતમાં નાનામાં નાનું વાંદરું




ગુરેઝા: કાજળકાળા અને હિમશ્વેત વાળવાળાં સૌથી સુંદર વાંદરાં



આયઆય: માડાગાસ્કરમાં માળા બાંધીને રહેતાં વાંદરાં

## વહાણકથા-૧૬



સ્પેઈન સામેના વિખ્યાત નૌકાયુદ્ધમાં નાની ઇંગ્લિશ નૌકાએ એ શત્રુઓના વિશાળ નૌકા-કાફલા સામે ઘણી સારી લડત આપેલી એ ખરૂ, પણ બ્રિટિશ કાફલામાં યે મોટાં જહાજો તો હતાં જ. એમાંનું મોટામાં મોટું જહાજ ૧૧૦૦ ટનનું હતું જ્યારે મોટામાં મોટું સ્પૅનિયાર્ડ જહાજ ૧૨૫૦ ટનનું હતું. અમેરિકા સુધીની અનેક સફરો ખેડવા સ્પેઈન આવાં મોટાં જહાજો બાંધતું હતું. એમનાં વહાણોનાં મોટાં કદને લીધે બ્રિટિશ તોપચીઓને નિશાન લેવામાં સરળતા થતી.

આ સમયનાં–સોળમી સદીની આખરનાં વહાણો 'ગૅલિયન્સ'—એટલે કે 'ભારે અને બેડોળ' કહેવાતાં. હકીકતે 'ગૅલિયન્સ' અમુક એક ચોક્કસ પ્રકારનાં વહાણો હતાં અને એની બાંધણી લાંબી ને સપ્રમાણ રહેતી.

એકબે પ્રકારનાં વહાણોમાં હજી યે હલેસાંનો વપરાશ થતો હતો. સ્પેનિયાર્ડો ચડાઈ વેળા પોતાના કાફલામાં 'ગૅલીઆસ 'પ્રકારનાં એવાં વહાણો લાવેલા જેમાં પૂરતા સઢ હોવા ઉપરાંત કેદીઓ દ્વારા હલેસાં મરાવવાની પણ પૂરી વ્યવસ્થા હતી. ભૂમધ્યસાગરમાં હજી યે જૂનાં વહાણો જેવાં 'ગૅલી' તરતાં હતાં, જેનું સંચલન મુખ્યત્વે હલેસાં ઓથી જ થતું. જૂનાં વહાણો પેઠે એમાં બંને પડખે યુદ્ધ-કેદીઓ કે ગુનેગારોને હલેસાં મારવા બેસાડવાના બાંકડા રહેતા, એક કે બે કૂવાથંભ પર ત્રિકોણ સઢ ચડતા હતા. વહાણના પાછલા ભાગમાં અમલદારોનો રહેવાસ તથા મોરા પાસે કરેલી ચોરસ ગઢીમાં સૈનિકો ને તોપો રહેતી. છેક ૧૯મી સદી સુધી ચાંચિયાઓ આવાં 'ગૅલી'જહાજ વાપરતા, પણ લડાઈ સિવાય એનો બીજો કોઈ ખાસ ઉપયોગ નહોતો. હલેસાં મારનારા અને પુરવઠા માટે જ એટલી બધી જગ્યા રોકાતી કે વધારાના માલસામાન માટે અવકાશ રહેતો નહિ. પણ આ વહાણો માત્ર અંદરના દરિયામાં જ ઉપયોગી હતાં; લાંબી સફરો માટે તો સઢવાળાં જહાજો જ વપરાતાં, અને એમાં જરૂર પડચે હલેસાં મારવાની સગવડ પણ રખાતી.



# અશ્રુઝરો

તોખાર આ હણહણે પુરુષાર્થકેરો
હું સ્વાર આ સમર જિંદગીનું ઝૂઝંત;
આ ઉત્તમાંગ હિમમાળ શું દીપ્તિમંત,
આ વજ્ર શા ઉભય માંસલ બેઉ સ્કંધ;
ને પૌરુષે કર નમે નહિ ઊંચકેલો,
શ્રદ્ધાની શમ્શિર જ્યહીં રહી ઝગઝગંત. –'ઉશનસ્'

## કસ્તૂરબા

હજી ગઈ કાલની જ જાણે વાત. તદ્દન સાદા ને પવિત્ર જીવન દ્વારા સીતા અને સાવિત્રીના સતીવંશની સુભાગી વેલી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર એક તપસ્વિનીની ચિરવિદાયનો ત્યારે સારા યે હિંદે વિલાપ કર્યો. કસ્તૂરબા સાચે જ હિંદનાં મહારાણી હતાં. આવું માન રાજાની અર્ધાંગિનીને જ મળે. ગાંધી ભલે હિંદના બેતાજ બાદશાહ હતા, પણ કસ્તૂરબા તો એક 'અર્ધનગ્ન ફકીર'નાં અદૂષિત આજીવનસંગિની જ હતાં. તેમને મળેલી પ્રતિષ્ઠામાં કશું જ અસંગત કે વિસંવાદી નહોતું; કારણ હિંદની સંસ્કૃતિ તો વર્ષોથી અનાસક્ત ફકીરો અને સીધીસાદી, માનમરતબા વિનાની સન્નારીની જ પૂજા અને અર્ચના કરતી આવી છે.

કસ્તૂરબાનું સતીપણું એના પતિના સંતપણા કરતાં જરા યે ઊતરતું નહોતું. અને જો સમર્પણ, ત્યાગ, નિરાડંબર અને સહનશીલતા એ સંતોનું દેવદ્વાર હોય તો તેઓ તેમના પતિ કરતાં સો ગણાં સરળ અને સમજી શકાય એવાં વંદનીય વિભૂતિ હતાં. આજની વિદૂષી હિંદી નારીને—ખાસ તો જે સાંપ્રત રાજકારણથી રંગાએલાં છે તેમને—કસ્તૂરબા એક જૂનવાણી, પતિપરાયણ નારી લાગે—જેણે પ્રિયતમની પરમ શોભા બનવા માટે તેમના નાનાવિધ તાપ અને પ્રકોપો કાંઈ પણ વિરોધ વિના સહન કર્યા. વસ્તુતઃ તેઓ એક એવાં તો શાંત અને ગહન યોગિની હતાં, જેમણે પોતાના અમોઘ ચારિત્ર્યબળથી ક્રાંતિવીર પતિના વ્યક્તિત્વને સંપૂર્ણરીતે પ્રદીપ્ત કર્યું.

ગાંધીજીની ક્રાંતિનું ક્ષેત્ર માત્ર રાજ્ય જ નહિ, રસોડું યે હતું એમની સાથે રહેવું કેવું કપરું હતું તે કસ્તૂરબા સિવાય બીજું કોણ જાણી શકે? અતિ નિકટતાથી નીરખીએ તો કહી શકાય કે ગાંધીજીની અહિંસા એ અકળાવી નાખે એવી વસ્તુ છે. અને અહિંસા તથા સત્યના એમના નિતનવીન પ્રયોગોમાં સાધન બનાવાનો અદકેરો પણ અઘરો લ્હાવો કસ્તૂરબાને જ મળતો!



કસ્તૂરબાનાં આંસુ અને આનંદાશ્રુના એકમાત્ર લાયક ચિતારા મહાદેવ દેસાઇએ તો કસ્તૂરબાની પહેલાં જ વિદાય લીધી. તપોવનની એ તાપસીનું ગૌરવચિત્ર આપવાની શક્તિ બીજા કોઈમાં પણ હોય તો તે ગાંધીમાં જ. પણ એ મહાવીરે એ બાબતમાં મૌન જ સેવ્યું.

કસ્તૂર મા ગાંધીજીના જીવનની પ્રેરણામૂર્તિ કદાચ ન બન્યાં હોય, પણ એમના નૈતિક અને આધ્યાત્મિક પ્રયોગોનું ચાલક બળ તો તેઓ જ હતાં. એમનાથી ઊતરતી કક્ષાની સ્ત્રી એ ઊર્ધ્વગામી પંથનો પથરો જ બનત. એમની ગહન સમજ, શાંતિ, પતિનિષ્ઠા અને અપૂર્વ ભક્તિ ગાંધીજીના શાંત, કઠોર અને સખત જીવનને હિરણ્યમ બનાવતી સુવર્ણલકીર સમાં હતાં. માતા, મિત્ર અને મદદનીશનાં ત્રિવિધ






ડાબી બાજુ: તે સમયના પુસ્તક પર ગાલિબની છબિ: 'પહોળું હાડ, સુડોળ બાંધો, ભરેલા હાથપગ, ઊંચાઈ, પારદર્શક ચહેરો, ઘેરી લાંબી પાંપણો, મોટી બદામી આંખો અને લાલાશભર્યો ગૌર વર્ણ—એવો ખાનદાની એનો નકશો, મસ્તિષ્કમાં કલ્પનાજગતનો વૈભવ, હૃદયમાં પારાવાર અનુકંપા, આંખોમાં નીતરતો પ્રેમ'. જમણી બાજુ: ગાલિબના કાવ્યસંગ્રહ 'દીવાને ગાલિબ'નું શોભનસમૃદ્ધ અગ્રપૃષ્ઠ.

રહી છે. એકથી એક ચડિયાતો શે'ર વાચકના હૃદય પર કોતરાઈ જાય છે. વર્ષો પહેલાંનો શે'ર પણ આજે એવો ને એવો જ તાજો લાગે છે.

ગાલિબનાં ફારસી કવન પણ ઉર્દૂ કવન જેટલાં જ ગહન છે એમણે પોતાની એક પ્રસ્તાવનામાં લખ્યું છે કે ઉર્દૂને બદલે મારાં ફારસી કવનને પણ વાંચો એમાં પણ મારા હૃદયની ઊર્મિઓના નકશા નજર આવશે. એમને ઉર્દૂ ભાષા ઉપરના પોતાના પ્રભુત્વથી પણ વધારે ગર્વ ફારસી ભાષા પર મેળવેલા પ્રભુત્વ ઉપર હતો.

સ્વમાન એવું કે કીર્તિનાં શિખરો સર કરે, અને હાલ એવા કે નજમુદ્દવલા, દબીરુલ મુલ્ક, નિઝામે જંગનો પોતાનો ખિતાબ લાજે!

પોતાનું અપમાન તો જરા પણ સાંખી ન લેતા. સામે કોણ છે એની પરવા કર્યા વગર જડબાતોડ જવાબ આપતાં ખચકાતા નહિ. પછી ભલેને સામે ખુદ દિલ્હીનો સમ્રાટ બહાદુરશાહ 'ઝફર' હોય!

એક પ્રસંગ છે: મુશાયરામાં ગાલિબ કાવ્યવાચન કરતા હતા. (ગાલિબની રજૂઆત એટલી ઉમદા હતી કે બુલંદ અવાજથી જ્યારે એ વાચન કરતા ત્યારે વાતાવરણ કવિતામય બની જતું.) એમને સાંભળીને બહાદુરશાહ ઝફરે ઉમંગથી વચમાં દાદ આપી કે 'વાહ મિર્ઝા! આપ બહુ જ સરસ રીતે કાવ્યપઠન કરો છો!' સમ્રાટનો ઇરાદો તો શુદ્ધ હશે, પણ ગાલિબ આને અપમાન સમજી બેઠા અને તરત જ વળતો જવાબ આપ્યો કે 'હુજૂર! આપ પણ ખરા છો, કે આપે કંઈ નહિ ને મારા ફક્ત 'પઠન'ની જ પ્રશંસા કરી દીધી; પણ ચિંતનભરપુર એ કાવ્યનો દરજ્જો કેટલો ઉમદા છે એ ન પારખી શક્યા!' આ સાંભળીને બાદશાહ 'ઝફર' ઝંખવાણા પડી ગયા!

જેનું સ્વમાન યુગોની કમાઈ હોય એનો સોદો સસ્તામાં નથી પતતો. ગાલિબ પૈસેટકે ખલાસ થઈ ગયા હતા એવે વખતે મળતી નોકરીને પણ એમણે સ્વમાનને ખાતર ઠોકર મારી છે.

દિલ્હી કૉલેજમાં ફારસીના પ્રોફેસરની જરૂરત હતી. તે સમયે ત્યાં ત્રણ જ માણસો ફારસીના નિષ્ણાત ગણાતા: એક મિર્ઝા ગાલિબ, બીજા મોમીનખાન 'મોમીન', અને ત્રીજા ઈમાનબક્ષ 'સહબાની'. જેમ્સ ટૅામસન સાહેબે એ જગ્યા માટે ગાલિબને મળવા બોલાવ્યા. સંદેશો મળતાં બીજા દિવસે સવારે ગાલિબ પાલખીમાં બેસી મળવા ગયા અને દરવાજે પાલખી ઊભી રાખીને સંદેશો કહેવડાવ્યો. ગાલિબને એમ હતું કે સાહેબ પોતે સત્કારવા બહાર આવશે. પણ આ ધારણા



ગાલિબના સમયના દિલ્હીનું એક દૃશ્ય નિરૂપતું પ્રાચીન ચિત્ર

ખોટી પડી અને એક માણસે બહાર આવી કહ્યું કે 'જનાબ અંદર પધારો'. આ સાંભળીને ગાલિબે કહ્યું કે કોઈ સામે સત્કારવા આવે તો પાલખીની નીચે ઊતરું. આ સાંભળીને ટૉમસન પોતે બહાર આવ્યા ને કહ્યું કે આપ વ્યાવહારિક દૃષ્ટિએ મળવા આવ્યા હોત તો જરૂર આપને સત્કારવા માટે બહાર આવત, પણ આપ તો નોકરી માટે આવ્યા છો'. આ સાંભળીને ગાલિબે તરત જ વળતો જવાબ આપ્યો કે 'નોકરી એટલા માટે કરવા ચાહું છું કે મારી જે ઈજ્જત અને માન છે તેમાં વધારો થાય, નહિ કે જે પહેલાં હતી એ ઇજ્જત ઓછી થઈ જાય. જો નોકરીનો અર્થ વર્તમાનના મારા મોભાને ઝાંખપ લગાડવાનો થતો હોય તો એવી નોકરીને મારા દૂરથી જ નમસ્કાર છે.' એટલું કહીને પાલખી ઊંચકનારાઓને હુકમ આપ્યો કે પાલખી પાછી લઈ ચાલો.

એમના લખેલા પત્રો પરથી ગાલિબના માયાળુ અને રમૂજી સ્વભાવની પ્રતીતિ થાય છે. ઈન્સાનમાત્ર પ્રત્યેનો પ્રેમ એમના માનસ પટ ઉપર તરતો દેખાય છે. લખે છે કે 'હું તો આદમનાં સંતાનોને—તે પછી હિંદુ હોય કે મુસલમાન,—પ્રિય ગણું છું; સૌને ભાઈ સમાન ગણું છું.' ઉર્દૂના પ્રખર વિવેચક અહેતેશામહુસેન આ વિષે લખે છે કે ધર્મના નામ ઉપર જે ઢોંગ રચાતા હતા એને ગાલિબ દફે કરવા માગતા હતા.

ગાલિબ સ્વમાની એવા જ સ્વાશ્રયી મિજાજના હતા. રસ્તે કોઈ માર્ગદર્શક મળી જાય તો તેને માર્ગદર્શક તરીકે અપનાવવા તે તૈયાર

જમણી બાજુ : દિલ્હીમાં બનનારા 'ગાલિબ-સ્મારક'નો નકશો. (નીચે) નિઝામુદ્દીન, દિલ્હીમાં ગાલિબનો મઝાર.





# યુગકવિ ગાલિબ

મિરઝાં ગાલિબનું મૂળ નામ અસદુલ્લાખાન હતું, પરંતુ કુટુંબમાં તેઓ મિરઝા નૌશાથી ઓળખાતા હતા. એમનો જન્મ ૮મી રજ્જબ હિ. ૧૨૧૨, અંગ્રેજી તા. ૨૭મી ડિસેમ્બર સને ૧૭૯૭ ને બુધવારે સૂર્યોદયથી ચાર પહોર પહેલાં આગ્રામાં થયો હતો. તે સમયે આગ્રાનું નામ અકબરાબાદ હતું.

ઈ. સ. ૧૮૬૪માં 'મઝાહિરુલ અજાયબ' નામના સામયિકમાં પોતાનું જીવન-ચરિત્ર આલેખતાં ગાલિબ કહે છે કે : 'હું ઈરાનની પૂર્વ દિશામાં આવેલ તુરાન પ્રદેશનો સલજુકી તુર્ક છું. મારા વડવા, અફરાશિયાબ–બકયાક, સમરકંદના સુલ્તાન હતા. મારા દાદા કુકાન બેગખાન, શાહઆલમ બાદશાહના સમયમાં દિલ્હીમાં આવ્યા અને શાહી વંશના હોવાથી લશ્કરમાં જોડાયા ને પચાસ ઘોડા અને નગારાનું નિશાન મેળવ્યું. પરંતુ શાહઆલમના અંતિમ સમયમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું વર્ચસ્વ વધી જતાં લશ્કર વેર-વિખેર થયું. મારા દાદાના અવસાન પછી મારા પિતા અબ્દુલ્લાહ બેગખાન, આગ્રામાં આવીને આબાદ થયા. મારી અમ્મા ઈઝ્ઝતુન્નિસા આગ્રાના રઈસ ખ્વાજા ગુલામ હુસેનની દીકરી હતી.'

ગાલિબના પિતા અબ્દુલ્લાહ બેગ, વ્યવસાય માટે લખનૌ અને હૈદરાબાદના નવાબને ત્યાં ગયા પરંતુ એમને યોગ્ય કામ મળ્યું નહિ; તેથી તેઓ પુનઃ આગ્રા આવ્યા અને થોડોક સમય રહીને અલવરના રાજા બખ્તાવરસિંહના લશ્કરમાં જોડાયા અને એક યુદ્ધમાં ખપી ગયા. ગાલિબ એ સમયે પાંચ વર્ષના હતા. ગાલિબની એક મોટી બહેન છોટીખાનમ અને એક ભાઈ યુસુફલ્લાહખાન નામે હતા, જેઓ એમના કાકા નસરુલ્લામાનને ત્યાં આવીને રહ્યાં. નસરુલ્લાહખાન, મરાઠાઓ તરફથી આગ્રાના સૂબેદાર હતા. ઈ. સ. ૧૮૦૩માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના જનરલ લેઈક આગ્રા ઉપર આક્રમણ કર્યું ત્યારે નસરુલ્લાહખાને આગ્રા અંગ્રેજોને સુપરદ કર્યું, જેના બદલામાં અંગ્રેજોએ નસરુલ્લાહખાનને ચારસો સવારોનો બ્રિગેડિયર બનાવ્યો અને માસિક ૧૭૦૦ રૂ. નો પગાર બાંધી આપ્યો. થોડાક વખત પછી નસરુલ્લાહખાને ભરતપુરના હોલ્કર રાજ્યનાં બે ગામ સોંક અને સોસા છીનવીને કંપની બહાદુરને સોંપ્યાં. જનરલ લેઈકે એમની બહાદુરી અને વફાદારીના બદલામા એ બેઉ કસ્બા તેમને જાગીરમાં આપ્યા. હજી તો માંડ દશેક મહિના થયા ત્યાં તો નસરુલ્લાહખાન હાથી ઉપરથી પડીને મરી ગયા. નસરુલ્લાહખાન નિઃસંતાન હોવાથી કંપની સરકારે એ જાગીર નાબૂદ કરી. એ પાછી મેળવવા માટે ગાલિબ યુવાનીમાં કલકત્તા ગયા અને કેસ લડીને પોતાના ફાળાના માસિક ૭૭૦ રૂપિયા નક્કી કરાવ્યા.

ગાલિબે બચપણથી લઇને બુઢાપા સુધી બહુ દુઃખદર્દ સહન કર્યું. પાંચ વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું. છ વર્ષના થયા ત્યાં કાકા ગુજરી ગયા. ૨૫ વર્ષના થયા ત્યાં તો ભાઈના પાગલપણામાં દીવાના જેવા બની ગયા. ૪૦ વર્ષના થયા ત્યારે લેણદારોએ કોર્ટમાં કેસ કર્યો. ૫૦ વર્ષના થયા ત્યારે જુગારના આરોપસર ત્રણ મહિનાની જેલ ભોગવી ૫૫ વર્ષના થયા ત્યારે એમની શાયરી અને 'બુરહાને કાતેઅ'નો સાહિત્યસંગ્રામ હરીફોએ ઊભો કર્યો. બાદશાહ 'ઝફર'ના ઉસ્તાદ બન્યા તો મુગલ શહેનશાહતનો તખ્તો ઊંધો વળી ગયો. આમ મિરઝાં ગાલિબનું જીવન વિષાદની ગતિમાં વહ્યું છે. આ વિષાદમય જિંદગીના કારણે ગાલિબની કવિતા તીખી અને વ્યંગમય બની જાય છે.

ઈ ૧૮૪૯માં બહાદુરશાહ ઝફરે ગાલિબને નજમુદ્દૌલા, દબીરૂલ મુલ્ક, નિઝામ જંગનો ખિતાબ આપી ૫૦ રૂ. દરમાયો બાંધી આપ્યો. ગાલિબે એ સમયે ફારસી ભાષામાં તૈમુરી વંશનો ઇતિહાસ 'મહેરે નીમરોઝ' લખ્યો.

રામપુરના નવાબ, લખનૌના નવાબ અને સૂરતના નવાબ ગુલામબાબા તથા અન્ય શાગિર્દો તરફથી વખતોવખત એમને નાણાંની મદદ મળતી હતી. તો પણ જીવનભર તેઓ આર્થિક ભીંસમાં રહ્યા છતાં પણ પોતાના અમીરી સ્વભાવ અને સ્વાભાવિક માનને આંચ આવવા દીધી નહિ. મિરઝાં ગાલિબની સર્વમાન્ય વિશેષતા એમની વિનોદપ્રિયતા છે. જે એમની સાર્વભૌમિક પ્રેમભાવના સૂચવે છે.

---

**ગાલિબ** (અનુસંધાન પૃષ્ઠ ૧૩૧થી) ગાલિબનું નામ પણ મોખરે છે.

ગાલિબની ખુદ્દારી પણ અજોડ છે. જો એ પ્રેમ કરે છે તો માને છે કે પોતાના પ્રેમને માનપૂર્વક જોવામાં અને માનવામાં આવે—એટલે સુધી, કે પ્રિયાના ઘર તરફ જવાનો વિચાર કરે છે તો આવી રીતે કરે છે:

હમ પુકારેં ઓર ખુલે, યું કૌન જાય?
યાર કા દરવાઝા પાયેં ગર ખુલા.

(હું હાક મારું ને પ્રિયાના ઘરનો દરવાજો ઊઘડે એ તો અપમાન છે. એ રીતે કોણ પ્રિયાને ઘેર જાય? હું તો ત્યારે જ જાઉં કે એ મારા ગયા અગાઉ ઉઘાડેલો જ હોય. બંધ દ્વાર પર અવાજ આપે એ ગાલિબ નહિ.)

મુગલ સત્તા ઊખડી ગઈ. પેન્શન પણ ગયું. એકએક સાથી હતા એ પણ ખતમ થઈ ગયા. એ વેળાનું ચિત્ર પણ કેવું?—

'એક વેરાની સી વેરાની હય, દશ્ત કો દેખ કે ઘર યાદ આયા.'

જંગલમાં તો બધું સૂમસામ હોય. (ઘરની હાલત પણ વેરાન જેવી છે, પણ એને ઊલટી જ રીતે મૂકી કહે છે કે જંગલને જોઈ મને ઘર યાદ આવે છે!)

ભીંતો ને દ્વાર પર ઘાસ ઊગી રહેલું જોઈને એક વધુ શે'ર ગૂંથે છે:

ઊગ રહા હય દરો-દીવાર પે સબ્ઝા 'ગાલિબ',
હમ બયાંબાં મેં હૈં, ઓર ઘરમેં બહાર આઈ હય!

આ છે ગાલિબને પોતાની જિંદગીમાં સાંપડેલી વસંતનું ચિત્ર!

કેટલાક લોકો 'પરોપદેશે પાંડિત્ય'માં શૂરા હોય છે. શિખામણ જ્યારે આપે છે ત્યારે એવી રીતે આપે છે કે સાંભળનાર એને ખરો નેક માણસ સમજી જાય; પણ હકીકતે એમનું ખાનગી જીવન ગંદકીથી ભરેલું હોય છે. એવા પ્રત્યે કટાક્ષ કરતાં ગાલિબ શે'ર ધૂરે છે:

કહાં મયખાને કા દરવાઝા 'ગાલિબ', ઓર કહાં વાએઝ!
પર ઈતના જાનતે હૈં–કલ વો જાતા થા કે હમ નિકલે!

(ક્યાં શરાબખાનાનું દ્વાર અને ક્યાં પ્રાર્થના (મસ્જિદ)નાં દ્વાર? અમને એની તો ખબર નથી; પણ એટલી તો ખબર છે કે અમે જ્યારે શરાબખાનામાં દાખલ થતા હતા ત્યારે એ બહાર નીકળી રહ્યા હતા!)

ધર્મધુરંધરો તરફ કવિ આંગળી ચીંધે છે:

વાએઝ ન તુમ પીઓ, ન કિસી કો પિલા સકો;
ક્યા બાત હય તુમ્હારે શરાબે તહુરકી!

(કુરઆનમાં 'શરાબન તાહરા'નું વર્ણન આવે છે. ખુદાએ દુનિયામાં શરાબ પીવા ઉપર બંધી ફરમાવી છે અને ત્યાં પહોંચી ગયા પછી સ્વર્ગમાં એની રેલમછેલ છે. પોતાને બોધ દેનારની ગાલિબ આ રીતે ખબર લે છે કે હે બોધદાતા! તમે જેનું વર્ણન કરો છો એને ન તો તમે પોતે પીઓ છો (આચરો છો) ન તો કોઈને પીવડાવી શકો છો. તમારા આવા 'શરાબે તહુરની' તે શી વાત કરવી?)

વાએદા આને કા વફા કી યે ક્યા અંદાઝ હય?
તુમને ક્યોં સોંપી હય મેરે ઘર કી દરબાની મુઝે?

(પ્રિયજન વચન આપીને આવે જ નહિ; અને આપણાથી કોલને ખાતર ઘરની બહાર પણ ના જવાય, એ સ્થિતિ પર ગાલિબ કહે છે

ગાલિબને શરાબની લત પડી ગઈ હતી, પરંતુ તે શરાબ મોજ-શોખના સાધન માટે નહિ પણ ગમ ગલત કરવા પીતા હતા. શરાબ ગાલિબની જિન્દગીનો સાથી હતો. મરતાં દમ સુધી એમણે એનો સાથ છોડયો નહિ:

મિરઝા ગાલિબના ફારસીના ઉસ્તાદ હોરમસજી નામના એક પારસી વિદ્વાન હતા, જેમણે બે વર્ષમાં ગાલિબને ફારસી દાં બનાવી દીધા. એમની ફારસી એટલી સુઘડ અને સંસ્કારી બની ગઈ હતી કે ઈરાનીઓ પણ દંગ બની જતા. આ પારસી વિદ્વાન પાછળથી મુસલમાન બની ગયા હતા અને પોતાનું નામ અબ્દુસ્સમદ રાખ્યું હતું.

ગાલિબનાં લગ્ન ૧૩ વર્ષની વયે થયાં હતાં. એમની સ્ત્રીનું નામ ઉમરાવ બેગમ હતું. ગૃહજીવન ક્લેશમય હતું. એમને ત્યાં બાળકો તો જન્મ્યાં હતાં, પરંતુ એ સૌ બચપણમાં જ અલ્લાહને પ્યારાં થયાં હતાં. પછીથી ગાલિબે પોતાના ભાણેજ આરીફને દત્તક લીધો હતો, તે પણ ભરયુવાનીમાં જ ગુજરી ગયો હતો.

મિરઝા ગાલિબને જ્યોતિષવિદ્યાનો પણ શોખ હતો. ઈ. સ. ૧૮૩૬માં એમણે પોતાની જન્મોત્રી બનાવી હતી. જ્યોતિષ સંબંધી એમનો એક ટુચકો છે કે એક સમયે ગાલિબે પોતાના મૃત્યુનું ભવિષ્ય ભાખેલું કે ફલાણા વર્ષમાં મારું મૃત્યુ થશે. એ વર્ષ નીકળી જતાં મિત્રોએ ગાલિબને પૂછ્યું કે આપની ભવિષ્યવાણી તો ખોટી પડી! ત્યારે ગાલિબે જવાબમાં કહ્યું કે ખોટી નથી પડી, પરંતુ એ વર્ષે મરકીનો રોગ ફેલાતાં ઘણા લોકો મરી ગયા, અને લોકો ભેગો જો હું મરી જાઉં તો મારી પ્રતિષ્ઠાને આંચ આવે એટલે મરવાનું મેં મુલતવી રાખ્યું!

મિરઝા ગાલિબમાં કેટલીક વિશેષતાઓ એવી હતી કે જે બહુ ઓછા લેખક–કવિઓમાં દૃષ્ટિએ પડે છે. એમની તેજસ્વી બુદ્ધિ, 'વાતમાંથી વાત જન્માવવાની કળા'. હાસ્યપ્રિય સ્વભાવ, જીવનની કઠિનતાઓને સહન કરવાની શક્તિ, એ એમના ગુણ ઉપરાંત જ્ઞાન, સહૃદયતા, આત્માભિમાન અને નમ્રતા વગેરે એવાં લક્ષણો હતાં કે જેથી તેઓ મહાન અને લોકપ્રિય બની ગયા. ગાલિબમાં જે ત્રુટીઓ હતી તેને તેમણે કદી છુપાવી નથી. શરાબ એ પીતા હતા. ઈશ્કબાઝી પણ કરેલી. ધર્મનો ઉપહાસ ઉડાવતા. નાસ્તિકતાની હદ સુધી પણ પહોંચેલા. છતાં માનવજીવનના કોમળ ભાવો અને એનાં સુખદુ:ખને સમજતા હતા અને એ અનુભૂતિને પોતાની શાયરીમાં એટલી સુંદર રીતે રજૂ કરતા કે વાંચનાર-સાંભળનારને પણ એની ચોટ લાગતી હતી. વિચારો વ્યક્ત કરવાની ગાલિબની અનોખી છટા ઉર્દૂ ભાષાના બીજા કવિઓમાં નથી.

૨૧ વર્ષની વયમાં ગાલિબનો ફારસીમય ઉર્દૂ કાવ્યોનો પહેલો સંગ્રહ પ્રસિદ્ધ થયો. એ પછી એમની કવિતાએ બીજો વળાંક લીધો. આ બીજા દૌરનાં કલાત્મક કાવ્યોમાં નવાંનવાં રૂપકો અને ઉપમાઓ દૃષ્ટિએ પડે છે.

કવિ ગાલિબ નખશિખ જાગીરદારી અમીરી રંગમાં રંગાએલા હતા. અમીરી વર્ગનાં સારાં-નઠારાં બધાં લક્ષણો એમનામાં પણ હતાં. પરંતુ એમની આંખો ઉઘાડી હતી અને નિરીક્ષણ શક્તિ સતેજ હતી. એમણે જીવનમાંથી એવી સચ્ચાઈ શોધી કાઢી જે બીજાઓને દેખાતી નહોતી. મુગલાઈ ઓસરી ગઈ હતી ને અંગ્રેજોની બોલબાલા થઈ રહી હતી. ગાલિબ મુગલ ઈરાની સંસ્કારિતાના પ્રતીક હોવાથી નવી ધારાથી અળગા રહ્યા. ૧૮૫૭નો હત્યાકાંડ એમણે સગી આંખે જોયો હતો.

ગાલિબની કાવ્યકળામાં કલ્પના અને તત્ત્વબોધનો એવો મેળ છે કે એમના અશ્આર હૃદય સોંસરવા ઊતરી જાય છે. ગાલિબે પંદરેક મસ્નવીઓ અને થોડાક કસીદા પણ લખ્યા છે. પણ સૌથી વધુ તો એમની ગઝલો છે. ગાલિબની કવિતા સમજવી જેટલી મુશ્કેલ છે એટલા જ સહેલા સરલ અને સુબોધ ગદ્યમાં લખાએલા એમના કાગળો છે. સૂરતના રંગીલા નર્મદ જેમ ગાલિબ અર્વાચીન ઉર્દૂ ગદ્યનો આદ્ય પ્રણેતા છે.

યુગકવિ ગાલિબના મૃત્યુને ૧૫મી ફેબ્રુઆરીએ બરાબર એકસો વર્ષ પૂરાં થયાં. દિલ્હીમાં હજરત નિઝામુદ્દીન ઓલિયા (રહ. અ.)ની દરગાહ પાસે આવેલા ચોસઠ ખંભાની સામે દફન થએલા ગાલિબના મકબરા ઉપર ઓરસ ઊજવાઈ રહ્યો છે.

(સંસ્કૃતિ) **ગુલામહુસેન મુસ્તફા**

---

'આ તે કેવી રીત છે? અમને શું માત્ર ઘરની રખેવાળી જ સોંપી છે?)

ઉનકે દેખે સે જો આ જાતી હય મું પર રોનક,
વો સમઝતે હૈં કે બીમાર કા હાલ અચ્છા હય!

(વિટંબણાઓ ભરેલી સ્થિતિમાં પ્રિયજનના આગમનથી ચહેરો પ્રફુલ્લિત થાય છે, જ્યારે આવનાર ઊલટું એમ સમજે છે કે મારી હાલત સારી હોવાને કારણે મોં પર તેજી છે! કેવો વિપર્યાસ!)

હમેશાં હકીકતો (સત્ય)નો એકરાર એ ગાલિબની ઝિંદાદિલી છે. ભૂતકાળના પ્રસંગને સાંકળીને વર્તમાનની હકીકત અહીં એવી રીતે રજૂ કરી છે કે શે'ર સદા માટે હૃદય ઉપર કોતરાઈ જાય છે:

નિકલતા ખુલ્દ સે આદમ કા સુનતે આયે થે, લેકિન
બહોત બેઆબરૂ હો કર તેરે કૂચે સે હમ નિકલે!

(સ્વર્ગમાંથી આદમ (માણસ) ફેંકાઈ જાય છે એ તો સાંભળ્યું હતું (સાંભળેલી વાત છે), પરંતુ ખુદ તારી ગલીમાંથી પણ અમારે આટલા બધા બેઆબરૂ થઈને નીકળવું પડશે એમ નહોતું ધાર્યું!)

**અ**નેક શક્તિઓના સ્વામી હોવા છતાં ગાલિબની જિંદગીભર ફરિયાદ રહી હતી કે એમની કદર કરનારું કોઈ ન મળ્યું. મૌલાના 'હાલી' એમની શક્તિઓ વિષે લખે છે કે 'ગાલિબ એવા કલમબાજ હતા કે કસીદા લખવા બેસે તો 'અન્વરી' અને 'ખાકાની'ના લખેલા કસીદાથી ટક્કર લે; ગઝલ લખે તો 'અરફી' અને 'તાલીબ'ની ગઝલથી આગળ નીકળી જાય, ગદ્ય લખવા બેસે તો એમના ગદ્યની આગળ 'અબુલ ફઝલ' અને 'ઝહુરી'નાં ગદ્ય ફિક્કાં લાગે.'

**જિં**દગીના છેલ્લા દિવસોમાં તો એ મરણની સતત વાટ જોતા રહ્યા છે. નજૂમીઓ પાસે મરણની તારીખ પ્રત્યેક વર્ષ કઢાવતા અને એ તારીખની વાટ જોતા જીવન પસાર કરતા. કોઈ મિત્રને પત્ર લખે તો છેલ્લે 'મરણની વાટ જોતો ગાલિબ' એવું જ લખતા રહ્યા છે. જિંદગી ઘરની ચાર દીવાલ વચ્ચે મર્યાદિત બની ગઈ હતી. છેવટે તો એવી હાલત થઈ ગઈ કે પોતાનું લખેલું બધું જ ભૂલી ગયા હતા. એક પત્રમાં લખે છે: 'બનાવટ ના સમજજો. શે'ર લખવાની આદત હાથથી છૂટી ગઈ છે. પહેલાં લખેલાં કવન જોઇને હેરાન થઇને આશ્ચર્યમાં ડૂબી જાઉં છું કે મેં આ બધું કેવી રીતે લખ્યું! શે'ર લખવાની ચાલ ભૂલી ગયો છું.'

પત્ર લખવાની ઢબ પણ અનોખી. વર્ષાઋતુ આવી છે. વાદળાં છવાએલાં જ રહે છે. તડકો દેખાતો નથી. પણ આ સાદી વાતની રજૂઆત આમ: 'બારીશ કા હાલ મત પૂછો. આફતાબ બીજલી કી તરાહ કભી કભી દિખાઈ દેતા હય. રાત કો આસમાનમેં તારે દિખાઈ દેતે હય તો લોગ ઉન્કુ જૂગનુ (આગિયા) સમજતે હય.'

આટલી બધી કપરી જિંદગી ગાળનાર ગાલિબના શે'ર અંતે તો હતાશાની કાલિમા પર સોનેરી કિરણ સમાન છે. માણસને ખુદ્દારીના રસ્તા પર ચાલવાની હિંમત અર્પે છે. એ સ્વમાનની વ્યાખ્યા સમજાવે છે; 'આજનો લ્હાવો લીજીયે જી કાલ કોણે દીઠી છે'નો સંદેશ આપે છે.

અને... જમાનો અંગડાઇ લે, રાહ બદલે, મુરાદો બર આવે તે પહેલાં જ નશ્વર દેહ નિરાકાર થયો: ૧૮૬૯, ૧૫ ફેબ્રુઆરી.

# આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

## વ્ય. વિ.: રા. બ. રણછોડલાલ



વડોદરાના દીવાનના એક કારભારી અને પાછલાં વર્ષોમાં અમદાવાદ આવી રહેલા સાઠોદરા નાગર છોટાલાલને ત્યાં બે પુત્રીઓ પછી બહુ વર્ષે, ઈ. ૧૮૨૩ની ૨૯મી એપ્રિલે પુત્રજન્મ થયો. ગુજરાતના મિલઉદ્યોગના આદ્યસ્થાપક ને આજના અમદાવાદના દીર્ઘદ્રષ્ટા ઘડવૈયા તરીકે વિખ્યાત થનાર એ બાળક રણછોડલાલને ત્યારે સૌ લાડમાં બાપાભાઈ કહેતાં. એની સાત વર્ષની વયે હાથીઘોડાના ઠાઠ સાથે ખેડાના શિરસ્તેદાર બાપુજીની પુત્રી જેઠીબા સાથે એનું લગ્ન થયું. ખાનગી ગામઠી શાળામાં ભણતરનો પ્રારંભ કર્યો ને દસમા વર્ષથી ફારસી ને ચૌદમાથી અંગ્રેજીનો અભ્યાસ કરી ૨૦ વર્ષની વયે સરકારના કસ્ટમ ખાતામાં ૧૫ રૂપિયાના પગારે તે નોકરીએ ચડ્યા. આ પછી આપઆવડતથી ૨૮ની વયે રેવાકાંઠાના દફતરદાર થયા પછી ખટપટોને કારણે નોકરી છોડી દીધી.

હવે એમણે પ્રથમ ખાંડનાં કારખાનાં કરવા વિચાર્યું, પણ શેરડીના પાકની અનિશ્ચિતતાને કારણે એ માંડી વાળી ૧૮૫૨માં ભરૂચમાં સૂતર કાંતવાનું કારખાનું નાખ્યું. આ કારખાના માટે બળતણ મેળવવા સંશોધનાર્થે એક કંપની પણ સ્થાપી, પણ સરકારી પરવાનગી ન મળતાં એ આટોપી લીધી. કારીગરોની અણઆવડત અને મુખ્ય ઈજનેર સાથેના મતભેદને લીધે ભરૂચનું કારખાનું પણ બંધ કર્યું, ને પછી અમદાવાદમાં કાપડની મિલ કરવા દાદાભાઈ નવરોજી મારફત વિલાયતમાંથી યંત્રો ખરીદી મંગાવ્યાં. મુંબાઈ બંદરે ઊતરેલાં એ યંત્રો (ત્યારે રેલવે ન હોઇ) હોડીઓમાં ખંભાત લાવતાં માર્ગમાં ડૂબી ગયાં! ફરી નવાં યંત્રો મંગાવ્યાં ને ખંભાતથી ગાડામાર્ગે અમદાવાદ આણી ૧૮૬૧ના મેની ૩૦મી તારીખે ૬૩ કામદારો અને ૨૫૦૦ સ્પિન્ડલવાળી ગુજરાતની પ્રથમ મિલ 'અમદાવાદ કૉટન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ મિલ' ચાલુ કરી.


ઇ. ૧૮૬૯માં સરકારે એમને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સભાસદ નીમ્યા. ૧૮૮૪માં એના પ્રથમ અને કાયમી પ્રમુખ બન્યા પછી એમણે શહેરની ગંદકી દૂર કરવા સાથે અનેક વિરોધો સહીને પણ શહેરને પાણીના નળ અને ડ્રેનેજ લાઈન આપ્યાં. અપંગો અને અનાથ બાળકોને પોષવા એમણે ૧૮૭૦માં એક અનાથાશ્રમ સ્થાપ્યો. બજારમાં હટાણું કરવા આવતાજતા લોકોને પાણી પીવા માટે બજારમાં 'રણછોડલાલ ફુવારો' બનાવ્યો. ૧૮૭૯માં 'રણછોડલાલ ડિસ્પેન્સરી'ને '૮૯માં લેડી ડફરિન ફંડ દ્વારા 'વિક્ટોરિયા જ્યૂબિલી ઑસ્પિટલ' સ્થાપી. ગરીબ અને અશક્તોને ઘેરબેઠાં સારવાર મળે એ માટે 'રણછોડલાલ મેડિકલ હોમ રીલીફ ડિસ્પેન્સરી' અને આજુબાજુનાં ગામો માટે 'લૉર્ડ હૅરિસ ટ્રાવેલિંગ ડિસ્પેન્સરી' ચાલુ કરી. ૧૮૯૨માં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીને સાડા બાર હજારનું દાન તથા એક મકાન આપીને 'રા. બ. રણછોડલાલ છો. કન્યાશાળા' સ્થપાવી. 'વેદ સનાતન આર્યધર્મ સંરક્ષક સભા' પણ સ્થાપી ને ગુજરાત કૉલેજ માટે રજવાડાંમાંથી સારું ફંડ એકઠું કરી આપ્યું. પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે 'રા. બ. રણછોડલાલ છો. વિદ્યાલય' સ્થાપ્યું ને ગરીબ તથા લાયક વિદ્યાર્થીઓને મદદ આપવાની વ્યવસ્થા કરી. હુન્નરકળાના ઉત્તેજન માટે મુંબાઈના વિક્ટોરિયા જ્યૂબિલી ટેકનિકલ ઇન્સ્ટટ્યૂટમાં ભણવા જતા અમદાવાદના દરેક વિદ્યાર્થીને બબ્બે શિષ્યવૃત્તિઓ આપવાની વ્યવસ્થા પણ કરી.

એમની આવી અનેક જાહેર સેવાઓની કદરમાં સરકારે એમને લેજિસ્લેટિવ કાઉન્સિલમાં સભ્ય બનાવ્યા. આ પછી પણ તેમની એ સ્થાને ત્રણ વાર નિમણૂક થએલી. અમદાવાદના નાગરિકોએ પણ એમનું બહુમાન કરેલું ને મુંબાઈ સરકારે એમને સી. આઇ. ઇ.નો ખિતાબ આપેલો.

આ ધાર્મિક ને સૌજન્યશીલ ગરવા ગુજરાતીને બાળલગ્ન, મોટા જમણવારો ને બારમાના રિવાજો પ્રત્યે નફરત હતી. ૭૫ વર્ષની વય સુધી આંખ, દાંત ને કાનની સંપૂર્ણ તંદુરસ્તી ભોગવી ૧૮૯૮ની ૨૬ ઑક્ટોબરે તેઓ અવસાન પામ્યા.

## પ્રસંગવિશેષ: ઈસ્ટર આઇલૅન્ડની શોધ: ૬ એપ્રિલ ૧૭૨૨

ઈ. ૧૭૨૨ના એપ્રિલની ૬ તારીખે ત્રણ ડચ જહાજો પૅસિફિક મહાસાગરમાં, પેરૂના કિનારાથી ૨૦૦૦ માઈલ દૂર પશ્ચિમમાં એક અજાણ-અટૂલા ટાપુ પર આવી પહોંચ્યાં. ઈસ્ટરને દિવસે આ ટાપુ જડી આવેલો અટલે એને ઈસ્ટર આઈલન્ડ નામ અપાયું. એના પર પ્રથમ પગ મૂકનાર કાર્લ ફ્રેડરિક બૅરન્સની નોંધ પ્રમાણે એમણે બીજે દિવસે સવારે દરિયાકિનારાથી થોડે દૂર કેટલીક વિશાળકાય પ્રતિમાઓ સામે અગ્નિ પેટાવી ત્યાંના લોકોને સૂર્યપૂજા કરતા દૂરથી જોયા. લાંબાં નાક-કાન ને માથા પર વિશાળ લાલ મુકુટોવાળી એ વિશાળકાય પથ્થરમૂર્તિઓ જેટલી આશ્ચર્યજનક હતી એટલી જ રહસ્યમય પણ હતી ઈ. ૧૭૭૪માં કૅપ્ટન જેમ્સ કૂક દક્ષિણ સાગરોની પોતાની બીજી સફરમાં અહીં આવી ચડેલો ત્યારે એની સાથેના વિલિયમ હોજે એ પ્રતિમાઓનું આ (સાથેનું) ચિત્ર આલેખ્યું હતું. સમય જતાં આ બધી પ્રતિમાઓ તૂટી પડી હતી જેમાંની એક ઈ. ૧૯૫૬માં ફરી ઊભી કરવામાં આવી છે. ◖ નજીકમાં નજીકની માનવવસતિથી ૧૬૦૦ માઈલ દૂર પૂર્વમાં આ એકલ-અટૂલા ખડકાળ ટાપુ પર વસનારી એ મૂળ પ્રજા ક્યારે ને ક્યાંથી આવી હશે, એમના દ્વારા 'પૃથ્વીની નાભિ'ને નામે ઓળખાતા એ ટાપુ પર આવી ગંજાવર પ્રતિમાઓ કઈ રીતે અને શા માટે સર્જાઈ હશે, એ અત્યાર સુધી વણઊકલ્યા પ્રશ્નો હતા. પરંતુ આ સદીમાં થએલાં છેલ્લાં સંશોધનો પ્રમાણે મનાય છે કે એ લોકો પેરૂ તરફથી આવ્યા હશે અને એ સમયે આ ટાપુ પર વનસ્પતિ ને પાણી પૂરતાં હશે. એ પ્રજા અચૂક સુસંસ્કૃત હતી એટલું જ નહિ પણ સૂર્યની સાથે સંકળાએલું એમનું જ્ઞાન અને સંસ્કૃતિ પણ સુવિકસિત હતાં. ઈ. ૧૧૦૦ના અરસામાં એ સંસ્કૃતિ નાશ પામ્યા પછી એનો પુનર્વિકાસ પણ થયો હતો.




**પડયો જગખીણે તું માનવહીરો ભલે આજ હો,**
**જરૂર તવ તેજથી દિવસ કો થશે ઊજળો.**

—સ્નેહરશ્મિ

જાણીતા ઇતિહાસકાર સર વિન્સેન્ટ સ્મિથ આગ્રાના કમિશનર હતા ત્યારે એક દિવસ ઈટાવાની મુલાકાતમાં ત્યાંના બ્રાહ્મણ કલેક્ટરે એમના માનમાં યોજેલા ભોજનસમારંભમાં બીફ (ગોમાંસ)ની વાનગી પણ બનાવડાવેલી. સ્મિથે એ ખસેડીને કહ્યું: 'આ મને ભાવતું નથી એમ નહિ; પણ જે દેશની અધિકાંશ જનતા ધાર્મિક લાગણીથી એનું સેવન કરતી નથી, એ દેશમાં રહું ત્યાં સુધી ત્યાંની જનતાની ભાવનાનો આદર મારે કરવો જોઈએ.'

ગણિતગમ્મત: તમારા મિત્રની ઉમર પણ કહી દો ને સાથોસાથ તેના ગજવામાં સિક્કા કેટલા છે તે પણ તમે આપમેળે કહી દો એવી આ ગણિતી યુક્તિ છે. તમારા મિત્રને તેની ઉમર કાગળ ઉપર લખવા કહો. પછી તેને બેવડા કરાવીને અંદર પાંચ ઉમેરાવો. જે આવે તેને ૫૦ વડે ગુણાવો, અને આવે તે ગુણાકારમાંથી એક વરસના દિવસનો આંક ૩૬૫ બાદ કરાવો. હવે તેના ગજવામાં જેટલા સિક્કા હોય તેટલી રકમ (તમને કહ્યા વગર) એ બાદબાકીમાં ઉમેરાવો, ને પછી તેમાં ૧૧૫ ઉમેરાવો. એ રીતે જે સરવાળો આવે તે પૂછી જુઓ. તેના પહેલા બે આંકડાથી થતી સંખ્યા તેની ઉમરની હશે, ને બાકીની સંખ્યા તેના ગજવામાંના સિક્કાઓની!



અઢાર ઇંચ લાંબા, અઢાર ઇંચ પહોળા ને ૦।। ઇંચ જાડા લાકડાના પાટિયાના એક ટુકડામાંથી ઉપલા ચિત્રમાં આલેખ્યા પ્રમાણે ચાર ટુકડા પાડો. પછી એ ટુકડાઓને કાળા ભાગ પ્રમાણે કોતરી કાઢો. હવે ૧૮×૪વાળા ટુકડાને મથાળે કોઈ સારું સૂત્ર સુંદર અક્ષરે લખી, એક ઈંચ લાંબા દસ સ્ક્રૂથી બીજા ચિત્રમાં તૈયાર બતાવ્યા પ્રમાણે બધા સાંધા જોડી દઈને એક આદર્શ બુકસ્ટૅન્ડ તૈયાર કરી લો.




જલિયાંવાલા બાગના હત્યાકાંડના આ મહિને આવેલી અર્ધ શતાબ્દી નિમિત્તની આ ખાસ ટિકિટ પર જમણી બાજુ ગોળીના નિશાનવાળી બાગની દીવાલ અને ડાબી બાજુ એ ગોઝારા બનાવના સ્મારકનું આલેખન છે.



આ અંકમાં જેમનું ચરિત્ર આપ્યું છે તે ઉર્દૂના મહાકવિ અસદુલ્લાખાં 'ગાલિબ'ના નામનું સીલ. (મહોર-સિક્કો)



મધ્ય અમેરિકામાં વિકસેલી પ્રાચીન 'ઈન્કા' સંસ્કૃતિનું (જુઓ: આ અંકમાં અંતરગઠરી) ધૂપદાન. પોચા પથ્થરના આ પાત્રને આલ્પાકા પ્રાણીનો આકાર અપાયો છે. માત્ર ધાર્મિક ક્રિયાઓમાં જ એનો ઉપયોગ થતો.

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૧૪૭થી

**જીવનવલટો**: સ્ત્રીઓને પોતાની શક્તિની પહેચાન આપતી અગિયાર બોધક કથાઓ; લેખક: યુ. એન. દર્શનદાસ; પૃ. ૯૪, કાચું પૂઠું, કિ. ૨-૦૦. પ્રકાશક: ઉપર મુજબ.

**ભિન્ન હૃદય**: અભેસિંહ પરમારની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પ્રકાશક: સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭ મોટી દેસાઈ પોળ, સૂરત. પૃ. ૧૮૬. પાકું પૂઠું. રૂા. ૫-૦૦.

**શેક્સપીઅરની વાર્તાઓ**: વેનિસનો વેપારી, રાજા લીઅર, ચમત્કારવિના નમસ્કાર નહિ, સિમ્બેલીન. ડૉ. મધુસૂદન પારેખે કરેલાં ચાર સરળ વાર્તાંતરો. પ્રકાશક: ગુજ૦ રાજ્ય સમાજ શિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સૂરત. પૃ. ૪૮, કાચું પૂઠું. કિ. ૫૦ પૈસા.

**રત્નકણિકા યાને મારા** (=વૈદ્ય માધવપ્રસાદ નારાયણશંકર શાસ્ત્રીના) **અનુભવોની નોંધ**: પચાસેક જેટલા સામાન્ય વ્યાધિના આયુર્વેદિક ઉપચાર સૂચવતી ૬૪ પાનાંની ઉપયોગી પુસ્તિકા. પ્ર. 'ગંગાજળ', વિશ્વ વાત્સલ્ય સમિતિ, પટેલ સ્ટ્રીટ, ઈસનપુર, પો. વટવા, જિ. અમદાવાદ. કિ. શુભેચ્છા.

**નજાકત**: લગભગ ચુંમાળીસ કવિઓની હૃદયરંજક કાવ્ય કૃતિઓનું સંપાદન; પ્રકાશક: અંબાલાલ 'ડાયર'; ૨૭૧૩ રાયપુર, અમદાવાદ-૧; પૃ. ૫૬, કાચું પૂઠું, રૂા. ૧-૨૫.

**ખ્રિસ્ત ધર્મસાર**: બાઈબલના ઉત્તરાર્ધમાંથી વિનોબાજીએ કરેલ ચયન અને સંપાદન; પૃ. ૧૭૪, કાચું પૂઠું, રૂા. ૨-૦૦; **આચાર્ય કુલ**: વિનોબાજીના શિક્ષણ અંગેના વિચારો; પૃ. ૫૦, કાચું પૂઠું, ૦-૫૦ પૈસા; બંનેના પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા-૧.

**ધીમે પ્રિયે**: 'કુમાર'ના પરિચિત નાનાલાલ જોષીની પદર હૃદયસ્પર્શી ટૂંકી વાર્તાઓ; પ્રકાશક: સુમન પ્રકાશન, ૮૬ ડામર ગલી, મુંબાઇ-૯; પૃ. ૨૪૦, પાકું પૂઠું. રૂા. ૬-૨૫.

**શ્રેયસી**: વૈદ્ય લાભશંકર ઠાકર સંપાદિત આયુર્વેદ વિષયક અને સામાન્ય સ્વાસ્થ્યદર્શક એક ઉપયોગી માસિક. પ્રકાશક: સુભાષ જે ઠાકર; શ્રેયસ, બાલાહનુમાનસામે, ગાંધીરોડ, અમદાવાદ-૧. વાર્ષિક લવાજમ રૂ. ૨-૫૦.

**સમુદ્રના દ્વીપ**: કિશનસિંહ ચાવડાના હૃદયને રમાડતી ભાષામાં લખાએલા ચિંતન-મનનના લેખો; રવાણી પ્રકાશનગૃહ, ટિળક માર્ગ અમદાવાદ-૧. પૃ. ૧૯૦, રૂ. ૫.

**અભિનવ ડિઝાઇન**: ડ્રૉઇંગ ગ્રેડ તથા એસ. એસ. સી.ના વિદ્યાર્થીઓને દૃષ્ટિ સમક્ષ રાખી તૈયાર કરેલાં ભાતચિત્રોની સહાયકારી પુસ્તિકા. આયોજકો: કનુભાઈનાયક, પ્રવીણભાઈ મહેતા, કનુભાઇ પંચાલ; પ્રકાશક: જમનાદાસ ઍન્ડ સન્સ, ૧૨૯૭/૧૭૬ રીલીફ રોડ, અમદાવાદ-૧; કાચુ પૂઠું. કિ. ૧-૬૦.

**કક્કાવાચન**: જાણીતા ચિત્રકાર 'ચંદ્ર'ની પીછીથી તૈયાર થએલી પૂર્ણરંગી પુસ્તિકા; પ્રકાશક: અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું. કિ. ૦-૫૦.

**ત્રણ ભૂંડ નાનાં નાનાં અને અલ્લાઉદ્દીન અને જાદુઇ દીવો**: દ્વિરંગી ચિત્રકથાની બે બાલભોગ્ય પુસ્તિકાઓ. દરેકના ૭૫ પૈસા.

## આચાર્ય રજનીશનાં પુસ્તકો

ક્રાંતિબીજ: આચાર્ય રજનીશના ૧૨૦ પત્રો. પૃ. ૧૭૭, પાકું પૂઠું, ૨-૫૦.

સિંહનાદ: મુંબાઈમાં આપેલા એક વ્યાખ્યાનનું પરિવર્ધિતરૂપ પૃ. ૭૯, કાચું પૂઠું, કિ. ૧-૫૦.

सूर्यकी और उडान: રજનીશજીનું એક પ્રવચન. પૃ. ૬૫, કાચું પૂઠું, રૂા. ૧-૦૦.

**સાધનાપથ**: ધર્મ અને જાતિ વિષેની વિચારણાને વ્યક્ત કરતી પુસ્તિકા. (બીજી આવૃત્તિ); ગુજરાતીમાં અનુવાદક: દુર્લભજી ખેતાણી; પૃ. ૧૩૧, કાચું પૂઠું, રૂા. ૨-૦૦.

આ ચારે પુસ્તિકાના પ્રકાશક: રમણલાલ સી. શાહ, જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫ કાલબાદેવી રોડ, મુંબાઈ-૨.

**અજાતશત્રુ હરિલાલ પારેખ**: ખડાયતા જ્ઞાતિના એક ખ્યાતનામ સેવાભાવી વકીલની જીવનકથા. લે. અં. નુ. શાહ. પ્ર. ચિમનલાલ ચુનીલાલ પરીખ, લૉ કૉલેજ પાછળ, અમદાવાદ-૬. પૃ. ૧૪૮, પાકું પૂઠું, રૂ. ૨-૫૦.

**રામરોટી-૩**: ગુજરાતના હળવા સાહિત્યના ગણ્યાંગાંઠ્યા લેખકો પૈકી એક ઓછા જાણીતા પણ શક્તિશાળી લેખક નટવરલાલ બુચના હળવા આસ્વાદ્ય લેખોનો ત્રીજો સંગ્રહ. પૃ. ૨૦૫ પાના પરના વિસ્તૃત ગદ્ય પછી સંગ્રહને છેડે ૨૦૮ થી ૨૪૭ પાનામાં મૂકેલી, આપણા સાહિત્યમાં જે નહિવત્ છે તે, હળવી પદ્યરચનાઓ લેખકની શક્તિનો અચ્છો પરિચય આપે છે. પ્રકાશક: સંસ્કાર સાહિત્ય-મંદિર; પો. બૉ. નં. ૩૪, ભાવનગર; કુલ પૃ. ૨૪૭, પાકું પૂઠું. રૂ. ૫-૫૦.

**અનોખી ઈઝરાયલ પ્રજાના ભૂત**, વર્તમાન અને ભાવિ વિષે સારી માહિતી આપતી ૧૩૦ પાનાંની સચિત્ર પુસ્તિકા: (બીજી આવૃત્તિ). લેખક: રેવ૦ જયાનંદ આઈ. ચૌહાન. પ્રકાશક: પુરાવિદ્યા પ્રકાશન મંદિર, અમદાવાદ. કાચું પૂઠું, ૧-૦૦.

**બાનો ભીખુ**: મૂળ 'જ્વાળા અને જ્યોત' નામે પ્રકટ થએલી એક કિશોરની આંતરયાત્રાની આ સંવર્ધિત નવી આવૃત્તિ વિદ્યાર્થીઓ માટે એક સારું પથ્ય વાચન પૂરું પાડે એવી છે. લેખક: ચંદ્રકાન્ત જે. પંડયા. પ્રકાશક: જે. ગોવિંદ પબ્લિશર્સ, જૂના થાણા, નવસારી. પૃ ૨૧૨, પાકું પૂઠું, ૪-૫૦.

**પાણીમાં આગ**: પ્રવીણ જોષીની એક નવલકથા. પ્રકાશક: આરાધના પ્રકાશન, ૧૩૯, સરદારનગર, છાણી રોડ, વડોદરા-૨. પૃ. ૧૭૨ પાકું પૂઠું. રૂા. ૬-૫૦.

**ગાંધીજીવન** (૪): છ ભાગના એક મહાકાવ્યનો ૪થો ભાગ. લેખક: રતિલાલ અધ્વર્યુ. પ્રકાશક: મહેન્દ્ર અધ્વર્યુ, 'સંસ્કાર', ૩ દત્ત સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ-૭. પૃ. ૨૩૮, કાચું પૂઠું રૂ. ૪-૦૦.

**ઈંજન**: કાવ્યસંગ્રહ; રચયિતા અને પ્રકાશક: હિંમત ખાટસૂરિયા. મોતીગરની માંડવી, રાણિકા, ભાવનગર. પૃ. ૬૨ કાચું પૂઠું ૨-૦૦.


**પંચામૃત**: સર્વશ્રી ડોંગરેજી, મુનિચંદ્રપ્રભસાગરજી, કૃષ્ણશંકર શાસ્ત્રીજી, પાંડુરંગશાસ્ત્રીજીને સીતારામ શાસ્ત્રીજીનાં પ્રવચનોમાંથી ઝીલી લીધેલાં વચનામૃતોનું સંપાદન. કરનાર 'નિમિત્ત માત્ર'. પ્રકાશક: સદ્વિચારપરિવાર, ભૂદરદાસ ભવન, દરિયાપુર ટાવર પાછળ, અમદાવાદ-૧. પૃ. ૮૪, કાચું પૂઠું, ૫૦ પૈસા.

**નાનક અને નાની**: પાળેલાં કાગડા-કાગડીની જોડીના જીવનવ્યવહારની બાળસુલભ ને માહિતીપ્રદ કથા. લેખક: વજુભાઈ વ્યાસ. પ્રકાશક: વત્સલ પ્રકાશન, વાત્સલ્યધામ, મઢી, જિ. સૂરત. પૃ. ૪૮, કાચું પૂઠું, ૮૦ પૈસા.

**રેલના રણશૂરાઓ**: નર્મદા-તાપીનાં છેલ્લાં પૂરે સર્જેલી હોનારત અને તેની સામે ઝઝૂમેલી પ્રજાનું વિગતવાર આલેખન કરતી પુસ્તિકા. શાંતિભાઈ દામકાકર. પ્રકાશક: સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭ મોટી દેસાઇપોળ, સૂરત. પૃ. ૧૦૪, કાચું પૂઠું, રૂ. ૧.

**ભારત અને રાજ્યો** વિષેની વિગતવાર માહિતી આપતી એક સચિત્ર ઉપયોગી પુસ્તિકા. લેખક: બંસીધર શુક્લ; પ્રકાશક: શુક્લ બ્રધર્સ, પુરાણી નિવાસ. મણિનગર, અમદાવાદ-૮ પૃ. ૧૫૨. કાચું પૂઠું. રૂા. ૧-૫૦.

**આયોજન અને આર્થિક વિકાસ**: વિકાસોન્મુખ અર્થકારણની બુનિયાદી સમસ્યાઓની દૃષ્ટિસંપન્ન અને શાસ્ત્રીય છણાવટ; લેખક: જિતેન્દ્ર ધોળકિયા. પ્રકાશક: ભારતીય જ્ઞાનકેન્દ્ર, અમદાવાદ મુખ્ય વિક્રેતા: બાલગોવિંદ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૧૧૨, કાચું પૂઠું રૂ. ૫-૦૦.





આ અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આપ્યો છે તે.
પ્રતાપસિંહ જાડેજાની ચિત્રકૃતિઓ
૧ ગામડાની શેરી
૨ વાટ મારગમાં
૩ અશોકવાટિકામાં સીતા
૪ સ્નાન











## બે જગત : ફોટોકલાકાર અશ્વિન મહેતા

આ માસમાં મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં 'કુમાર'ના સુપરિચિત ફોટોકલાકાર શ્રી અશ્વિન મહેતાનાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન 'ધ સિંગલ આઈ, એ સેકન્ડ મૉર્નિંગ' એ નામથી યોજાયું હતું. એમાં મુકાએલાં ચિત્રો, માનવપાત્ર વિનાનાં અને માત્ર ભૂમિ, સાગર ને આકાશને આવરતાં દશ્યોની રજૂઆત ઉપરાંત પણ જે કંઈક કહે છે એ જ આ ફોટોપ્રદર્શનનો મુખ્ય સૂર છે. પોતે જે કંઈ જોયું એના પ્રતિભાવોનું સભાન આરોપણ કરીને આ ફોટોચિત્રો પર પોતાના વ્યક્તિત્વની છાપ મારવાને બદલે એમણે કૅમેરાને જાણે કુદરતના ખોળે રમવા મૂકી દીધો છે, અને પરિણામે આપણી આગળ બે જગત રજૂ થાય છે : એક આ ચિત્રો આંખને આનંદ આપે છે તે; અને બીજું આપણામાં તે જે અનુભૂતિ જગાડીને ચિરસ્મરણીય આનંદ આપે છે તે. ◨ કોઈ સરોવરના અતલ ઊંડાણે મૃદુ-ગંભીર સ્વરે ધીરેધીરે ગવાતા સંધ્યાના છેલ્લા કિરણનાં ગાન જેવાં આ ચિત્રોમાં જળ-સ્થળ ને આકાશ, એમના કૅમેરાની ઝબકતી આંખની દૃષ્ટિ માટે જાણે થંભી ગયાં છે. એ દૃષ્ટિમાં પ્રેમ-પક્ષપાત કે ઘૃણા-ઉપેક્ષા કશું નથી. અને એટલે એને આ બધું સાચા સ્વરૂપે દેખાય છે. એની પ્લેટ પર પછી અંધકાર અને સમયની પીંછી ફરતાં જે આગવી અનુભૂતિ પ્રકટ થાય છે તેમાં આનંદ ને સંતાપ તથા ગાન યા મૌન મૂર્તિમંત થતાં લાગે છે.